શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૬મું
જાન્યુઆરી : ૨૦૨૩ ● અંક : ૭
પાના નં. ૧

૧૫ જાન્યુઆરી, ૨૦૨૩ | પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૧-૨૦૨૩ | કિંમત : રૂા. ૧૮/-



ભારતના ક્રાંતિકારી
એક મરદ વાણિયો - નામે લાલજી (લાલા લજપતરાય)

મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com
Website : www.kutchisamajahmedabad.org.

તંત્રી મંડળ :
અશોક મહેતા (મુખ્ય તંત્રી)
હિમાંશુભાઈ ઠક્કર

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

કચ્છ શ્રુતિને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

## હાર્દિક શુભેચ્છાઓ

સાચા મિત્રોના હાથ પર ક્યારેય
ફ્રેંડશિપ બેલ્ટ નથી હોતા
મિત્રતાના દિવસ નહિ,
પણ દાયકાઓ હોય છે.

મિત્રતા હોય તો સુદામા - કૃષ્ણ
જેવી હોવી જોઈએ સાહેબ
એક કશું માંગતો નથી,
એક બધું જ
આપીને જણાવતો નથી.

**સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર**

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ







**Dr. Dhiren Shah**
Director and consultant
Cardiac surgeon and
Cheif Heart Transplant
Surgeon,
Cims Hospital

**ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ**

● પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
● GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન. ● સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કોર્ડિયો થોરાસિસ સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોકાઈનોલોજી
- ઈએનટી
- ફેમિલી મેડિસીન
- ફીઓટલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઈન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિકસ
- ગાયનેકોલોજી, એબ્સ્ટ્રેટીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઈન્ફેકશન એન્ડ આઈવીએફ ડિસીઝ
- ઈન્ટરનલ મેડીસીન
- જોયન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનટોલોજી એન્ડ પીડિયાટ્રીકસ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીકસ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્કયુલર સર્જરી



**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.**

**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટેર એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) ટૂક સમયમાં કરવામાં આવ્યા છે.**

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH ER | Ethics Committee | NABL | ACC | GreenOT

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

**એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000**

www.facebook.com/cimshospitals (Follow our facebook page for daily medical updates in English, Hindi & Gujarati)

www.cims.org


CIMS Hospital India App on:

રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા

# યોગાસન

## યોગાસન – પ્રાણાયામ કરો અને નીરોગી રહો

**ડૉ. પી. ડી. શર્મા**




આ પુસ્તકની વિશિષ્ટતાઓ :

- સુંદર ચિત્રો અને સરળ ભાષા દ્વારા **યોગાસનો** કરવાની સુસ્પષ્ટ સમજણ. કોઈ પણ ગુરુના માર્ગદર્શન વિના પણ, આ પુસ્તકની મદદથી તમે યોગાસનો અને પ્રાણાયામ સચોટ રીતે કરી શકશો.
- સુંદર ચિત્રો અને સરળ ભાષામાં **પ્રાણાયામ** કરવાની સ્પષ્ટ સમજણ.
- સરળ ભાષામાં ચિત્રો સાથે **સૂર્યનમસ્કાર**ની સ્પષ્ટ સમજણ.
- કયા રોગો દૂર કરવા માટે કયાં કયાં આસનો ઉપયોગી થાય તે અંગેની તાલિકા.
- સુંદર, ક્ષતિરહિત મુદ્રણ અને વાજબી કિંમત.
- શુભ પ્રસંગોએ ભેટ તરીકે આપવા માટે.

આપણા ઋષિમુનિઓએ યોગનાં આઠ અંગો – સોપાનો કહ્યાં છે : યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. યમ અને નિયમનું પાલન કરી આસનોની સાધના કરવાથી શરીરની નાડીઓની શુદ્ધિ, સ્વાસ્થ્યવૃદ્ધિ અને મનઃસ્ફૂર્તિ પ્રાપ્ત થાય છે. સર્વે યોગાસનોમાં પ્રાણાયામનું મહત્ત્વ અતિવિશેષ મનાયું છે. યોગાસનોનો અભ્યાસ પ્રાણાયામ વગર અધૂરો ગણાય છે.

આ બાબતને ધ્યાનમાં રાખીને આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં સરળ ભાષા અને યોગાસનોનાં સુરેખ ચિત્રો વડે યોગાસન તથા પ્રાણાયામની મદદ વડે શરીરને નીરોગી શી રીતે રાખી શકાય તે સમજાવવામાં આવ્યું છે. શરીરને નીરોગી અને સ્ફૂર્તિલું રાખવા યોગાસનો જરૂરી છે અને યોગાસનો સહેલાઈથી શીખવા માટે આ પુસ્તક જરૂરી છે.

NAVNEET®

**નવનીત એજ્યુકેશન લિમિટેડ**

Like us on /navneet.india | www.navneet.com

**દરેક બુકસેલરને ત્યાં મળે છે.**

**વર્ષ-૩૬ ● અંક – ૭**
**૧૫ જાન્યુઆરી, ૨૦૨૩**

**● માનદ્ સલાહકાર ●**
શ્રી હંસરાજ કંસારા

**● તંત્રી મંડળ ●**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯/૯૮૭૯૦ ૬૩૧૦૦

**હિમાંશુભાઈ ઠક્કર**
મો. ૯૮૭૯૩ ૦૧૦૦૪

❖

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર,
કોચરબ આશ્રમની સામે,
એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com

❖

'Kutch-Shruti' Available on
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

❖

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

*ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ – અમદાવાદ'ના નામનો મોકલવો.*


*'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી.*
*- મુખ્ય તંત્રી*

## આ અંકમાં....


**તંત્રી લેખ**
- વર્ષ ૨૦૨૩ના આગમન સમયે ........ **અશોક મહેતા**....૭

**પ્રેરણાત્મક વિચારણા**
- મણકો-૧૩ : સંબંધો ઊભા કરો, બીજાને મદદ કરો અને મદદ કરનારાઓને યાદ રાખો ........ **પ્રવીણચંદ્ર ઠક્કર**....૮

**ક્રાંતિ કથા**
- ભારતના ક્રાંતિકારીઓની ક્રાંતિકથા ચરણ-૧૪ : એક મરદ વાણિયો – નામે લાલજી (લાલા લજપતરાય) ..... **પારસ દવે - નડિયાદ**....૯

**ગાંધીજી નિર્વાણ દિન**
- ગાંધીજીના મૃત્યુના – ૩૦ જાન્યુઆરીના દિવસે શું થયું હતું?... **ડૉ. મિહિર એમ. વોરા**....૧૦
- ગાંધીજીની સ્મૃતિ સાચવતાં કચ્છનાં સ્થાનકો ........ **સંજય પી. ઠાકર**....૧૨
- મહાત્મા ગાંધીજીની પુણ્યતિથિના ૭૫ વર્ષ ........ **ડૉ. મિહિર એમ. વોરા**....૧૫

**ભૂકંપ**
- ભૂકંપ ૨૦૦૧ ........ **ડૉ. મિહિર એમ. વોરા**....૧૯

**કચ્છ**
- કચ્છી ભાષા માટે યથાર્થ કારણો ........ **ડૉ. ચંદ્રકાંત ત્રિવેદી**....૨૦
- મોજીલું... ઉત્સાહથી છલકતું નગર – ભુજ ........ **દીપક માંકડ**....૨૧

**G-૨૦**
- G-૨૦ના પ્રમુખપદે ભારત ........ **વનરાજસિંહ જાડેજા**....૨૨

**પુણ્યતિથિ**
- વીતેલા જમાનાનાં કચ્છના લોકનેતા દિવંગત શ્રી પ્રેમજીભાઈ ભવાનજી ઠક્કરની ૪૭મી પુણ્યતિથિએ........ **મધુકર ઠક્કર**...૨૫

**વ્યક્તિ વિશેષ**
- ભુજપુરના કવિ : ઓસમાન સાટી ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર**....૨૭
- શીતલ નીસર ........ ....૨૯

**રહસ્યમય જગત**
- આપણી આસપાસનું રહસ્યસભર રસમય જગત ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**....૩૦

**જીભ**
- જીભ મારે પણ અને તારે પણ ........ **ડૉ. કાંતિ ગોર 'કારણ'**....૩૧

**નીતિ - અનીતિ**
- શું જિંદગી નીતિથી જીવી શકાય? ........ **ડૉ. કમલેશ એન. શાહ**....૩૩

**સામાજિક**
- મારા કચ્છ કડવા પાટીદાર સમાજના ગૌરવવંતા રીત રિવાજો ......... **પારૂલ આર. પટેલ**....૩૪

**તંદુરસ્તી**
- માનસિક બીમારીઓ વિશે પ્રવર્તતી ગેરસમજ અને વૈજ્ઞાનિક સત્ય : ભાગ-૧ ........ **ડૉ. મણિલાલ ગડા/ડૉ. દિપ્તી શાહ (ગડા)**....૩૬
- તમામને આરોગ્ય દિવસની શુભ કામનાઓ ........ ....૩૮
- **બૃહદ્ કચ્છ ........ સંકલન : ચૌલા કુરૂવા**....૩૯
- **માતૃભૂમિ કચ્છના સમાચાર ........ સંકલન : ચૌલા કુરૂવા**....૪૧
- **વિજ્ઞાન જગત / માહિતી જગત ......... સંકલન : રસીકલાલ ખીમજી મહેતા**....૪૫
- **અન્ય સંસ્થાઓના સમાચાર ........** ....૪૭

**સંસ્થા સમાચાર**
- નવનીત એજ્યુકેશન્સ લિમિટેડના ડાયરેક્ટર શ્રી શાંતિલાલભાઈ ગાલાની વિદાયના સમયે તેમને શ્રદ્ધાંજલી....૫૦
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન ........ ....૫૧
- જાહેર જનતાના ઉપયોગ માટે મોર્ગ્યુ ફ્રીઝર (શબ પેટી)નું ડોનેશન ........ ....૫૨
- શુભ લગ્ન ● અવસાન નોંધ ........ ....૫૨

# ૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા





આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

## ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

## S.S.C. - H.S.C.

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

એન્જીનીયરીંગ ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

**ડીપ્લોમા એન્જી. થઈ શકો છો.**
**સરકાર માન્ય તેમજ ખાનગી**

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

# ડી. એન. પોલીટેકનીક

સંપર્ક :
પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦
રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧
નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫
મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦
મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯
દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

તંત્રીલેખ

# વર્ષ ૨૦૨૩ના આગમન સમયે



અશોક મહેતા

*વર્ષ ૨૦૨૨ની વિદાય સાથે વર્ષ ૨૦૨૩ના આગમનને આપણે સહુ સત્કારીએ.*

*વર્ષ ૨૦૨૨ની શરૂઆતમાં જ કોરોનાકાળે ભારતમાંથી લગભગ વિદાય લઈ ચૂકેલ હોવાથી અહીંનું જીવન રાબેતા મુજબ ક્રમબધ્ધ ચાલવા લાગેલ છે. આશા રાખવામાં આવે છે કે વર્ષ ૨૦૨૩માં દરેક ક્ષેત્રે ભારતીય પ્રજાજન સારી એવી પ્રગતિ હાંસલ કરી શકશે.*

*વર્ષ ૨૦૨૩ના જાન્યુઆરી મહિનામાં જ ઉત્તરાયણના પતંગોત્સવનો ઉત્સાહજનક પ્રસંગ અને ૨૬ જાન્યુઆરીનો ગણતંત્ર દિવસ સારી રીતે ઉજવવામાં આવશે. જ્યારે અન્ય તરફ વર્ષ ૨૦૦૧ના ૨૬ જાન્યુઆરીના રોજનો કચ્છનો ભૂકંપ અને ૩૦ જાન્યુઆરીના મહાત્મા ગાંધીજીના નિર્વાણનો દિવસ ગ્લાનિ પેદા કરી શકશે.*

*G-૨૦ના દેશોની ફેબ્રુઆરીમાં ધોરડો - કચ્છના રણમાં ગોઠવવામાં આવેલ પરિષદના કારણે કચ્છનું નામ સમગ્ર ભારતમાં ગાજતું થશે.*

*શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ"માં જે મહાનુભાવોએ વર્ષ ૨૦૨૨માં પોતાના વ્યવસાયની જાહેરાતો આપી 'કચ્છશ્રુતિ'ને નિયમિતપણે પ્રસારીત કરવામાં જે સહકાર આપેલ હતો તેમાંના લગભગ બધા જ મહાનુભાવોએ વર્ષ ૨૦૨૩માં પોતાનો સહકાર ચાલુ રાખેલ છે તે બદલ એ સહુ આપ્તજનોનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે. સાથે સાથે વર્ષ ૨૦૨૩માં જે અન્ય મહાનુભાવોએ પોતાના વ્યવસાયની જે નાની-મોટી જાહેરાતો આપી શ્રી કચ્છી સમાજ - અમદાવાદને સહકાર આપેલ છે તે બદલ તેઓશ્રીનો પણ ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે.*

*અમદાવાદ સ્થિત કચ્છના જ્ઞાતિગત સમાજો કે જેમની સંખ્યા ૩૦થી પણ વધુની સંખ્યામાં છે, તેઓ સહુ આવતા વર્ષોમાં પોતાના સેવાકીય ક્ષેત્રનો પરિઘ વિસ્તારતા રહે તેવી અભિલાષા.*

*વર્ષ ૨૦૨૩ની શરૂઆતમાં અમદાવાદ સ્થિત શ્રી મનીષભાઈ પ્રધાનભાઈ ભાનુશાલીએ તેમના માતુશ્રી લીલાવંતીબેનના મોક્ષાર્થે અમદાવાદની સમગ્ર જનતાના ઉપયોગ માટે એક મોર્ગ્યુ ફ્રીઝર (શબ પેટી) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને તેના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ભેટ આપી એક અનુમોદનીય કૃત્ય કરવા બદલ તેમના પરિવારની સરાહના કરીએ.*

***૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,***
***બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૯૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦***

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે


| | |
|---|---|
| નામ / **Name** | : શ્રી કચ્છી સમાજ — અમદાવાદ / **Shri Kacchhi Samaj – Ahmedabad.** |
| બેંક | : ભારતીય સ્ટેટ બેંક, પાલડી, અમદાવાદ. |
| **Bank** | : **State Bank of India, Paldi, Ahmedabad (05306)** |
| **A/C No. :** | : **10011315039 • IFS Code : SBIN0005306 SWIFT** |

સમાજ કાર્યાલય વોટ્સઅપ નંબર : ૯૮૭૯૦ ૬૩૧૦૦

***શિખામણ એ 'સત્ય' છે કે જેને લોકો ક્યારેય ધ્યાનથી નથી સાંભળતા અને વખાણ એ એવો 'દગો' છે કે જેને લોકો સંપૂર્ણ ધ્યાનથી સાંભળે છે.***

# પ્રેરણાત્મક વિચારયાત્રા

## મણકો-૧૩ : સંબંધો ઊભા કરો, બીજાને મદદ કરો અને મદદ કરનારાઓને યાદ રાખો



પ્રવીણચંદ્ર ઠક્કર

આપણી જિંદગી એક થિયેટર છે. આ થિયેટર ઉપર સરસ મજાનાં કલાપૂર્ણ નાટકો ભજવવાનાં છે. ત્યારે આપણા થિયેટરની આગલી હરોળમાં કોણ બેસશે અને પાછલી હરોળમાં કોને રાખવાના છે તે વ્યક્તિએ જ નક્કી કરવાનું છે. તમારી આસપાસ કોને રાખવા કે ન રાખવા તેની પસંદગી બીજાને સોંપવાની નથી. તેમાં જો શરતચૂક થઇ તો તમારાં સ્વપ્ન, ધ્યેય રોળાઈ જશે.

આ દૃષ્ટિએ જ તમારા જીવનસાથી અને નજીકના મિત્રોની પસંદગી કરવાની છે. વ્યક્તિએ સંબંધોની એક જાળ (Web of Relationship) ઊભી કરવાની છે. વર્તનશાસ્ત્રી પ્રો. સ્ટીફન રોબિન્સના મતે વ્યક્તિએ સફળ બનવા માટે સંબંધોનું નેટવર્ક ઊભું કરવું આવશ્યક છે. સંબંધો દ્વારા તમે સમૃદ્ધ, હર્યાભર્યા થઈ શકો છો. મિત્રતા આપણા ધંધાના ભાગીદારની જેમ જીવનની ભાગીદાર છે જે કોઈ હકદાવો કરતી નથી પણ પરસ્પર મદદ કરે છે, ઉત્તમોત્તમ આપવાનો પ્રયત્ન કરે છે. અમેરિકન રાષ્ટ્રપતિ રૂઝવેલ્ટ જ્યારે હાર્વર્ડ યુનિવર્સિટીમાં વિદ્યાર્થી હતા ત્યારે તેમણે અનેક સાચા મિત્રો બનાવ્યા હતા, જેમણે તેમને રાષ્ટ્રપતિના પદ સુધી પહોંચાડવા ખૂબ મદદ કરી હતી. મિત્રતારૂપી મૂડીથી ઉત્સાહ અને આત્મવિશ્વાસ વધે છે. મિત્રોનો નિસરણી તરીકે ઉપયોગ ન કરો. આવી સ્વાર્થી વૃત્તિ તમને જ લાંબાગાળે નુકસાન કરશે. વધુ ગ્રાહક, દર્દી કે નફો મેળવવા મિત્રો બનાવવા તે અયોગ્ય છે. સિસેરો કહે છે, **'મિત્રો મળવા એ તો ઇશ્વરનું મોટું વરદાન છે.'**

આપણે કહેવાતા મોટા માણસો, મોટા અધિકારીઓ, સાહેબોને યાદ કરીએ છીએ પણ નાના માણસોને ભૂલી જઈએ છીએ. મોટરગાડીમાં એન્જિનનું જેટલું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ એક નાના સ્ક્રૂનું પણ છે. જે લોકો આપણને આર્થિક, સામાજિક રીતે ઉપયોગી થાય કે અભ્યાસકાળ દરમ્યાન મદદરૂપ થાય, તેમને તો યાદ કરીએ જ પણ સાથે સાથે જીવનમાં જેમણે મમતા અને લાગણી આપ્યા હોય, અણીના સમયે જેઓ પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે મદદરૂપ થયા હોય તેમના ગુણોનું સન્માન કરતા રહીએ. જ્ઞાનપીઠ ઍવોર્ડ ૨૦૦૩ વિજેતા શ્રી વિંદા કરંદીકર કહે છે, 'સૌએ મળીને જીવવામાં છે બ્રહ્માનંદ.' શ્રી નાનાભાઈ ભટ્ટ લોક ભારતીમાં નાના માણસોના વિશેષ ખબરઅંતર પૂછતા. તેમને ઘેર જતા, કુટુંબના સભ્યો સાથે સહૃદયતાથી વાતો કરતા. સૌને માનથી બોલાવતા. પરિણામે આત્મીયતાની સાથે કાર્યક્ષમતા સહજ ભાવે વિકસતી ગઈ.

અમેરિકા અને વિયેટનામ વચ્ચે લડાઈ દરમ્યાન ચાર્લ્સ પ્લમ્બ નામનો પાઈલટ જ્યારે ૭૬મી વખત પોતાના જેટ ફાઈટર વિમાનમાંથી બોમ્બવર્ષા કરી રહ્યો હતો ત્યારે સામેથી આવતા મિસાઇલને પારખી તુરંત પૅરેશૂટનો આશ્રય લઇને તે નીચે કૂદી પડ્યો. છ વર્ષ યુદ્ધ કેદી તરીકે જેલમાં રહ્યા બાદ અમેરિકા જ્યારે પાછો ફર્યો ત્યારે તે સભામાં પોતાની બહાદુરીનાં ભારે વખાણ કરવા લાગ્યો. એક દિવસ ચાર્લ્સ જ્યારે હોટેલમાં કોફી પી રહ્યો હતો ત્યારે તેની બાજુના ટેબલ પર બેઠેલા એક વૃદ્ધે તેને પૂછ્યું, 'તમે જ ચાર્લ્સ પ્લમ્બ?' ચાર્લ્સને નવાઈ લાગી. આ માણસ મને ક્યાંથી ઓળખે? પછી પેલા માણસે જણાવ્યું કે જે પૅરેશૂટ દ્વારા તેને જીવતદાન મળ્યું હતું તે બનાવનાર તે પોતે હતો. ચાર્લ્સને થયું કે મેં તો સભાઓમાં મારી વીરતાનાં ભરપેટ વખાણ કર્યા. પણ આ વખાણ કરવા માટે મારી જે હયાતી છે તે તો પેલા પૅરેશૂટ બનાવનારના કારણે. યુદ્ધ જહાજ ઉપર તેને ઘણીવાર જોયેલો પણ તેને કોઈ દિવસ 'સુપ્રભાત' કહેવાનું સૂઝ્યું નહીં. હું બચી ગયો તોયે મેં તેનો આભાર માન્યો નહીં. આપણા જીવનને આગળ લઇ જનાર, ધ્યેયમાં મદદ કરનાર આવા અનેક પૅરેશૂટ બનાવનાર હોય છે. આપણે 'થેન્ક યુ'ના બે શબ્દો કહેવામાં જરાય કંજુસાઈ ન કરીએ.

શ્રી ધીરુભાઈ અંબાણી રિલાયન્સનું સામ્રાજ્ય વિસ્તારતી વખતે બે શબ્દો વારંવાર વાપરતા : 'સંબંધ અને વિશ્વાસ.' નાનામાં નાના માણસથી માંડીને, વડાપ્રધાન કે અમેરિકાના રાષ્ટ્રપતિ બીલ ક્લિન્ટન સુધી તેમના સંબંધોની લંબાઈ હતી. અમદાવાદની કાપડ મિલમાં શરૂઆતમાં નાના હોદ્દા ઉપર જોડાયેલા અને આગળ જતાં મિલના પ્રમુખ થયેલા શ્રી નારાયણનને કોઈ લખાણ વિના સંકટ સમયે અંગત કામ માટે નાણાં આપે છે. આ ભાવને કાયમ યાદ રાખી શ્રી નારાયણન રિલાયન્સના પ્રાણતત્ત્વ સમા બની જાય છે. એડનમાં પરીચિત એક આરબ શેખને પોતાના દેશ અરબસ્તાનમાં ગુલાબનું વાવેતર કરવાની ઇચ્છા થાય છે. શ્રી ધીરુભાઈ ભારતમાંથી તે માટે ખાસ માટી અને ઉત્તમ રોપા મંગાવીને ગુલાબ ઉગાડી આપે છે. આ સંબંધને યાદ રાખી તે શેખ રિલાયન્સ ઉદ્યોગ માટે જ્યારે જરૂર પડી ત્યારે સારી એવી નાણાંકીય મદદ કરે છે. ■

*ધંધો સાચવવો હોય તો લોકોની માંગણીઓ સમજવી પડે અને સંબંધ સાચવવો હોય તો લોકોની લાગણીઓ સમજવી પડે.*

# ભારતના ક્રાંતિકારીઓની ક્રાંતિ કથા

## ચરણ-૧૪ : એક મરદ વાણિયો – નામે લાલાજી (લાલા લજપતરાય)



પારસ દવે - નડિયાદ

કેલિફોર્નિયાના સમુદ્ર કિનારે વહાણવટા સાથે જોડાયેલા હજારો ભારતીય શીખો દેશદાઝથી ભરેલા હતા પણ એનો વિચાર આવવો એ અગત્યનો હતો. લાલા હરદયાળ દ્વારા ગદર પાર્ટીની સ્થાપના થઈ ગઈ હતી. ત્યારે એક મરદ વાણિયો આ કાર્યકર્તાઓને મળ્યો અને એમને આ લોકો સાથે જોડાવાનું લક્ષ્ય બતાવ્યું. ગદર પાર્ટીનો હેતુ જર્મનીની મદદથી આઝાદી મેળવવાનો હતો. એ મરદ એટલે લાલા લજપતરાય.

લાલા લજપતરાયને આ પાર્ટીના ષડયંત્રોના વલણોથી તકલીફ હતી. એમણે અમેરિકામાં બેઠા બેઠા પ્રથમ વિશ્વયુદ્ધમાં ભારતને જોડવાનો સખત વિરોધ કર્યો. તેમજ ભારત તરફથી ઈંગ્લેન્ડને દોઢ કરોડ રૂપિયા યુધ્ધના ખર્ચ પેટે ચૂકવાયા એના ઉપર પ્રહાર કરતું પુસ્તક લખ્યું "ઈંગ્લેન્ડનું હિંદ તરફનુ કરજ." પંજાબ નેશનલ બેંકના આ સ્થાપક આખા દેશના યુવાનો માટે આદર્શરૂપ છે. તો ચાલો, એમના જીવન વિશેની આવી જ રોચક માહિતીઓ જાણીએ.

લાલા લજપતરાયનો જન્મ પંજાબ રાજ્યમાં આવેલા મોગા જિલ્લામાં ૨૮ જાન્યુઆરી, ૧૮૬૫ના રોજ જૈન પરિવારમાં થયો હતો. તેમના પિતા મુન્શી રાધાકૃષ્ણ અગ્રવાલ સરકારી શાળામાં ઉર્દુ અને ફારસી ભાષાના શિક્ષક હતા. ૧૮૭૦માં તેમના પિતાની બદલી રેવારી ખાતે થતાં તેમનું પ્રાથમિક શિક્ષણ અહીંની સરકારી શાળામાં થયું. ૧૮૮૦માં તેમણે કાયદાશાસ્ત્રના અભ્યાસ માટે લાહોર ગવર્નમેન્ટ વિશ્વ વિદ્યાલયમાં પ્રવેશ મેળવ્યો. અહીં તેમનો પરિચય લાલા હંસરાજ અને ગુરૂદત્ત જેવા દેશભક્ત અને ભવિષ્યના સ્વાતંત્ર્ય સેનાનીઓ સાથે થયો. લાહોર ખાતેના અભ્યાસ દરમ્યાન જ દયાનંદ સરસ્વતીના હિંદુ સુધારણા આંદોલનથી પ્રભાવિત થઈ આર્ય સમાજના સભ્ય બન્યા. ઉપરાંત લાહોર સ્થિત આર્ય ગેઝેટના સંસ્થાપક સંપાદક બન્યા. કાયદાના અભ્યાસ દરમ્યાન એ વિચાર તેમના માનસમાં દૃઢ બનતો રહ્યો કે રાષ્ટ્રીયતાથી ઉપર હિંદુ ધર્મ ભારતીય જીવનશૈલીનું કેન્દ્રબિંદુ હતો. તેમના મતે ધર્મ અને રાષ્ટ્રવાદી વિચારોને એકસૂત્ર કરીને ધર્મનિરપેક્ષ રાષ્ટ્રનું નિર્માણ કરી શકાય છે. હિંદુ મહાસભા સાથેના તેમના સંબંધો અંગે નૌજવાન ભારત સભા દ્વારા આલોચના કરવામાં આવી કારણકે મહાસભા સાંપ્રદાયિક વિચારધારા ધરાવતી હતી, જે કોંગ્રેસ દ્વારા નિર્ધારીત પ્રણાલીને અનુરૂપ ન હતી.

૧૮૮૪માં તેમના પિતાની બદલી રોહતક ખાતે થતાં અભ્યાસ પૂર્ણ કરી તેઓ પણ રોહતક આવી ગયા. ૧૮૮૬માં હિસારમાં વકીલાત શરૂ કરી. અહીં તેમણે બાબુ ચુડામણિ સાથે મળીને હિસાર બાર કાઉન્સિલની સ્થાપના કરી. બાળપણથી જ દેશસેવા કરવાની ઈચ્છા હતી. આથી દેશને વિદેશી શાસનથી મુક્તિ અપાવવાની પ્રતિજ્ઞા લઈ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અને આર્ય સમાજની હિસાર શાખાની સ્થાપના કરી. ૧૮૮૮ અને ૧૮૮૯માં કોંગ્રેસના અલ્હાબાદ અધિવેશનમાં હિસારના પ્રતિનિધિ તરીકે ભાગ લીધો. ૧૮૯૨માં તેઓ લાહોર ઉચ્ચ ન્યાયાલય ખાતે વકીલાત માટે લાહોર ચાલ્યા ગયા. સ્વતંત્રતા પ્રાપ્તિ માટે દેશની રાજનૈતિક વિચારોને આકાર આપવા માટે તેમણે પત્રકારિતાનો અભ્યાસ કર્યો તથા ધ ટ્રીબ્યુન (ચંદીગઢ) સહિત ઘણા સમાચાર પત્રોમાં નિયમિત યોગદાન આપતા રહ્યા. ૧૮૮૬માં તેમણે દયાનંદ એંગ્લો-વૈદિક સ્કૂલ નામની રાષ્ટ્રવાદી શાળાની સ્થાપના લાલા હંસરાજની મદદથી કરી.


ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં સામેલ થયા બદલ તથા પંજાબના રાજનૈતિક આંદોલનમાં ભાગ લેવા બદલ લાલા લાજપતરાયને ૧૯૦૭માં કોઈ પણ પ્રકારનો અદાલતી ખટલો ચલાવ્યા વિના જ બર્મા (હાલ મ્યાનમાર) ખાતે દેશનિકાલ કરવામાં આવ્યા. પરંતુ સરકાર ઉથલાવી દેવાના પ્રયાસોમાં તેમના વિરૂધ્ધ પૂરતા પુરાવાઓના અભાવે નવેમ્બર ૧૯૦૭માં વાઈસરોય લોર્ડ મિન્ટોએ તેમને ભારત પાછા ફરવાની અનુમતિ આપી. લાજપતરાયના સમર્થકોએ ૧૯૦૭ના સુરત અધિવેશનમાં કોંગ્રેસ અધ્યક્ષ તરીકે તેમના નામનો ચૂંટણી પ્રચાર કર્યો હતો પરંતુ તેઓ સફળ થયા નહોતા. તેઓ ૧૯૨૦ના કલકત્તા અધિવેશનમાં (વિશેષ સત્ર) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ તરીકે પસંદ કરાયા. ૧૯૨૧માં લાહોર ખાતે સર્વન્ટ ઓફ ધ પીપલ સોસાયટી નામના સંગઠનની સ્થાપના કરી. વિભાજન બાદ સંગઠનને દિલ્હી ખાતે સ્થળાંતરીત કરાયું અને દેશભરમાં તેની શાખાઓ ખોલવામાં આવી.

લાજપતરાયે ૧૯૦૭માં અમેરિકાનો પ્રવાસ કર્યો અને પ્રથમ

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૧ ઉપર)

*કેટલાક સંબંધોથી માણસ સારો લાગે છે અને કેટલાક માણસોથી સંબંધ સારા લાગે છે.*

# ગાંધીજીના મૃત્યુના – 30 જાન્યુઆરીના દિવસે શું થયું હતું?



ડૉ. મિહિર એમ. વોરા

૩૦ જાન્યુઆરીના રોજ મહાત્મા ગાંધીજીની પુણ્યતિથિના ૭૫ વર્ષ થશે. આ દિવસને દેશમાં 'શહીદ દિવસ' તરીકે યાદ કરવામાં આવે છે.

શુક્રવાર ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ની શરૂઆત સામાન્ય દિવસની માફક જ થઈ હતી. મહાત્મા ગાંધી રાબેતા મુજબ મળસ્કે સાડા ત્રણ વાગે ઉઠી ગયા હતા. તેમણે પ્રાર્થના કરી હતી. કોંગ્રેસની નવી જવાબદારીના મુસદ્દા વિશે તેમણે તેમની ડેસ્ક પર બે કલાક કામ કર્યું હતું અને બીજા લોકો ઊઠે એ પહેલાં છ વાગે ફરી ઊંઘી ગયા હતા. આભા અને મનુબહેને બનાવેલું લીંબુ અને મધનું ગરમ પીણું તથા મીઠા અને લીંબુનું પાણી તેઓ બે કલાક કામ કરતી વખતે પીતા રહ્યા હતા. છ વાગે ઊંઘીને ગાંધીજી આઠ વાગે ફરી ઊઠ્યા હતા. પછી અખબારો પર નજર ફેરવી હતી. ત્યારબાદ બ્રજકૃષ્ણએ તેલ વડે તેમને માલીશ કરી આપી હતી. સ્નાન કર્યા બાદ ગાંધીજીએ બકરીનું દૂધ પીધું હતું. બાફેલા શાકભાજી, ટામેટા અને મૂળા ખાધા હતા. સંતરાનો રસ પણ પીધો હતો.

શહેરના બીજા ખૂણામાં જૂની દિલ્હી રેલવે સ્ટેશનના વેઈટિંગ રૂમમાં નાથુરામ ગોડસે, નારાયણ આપ્ટે અને વિષ્ણુ કરકરે ગાઢ નિંદ્રામાં હતા.

ડર્બનના જૂના સાથીદાર રૂસ્તમ સોરાબજી સપરિવાર ગાંધીજીને મળવા માટે આવ્યા હતા. એ પછી રોજની માફક ગાંધીજી દિલ્હીના મુસલમાન નેતાઓને મળ્યા હતા અને તેમને કહ્યું હતું કે, 'તમારી સંમતિ વિના હું વર્ધા નહીં જઈ શકું.' ગાંધીજીના વિશ્વાસુ સાથી સુધીર ઘોષ અને તેમના સચિવ પ્યારેલાલે જવાહરલાલ નહેરુ અને સરદાર પટેલ વચ્ચેના મતભેદ વિશે 'લંડન ટાઈમ્સ'માં છપાયેલા એક લેખ વિશે ગાંધીજીનો અભિપ્રાય માંગ્યો હતો. ગાંધીજીએ તેમને જણાવ્યું હતું કે તેઓ આ મામલે સરદાર પટેલ સાથે વાત કરશે અને પછી નહેરુ સાથે વાત કરશે. ગાંધીજીને મળવા માટે સરદાર પટેલ બપોરે ચાર વાગે અને નહેરુ સાંજે સાત વાગે આવવાના હતા.

બીજી તરફ બિરલા હાઉસ તરફ જવા રવાના થતા પહેલાં નાથુરામ ગોડસેએ મગફળી ખાવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આપ્ટે તેમના માટે મગફળી શોધવા નીકળ્યા હતા. પણ થોડીવાર પછી પરત આવીને કહ્યું હતું, 'દિલ્હીમાં મગફળી ક્યાંય મળતી નથી. કાજુ બદામથી કામ ચાલી જશે?' ગોડસેને માત્ર મગફળી જ ખાવી હતી. તેથી આપ્ટે ફરી બહાર નીકળ્યા હતા અને મોટા પડીકામાં મગફળી લઈને પાછા આવ્યા હતા. ગોડસે મગફળી પર તૂટી પડ્યા હતા ત્યારે આપ્ટેએ કહ્યું હતું કે, હવે જવાનો સમય થઈ ગયો છે.

સરદાર પટેલ તેમનાં પુત્રી મણીબહેન સાથે ગાંધીજીને મળવા ચાર વાગે પહોંચ્યા હતા અને પ્રાર્થનાના સમયે એટલે કે સાંજના પાંચ વાગ્યા સુધી ગાંધીજી સાથે મંત્રણા કરતા રહ્યા હતા. ગોડસે અને તેમના સાથીઓ દિલ્હી રેલેવ સ્ટેશનથી ભાડાની ઘોડાગાડીમાં કનોટ પ્લેસ આવ્યા હતા અને ત્યાંથી ભાડાની બીજી ઘોડાગાડીમાં બિરલા હાઉસથી થોડે દૂર પહોંચ્યા હતા.

સરદાર પટેલ સાથેની વાતચીત દરમ્યાન ગાંધીજી ચરખો ચલાવતા રહ્યા હતા. આભાબહેને સાંજના ભોજન માટે પીરસેલા બકરીનું દૂધ, કાચા ગાજર, બાફેલી શાકભાજી અને ત્રણ સંતરાનો આહાર ગાંધીજીએ લીધો હતો. ગાંધીજીને પ્રાર્થનાસભામાં મોડા પહોંચવાનું જરા પણ પસંદ નહોતું એ આભાબહેન જાણતા હતા. તેમને ચિંતા હતી પણ સરદાર પટેલને અટકાવવાની હિંમત તેઓ કરી શક્યા નહોતા. આખરે તો સરદાર લોહપુરુષ હતા. મોડું થઈ રહ્યું છે એ વાત યાદ કરાવવાની હિંમત પણ આભાબહેન ન કરી શક્યા. મનુબહેન અને આભાબહેને ગાંધીજીની ખિસ્સા ઘડિયાળ ઉઠાવી હતી અને તેને ધીમેથી હલાવીને મોડું થતું હોવાનું ગાંધીજીને યાદ કરાવવાનો પ્રયાસ કર્યો હતો. આખરે મણીબહેને હસ્તક્ષેપ કર્યો હતો. ગાંધીજી પ્રાર્થનાસભામાં જવા માટે ઊભા થયા ત્યારે સાંજના પાંચ વાગીને દસ મિનિટ થઈ હતી.

ગાંધીજી તરત ચપ્પલ પહેરી, ડાબો હાથ મનુબહેનના અને જમણો હાથ આભાબહેનના ખભા પર મૂકી પ્રાર્થનાસભા માટે ચાલવા લાગ્યા હતા. રસ્તામાં તેમણે આભાબહેન સાથે મજાક પણ કરી હતી. ગાજરનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું, 'આજે તે મને વણઝારાઓનું ખાવાનું આપ્યું હતું.' તેના જવાબમાં આભાબહેને કહ્યું હતું, 'પણ બા તો ગાજરને ઘોડાનો ખોરાક કહેતા હતા.' ગાંધીજીએ કહ્યું હતું કે, 'મારી દરિયાદિલી જોઈ લે કે જેની કોઈ પરવા નથી કરતું, તેનો આનંદ પણ હું લઈ

*જીવનના સારા દિવસોમાં ક્યારે પણ એ લોકોને ના ભૂલતા કે જેઓ ખરાબ દિવસોમાં આપની સાથે હતા.*

રહ્યો છું.' આભાબહેને હસવાની સાથે ફરિયાદના સ્વરમાં કહ્યું હતું, 'આજે તમારી ઘડિયાળ વિચારતી હશે કે તેની અવગણના કરવામાં આવી રહી છે.' ગાંધીજીએ કહ્યું હતું, 'હું મારી ઘડિયાળ સામે શા માટે જોઉં? તારા કારણે મને દસ મિનિટ મોડું થયું.' ગાંધીજીએ ગંભીરતા સાથે ઉમેર્યું, 'નર્સની ફરજ છે કે એ પોતાનું કામ કોઈ પણ ભોગે કરે. પછી ત્યાં ઈશ્વર પણ હાજર કેમ ન હોય, પ્રાર્થનાસભામાં એક મિનિટનું પણ મોડું થાય એ મને પસંદ નથી.' આવી વાતો કરતાં કરતાં ગાંધીજી પ્રાર્થના સ્થળે પહોંચ્યા હતા. બંને બાલિકાઓના ખભા પરથી હાથ હટાવી ગાંધીજીએ નમસ્કાર વડે લોકોના અભિવાદનનો પ્રત્યુત્તર આપ્યો હતો.

નાથુરામ ગોડસે તેમની ડાબી તરફ ઝુક્યા ત્યારે મનુબહેનને એવું લાગ્યું હતું કે તેઓ ગાંધીજીના ચરણને સ્પર્શવાના પ્રયાસ કરી રહ્યા છે. આભાબહેને ચિડાઈને કહ્યું હતું કે ગાંધીજીને મોડું થયું છે ત્યારે તેમના માર્ગમાં વધુ અંતરાય ન સર્જવા જોઈએ. પણ નાથુરામે મનુબહેનને ધક્કો માર્યો હતો. તેથી તેમના હાથમાંથી માળા અને પુસ્તક પડી ગયા હતા. નીચે પડેલાં પુસ્તકો તથા માળાને ઉઠાવવા માટે મનુબહેન ઝૂક્યા ત્યારે ગોડસેએ પિસ્તોલ કાઢી હતી અને એક પછી એક ત્રણ ગોળી ગાંધીજીની છાતી તથા પેટમાં ઉતારી દીધી હતી.

ગાંધીજીના મોં માંથી 'રામ... રામ...' શબ્દો સરી પડ્યા હતા અને તેમનું પ્રાણહીન શરીર નીચે પડવા લાગ્યું હતું. પડી રહેલા ગાંધીજીના મસ્તકને આભાબહેને પોતાના હાથનો સહારો આપ્યો હતો. ગાંધીજીની હત્યાની કેટલીક મિનિટોમાં જ વાઇસરોય લોર્ડ માઉન્ટબેટન બિરલા હાઉસ પહોંચ્યા હતા. કોઈએ ગાંધીજીના સ્ટીલની ફ્રેમના ચશ્મા ઉતારી નાખ્યા હતા. મિણબત્તીની રોશનીમાં ગાંધીજીના નિષ્પ્રાણ, ચશ્મા વિનાના શહીરને જોઈને માઉન્ટબેટન પહેલા તો તેમને ઓળખી શક્યા ન હતા.

ગાંધીજીના પાર્થિવ દેહને અગ્નિદાહ આપવામાં આવી રહ્યો હતો ત્યારે મનુબહેને તેમનો ચહેરો સરદાર પટેલના ખોળામાં છુપાવી દીધો હતો અને સતત રડતા રહ્યા હતા. મોટાભાગના ભારતીયો માટે મહાત્મા ગાંધીનું મૃત્યુ એક રાષ્ટ્રીય દુર્ઘટના હતી. દિલ્હીમાં મહાત્મા ગાંધીની અંતિમયાત્રા નીકળી ત્યારે ૧૦ લાખથી વધુ લોકો સામેલ થયા હતા. તેમના અંતિમ સંસ્કાર યમુનાના કિનારે કરવામાં આવ્યા હતા. અહિંસા અને શાંતિના આ પૂજારીના મોતનો શોક આખી દુનિયાના લોકોએ મનાવ્યો હતો. ગાંધી જીવંત હતા ત્યાં સુખી અખંડ ભારતનું તેમનું સપનું સાકાર થતું જોઈ શક્યા ન હતા. મૃત્યુ વિશે ખુદ મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે, 'મૃત્યુ વચ્ચે જિંદગી પોતાનો સંઘર્ષ ચાલુ રાખે છે. અસત્યની વચ્ચે સત્ય પણ અટલ અડગ રહે છે. ચારેબાજુ અંધારાની વચ્ચે રોશની ચમકતી રહે છે.'

***સંદર્ભ :*** *"Mahatma Gandhi : ગાંધીજીના મૃત્યુના દિવસે શું થયું હતું?" રેહાન ફઝલ, BBC સંવાદદાતા, ૩૦ જાન્યુઆરી, ૨૦૧૮. અપડેટેડ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૨. વીકિપીડિયા, વિવિધ લેખકોના બ્લોગ અને તેમના લેખ અને વિવિધ અખબારી અહેવાલો.*

***"પરમેશ્વરી", પ્લોટ નં.-૧૬૫, વિજયનગર એરીયા, હોસ્પિટલ રોડ, ખાવડા મેસુક ઘરની સામે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## ભારતના ક્રાંતિકારીઓની ક્રાંતિ કથા

**(અનુસંધાન : પાના નં. – ૯ ઉપરથી ચાલુ)**

વિશ્વયુધ્ધ દરમ્યાન ભારત પાછા ફર્યા. આ દરમ્યાન તેમણે પશ્ચિમી તટ પરના શીખ સમુદાય ઉપરાંત અલબામાની તસ્કેગી વિશ્વ વિદ્યાલય તથા ફિલીપાઈન્સના શ્રમિકો સાથે મુલાકાત કરી. અમેરિકા રોકાણ દરમ્યાન તેમણે ન્યુયોર્કમાં ઇન્ડિયન હોમરૂલ લીગ તેમજ યંગ ઇન્ડિયા માસિક અને હિંદુસ્તાન ઇન્ફોર્મેશન સર્વિસીઝ એસોસિએશનની સ્થાપના કરી. તેમણે ભારતમાં બ્રિટીશ રાજની કુપ્રશાસનની જ્વલંત છબી રજૂ કરતાં અમેરિકી સંસદની વિદેશી બાબતની સેનેટ સમિતિ સમક્ષ એક અરજી દાખલ કરી. તેમણે આંતરરાષ્ટ્રીય સમુદાયના નૈતિક સમર્થનની પૂરજોર માંગ કરવાની સાથે ભારતીય લોકોની સ્વતંત્રતા પ્રાપ્તિ માટેની આકાંક્ષાઓને દ્રઢતાથી રજૂ કરી. રાતોરાત તૈયાર કરાયેલી આ ૩ર પાનાની અરજી પર ઓક્ટોબર ૧૯૦૭માં અમેરિકી સેનેટમાં ચર્ચા કરવામાં આવી.

૧૯૨૮માં બ્રિટીશ સરકારે ભારતની રાજનૈતિક પરિસ્થિતિનો ચિતાર મેળવવા માટે જહોન સાઈમનના વડપણ હેઠળ એક તપાસ પંચની રચના કરી. પંચના સભ્યોમાં એક પણ ભારતીય ન હોવાના કારણે ભારતીય રાજનૈતિક દળોએ સાયમન કમિશનનો બહિષ્કાર કર્યો. કમિશનના વિરોધમાં દેશવ્યાપી આંદોલનો થયા. ૩૦ ઓક્ટોબર, ૧૯૨૮ના રોજ આયોગની લાહોર મુલાકાતના વિરોધમાં લાલા લજપતરાયે એક અહિંસક પ્રદર્શનનું નેતૃત્વ કર્યું. પ્રદર્શનમાં 'સાઈમન ગો બેક'ના નારા સાથે કાળા વાવટા ફરકાવવામાં આવ્યા. પોલીસ અધિક્ષક જેમ્સ એ. સ્કોટે પોલીસને લાઠીચાર્જનો આદેશ આપ્યો. જેમાં પ્રદર્શનકારીઓ અને ખાસ કરીને લાજપતરાય પર પ્રહાર કર્યો.

લાઠીચાર્જથી જખ્મી થયેલા લાજપતરાયે ભીડને સંબોધિત કરતા જણાવ્યું કે, "હું ઘોષણા કરું છું કે આજે મારા પર થયેલો પ્રહાર બ્રિટીશ રાજના કોફીન પરનો અંતિમ ખીલો બની રહેશે." લાઠીચાર્જથી ગંભીર રીતે ઘવાયેલા લાજપતરાયનું ૧૭ નવેમ્બર, ૧૯૨૮ના રોજ અવસાન થયું. ■

*જિંદગીની સમજવી હોય તો પાછળ જુઓ. જિંદગીને જીવવી હોય તો આગળ જુઓ.*

# ગાંધીજીની સ્મૃતિ સાચવતાં કચ્છનાં સ્થાનકો



સંજય પી. ઠાકર

*રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ ૧૯૨૫માં કચ્છનો વ્યાપક પ્રવાસ કર્યો હતો. તે પછી કચ્છી પ્રજાકીય પરિષદની સ્થાપના થઈ હતી. કચ્છમાં ગાંધીજીની સ્મૃતિ સાચવતાં સ્થાનોમાં ગાંધીધામ શહેર અને તાલુકો, 'કચ્છનો રાજઘાટ' કહેવાતી આદિપુર ખાતેની ગાંધી સમાધિ, કોટડી મહાદેવપુરી મધ્યે અનોખું ગાંધી મંદિર, ગાંધીજીની યાદમાં સ્થપાયેલા ગાંધીગ્રામ (માંડવી) અને ગાંધીનું ગામ (ભુજ) નામના ગામ, વંદે માતરમ મેમોરીયલ (ભુજોડી)ની ગાંધી ગેલેરી અને ઉત્તુંગ પ્રતિમા, ભુજ, ગાંધીધામ અને અંજાર શહેરની ગાંધી પ્રતિમાઓ તથા ગાંધીજીના નામ સાથે જોડાયેલી અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ રાષ્ટ્રનાયકનું પુણ્ય સ્મરણ કરાવે છે!*

કચ્છ જિલ્લામાં મહાત્મા ગાંધીજીની પુણ્ય સ્મૃતિ સાચવતાં અનેક સ્થાનકો આવેલા છે જે ગાંધીજીના અમર સ્મારકો બની રહ્યા છે તેમ, કચ્છ માટે તે અણમોલ વિરાસત તરીકે પણ ગણાયા છે. આપણે આ લેખમાં કચ્છ સાથે સંકળાયેલા, રાષ્ટ્રપિતા ગાંધીજીની પુનિત યાદ સમા સ્થાનકો વિશે ઓલખન કરવાનો ઈરાદો છે. ટુરિઝમની ગાંધી સર્કીટમાં સમાવિષ્ટ થઈ શકે એવું મહત્ત્વ આ સ્થાનકો – સ્મારકો ધરાવે છે.

- **ગાંધીજીનો કચ્છ પ્રવાસ :**

કચ્છમાં ગુરૂ નાનકજી, સ્વામી વિવેકાનંદ જેવા અનેક મહામાનવોએ કચ્છની ભૂમિ પર પોતાનાં પુનિત પગલા કર્યા છે. એમાં ગાંધીજીની પદરેણુથી કચ્છની ધરા પણ પાવન થઈ છે. મહાત્મા ગાંધીજીએ ૨૨ ઓક્ટોબરથી ૫ નવેમ્બર ૧૯૨૫ દરમ્યાન કચ્છનો વ્યાપક પ્રવાસ કર્યો હતો. ગાંધીજી સાથે સરદાર પટેલ અને મહાદેવભાઈ દેસાઈ પણ કચ્છ પ્રવાસમાં જોડાયા હતા. મુંબઈના કચ્છીઓ અને કચ્છના સ્થાનિક કાર્યકરો ગાંધીજીને કચ્છ આવવા સમયાંતરે આમંત્રણ આપતા હતા. તેથી દેશબંધુ ચિત્તરંજન દાસનું સ્મારક ભંડોળ એકત્ર કરવા ઉપરાંત સત્યાગ્રહ, અંત્યોદય સેવા, અસ્પૃશ્યતા નિવારણ, ગૌસેવા, ખાદી પ્રચાર જેવ મુદ્દા સાથે કચ્છ આવ્યા હતા. એમણે કચ્છના મહારાવશ્રી સાથે મુલાકાત કરવા ઉપરાંત અનેક લોકનેતાઓ, આગેવાનો, યુવાન કાર્યકર્તાઓ અને પ્રજાજનો સાથે બેઠકો કરી હતી. સભાઓમાં હાજરી આપી હતી. મહાત્માના આ પ્રવાસને લીધે કચ્છમાં સ્વાધીનતાની લાગણી તીવ્ર બની હતી અને પછીથી કચ્છી પ્રજાકીય પરિષદ નામની સંસ્થાની ૧૯૨૬માં સ્થાપના કરવામાં આવી હતી. ગાંધીજીએ કચ્છના અનેક તાલુકાઓનો પ્રવાસ કરી તેના પ્રતિભાવો 'નવજીવન'ના અંકમાં નોંધ્યા છે.

- **ગાંધીધામ નગરની સ્થાપના**

૧૯૪૭માં ભારત-પાકિસ્તાન ભાગલા વખતે નિરાશ્રિત બનેલા લાખો લોકોના પુનર્વસનનો એક મોટો પ્રશ્ન ઊભો થયો હતો. પાકિસ્તાનના સિંધ પ્રાંતમાંથી સ્થાનભ્રષ્ટ બનેલા બિન મુસ્લિમોની મોટા પાયે હિજરત શરૂ થઈ હતી. સિંધના હિંદુઓના વ્યવસ્થિત પુનર્વસવાટ અનિવાર્ય બન્યો. આ જટીલ પ્રશ્નના ઉકેલમાં ગાંધીધામે મોટો ફાળો આપ્યો. ભાઈ પ્રતાપ ડિયાલદાસે ઓગસ્ટ ૧૯૪૭ના અરસામાં ગાંધીધામની કલ્પના કરી હતી. તેમણે વિચાર્યું કે વિકસતા કંડલા બંદર નજીક ગાંધીધામ શહેર ઊભું થાય તો તે કંડલાનું કેન્દ્રવર્તી નગર બની રહે. તે ઉપરાંત પુનર્વસવાટ માટેની ભારે શક્યતાવાળું એક સુંદર શહેર પણ બની રહે. આ યોજના તેઓએ મહાત્મા ગાંધી અને સરદાર પટેલ સમક્ષ રજૂ કરી. તેઓ બંનેને એ યોજના ગમી અને તેઓએ એને પોતાના આશીર્વાદ આપ્યા.

ગાંધીધામ શહેરના સર્જન માટે કચ્છના મહારાવશ્રી વિજયરાજજી પાસેથી જમીનનો એક વિસ્તાર અપાવવામાં ગાંધીજી સહાયભૂત બન્યા હતા. મહાત્મા ગાંધીની હત્યા થઈ તેના આગલે દિવસે જમીનના પટ્ટાને લગતી જાહેરાત કચ્છના ગેઝેટમાં પ્રસિદ્ધ થઈ હતી. કચ્છના દીવાને તારથી ગાંધીજીને આ જાહેરાત થવાની ખબર આપી હતી. ગાંધીજીને આ તાર તેમની હત્યાના દિને (૩૦ જાન્યુઆરી, ૧૯૪૮)ના રોજ સવારના પહોંચ્યો હતો. વિધિની કેવી વિચિત્રતા! ૧૨મી ફેબ્રુઆરી,

*બધા વિષય સંભાળતી નોટબુકને લોકો રફબુક કહે છે, જવાબદાર વ્યક્તિની પણ કંઈક આવી જ હાલત હોય છે.*

૧૯૪૮ના રોજ જ્યારે આચાર્ય જે.બી. કૃપલાણી, કચ્છના ત્યારના યુવરાજ અને તત્પશ્ચાતના મહારાવશ્રી મદનસિંહજી, ભાઈ પ્રતાપ વગેરે મહાત્મા ગાંધીના પવિત્ર અસ્થિ-અંશ લઈને કચ્છ આવ્યા તથા કંડલા પાસેની નકટી ખાડીમાં તેને પધરાવ્યા ત્યારે ગાંધીધામનું ખાતમુહૂર્ત થયું, સ્થાપના થઈ એમ કહી શકાય. મહાત્માના આશીર્વાદ નૂતન નગરીને મળ્યા હતા. તેથી આ નવી નગરીને 'ગાંધીધામ' નામ અપાયું હતું અને ૧૨મી ફેબ્રુઆરી 'ગાંધીધામ દિવસ' તરીકે ઉજવવાનું શરૂ થયું હતું.

ગાંધીધામની યોજનાને આગળ વધારવા માટે ૨૬ જાન્યુઆરી, ૧૯૪૮ના સિંધુ રીસેટલમેન્ટ કોર્પોરેશન લિ. (એસ.આર.સી.) નામની એક સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. આચાર્ય કૃપલાણી આ સંસ્થાના પ્રમુખ અને ભાઈ પ્રતાપ મેને. ડિરેક્ટર બન્યા હતા. કચ્છના મહારાવશ્રીએ ગાંધીધામ માટે નાનકડા ગામ સરવા નજીક નામમાત્રના ભાડાથી પંદર હજાર એકર (૬૧ ચો.કિ.મી.) જમીનનો પટ્ટો આ સંસ્થાને આપ્યો તથા તે સાથે વીડી અને શીણાય નદીના પાણી વાપરવાના હક્ક પણ આપ્યા. સિંધીઓના પુનર્વસનની પ્રથમ શરૂઆત જે વિસ્તારથી થઈ તેને 'આદિપુર' નામ આપવામાં આવ્યું. ('આદિ' એટલે શરૂઆતનું, પ્રારંભિક અને 'પુર' એટલે શહેર). આમ જ્યાંથી વસતીનો પ્રથમ આરંભ થયો તે વિસ્તાર એટલે આજનું 'આદિપુર.' ગાંધીધામની બાજુમાં સાતેક કિ.મી.ના અંતરે અંજાર તરફની દિશામાં આદિપુર નગર આવેલું છે.


ગાંધી સમાધિ - આદિપુર

સ્વાતંત્ર્ય પછીના પ્રારંભિક સમયગાળાના કચ્છના ઔદ્યોગિક વિકાસ અને આર્થિક પ્રગતિના તાજા ઈતિહાસનાં બે સીમાચિહ્ન એટલે મહાબંદર કંડલા અને ગાંધીધામની સ્થાપના! આ બંને નૂતન કચ્છના નવાં સર્જન છે અને કચ્છને ભારત તેમજ પરદેશો સાથે જોડનારી સોનેરી કડીઓરૂપ બની રહ્યા છે. કચ્છ બહારની પ્રજાનું સૌ પહેલાં ધ્યાન ખેંચે અને કચ્છના કાયાપલટનો તાદશ્ય ચિતાર જગત સમક્ષ રજૂ કરે એવા બે સિદ્ધક્ષેત્રોની સફળ સફર પણ સાડા સાત દાયકાની જ છે.

પશ્ચિમ પાકિસ્તાનમાંથી આવેલા નિર્વાસિતોના પુનર્વસવાટના પ્રશ્નની અગત્ય ધ્યાનમાં લઈને ભારત સરકારે આ સાહસમાં પ્રારંભથી જ સાથ આપ્યો. તેણે કોર્પો.ના રૂા. ૫૦ લાખની કિંમતના ૨૫ ટકા જેટલા શેર લીધા હતા અને નિર્વાસિતો માટે સાદા ઘરો અને દુકાનો બાંધવાના ખાસ હેતુ માટે કોર્પો.ને રૂા. ૧૨૦ લાખની લોન આપી હતી. સરકારે આપેલી આ લોનમાંથી સંખ્યાબંધ દુકાનો અને નિવાસો બાંધવામાં આવ્યા અને તે સરળ હપ્તાઓથી નિર્વાસિતોને આપવામાં આવ્યા હતા. ગાંધીધામની બાંધણી અને સ્થાપત્ય માટે ઇટાલિયન, ભારતીય, બ્રિટીશ અને છેલ્લે અમેરિકન સ્થપતિઓની મદદ લેવાઈ હતી. અમેરિકન નિષ્ણાતોએ ત્રણ રૂપરેખા તૈયાર કરી આપી હતી. તેના ભવિષ્યના ત્રીજા તબક્કામાં વધુમાં વધુ વિકાસની કલ્પના કરી અઢીથી ચાર લાખની વસતી અંદાજાઈ હતી.

૧૯૪૯માં કંડલા બંદરથી પશ્ચિમે ૧૭ કિ.મી. ગાંધીધામનું બાંધકામ શરૂ થયું અને તે વર્ષમાં ૧૪૬ મકાનો બંધાયા. બંને બાજુ આઠ આઠ કિ.મી.ના અંતરે આદિપુર અને સરદારગંજ (ગાંધીધામ)ની વસાહતો થઈ. એ બે વચ્ચે પાકો રસ્તો તૈયાર કરવામાં આવ્યો. ૧૯૫૬ના આખર સુધીમાં ગાંધીધામમાં કુલ ૬૦૧૪ ઘરો બાંધવામાં આવેલા. એસ.આર.સી.એ પોતાના ખર્ચે વહીવટી મકાનો, શાળાઓ, મંદિરો, હોસ્પિટલ અને શાક માર્કેટ બાંધ્યા છે. તે ઉપરાંત વિદ્યુતઘર, પાણી સંગ્રહ ટાંકા અને પાણી વિતરણ પાઈપલાઈન, બગીચા, રમત-ગમત મેદાન, વૃદ્ધો નિરાધાર સ્ત્રીઓ અને અપંગો અને બાળકો માટે આશ્રમ, પાકા રસ્તાની બંને બાજુ વૃક્ષો, સામાજિક - ધાર્મિક પ્રવૃત્તિના સ્થળનું નિર્માણ કરાયું જે ગાંધીધામના આયોજનપૂર્વક થયેલા બાંધકામની પ્રતીતિ કરાવે છે. દસ વસવાટી એકમોમાં આ નગરને વહેંચી દેવાયું છે. ૧૯૫૪માં સિટી બસ સેવા શરૂ કરાઈ. ૧૯૫૧માં અહીં માંડ ૫૦૦૦ જનસંખ્યા હતી. ૧૯૫૬માં તે સંખ્યા ૪૦,૦૦૦ ઉપર પહોંચી અને આજે ગાંધીધામ - આદિપુરની વસતી ૨,૪૭,૯૯૨ અને કંડલાની ૧૫,૭૮૨ છે! ૧૯૯૭થી નવરચિત તાલુકાના મુખ્ય મથક તરીકે સ્થાન મેળવનાર ગાંધીધામ લઘુ મુંબઈ તરીકેની ઓળખ ધરાવતું થઈ ગયું છે. હવે તો કેન્દ્ર સરકારે સ્માર્ટ પોર્ટ સિટી તરીકે વિકસાવવા નિર્ધાર કર્યો છે. તેથી તેનો મોભો ઓર

વધશે. લાગે છે કે, 'શેરવો થીંધો શેર'ની ભવિષ્યવાણી સાચી પડી છે હોં!

● **ગાંધી સમાધિ - આદિપુર :**

આદિપુરમાં શહીદ હેમુ કાલાણી ચોક ખાતે નિર્વાસિતેશ્વર મંદિરની બાજુમાં રાષ્ટ્રપિતા ગાંધીજીના અસ્થિ-ફૂલોને જ્યાં સાચવવામાં આવ્યા છે તે પર ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૫૪ના 'ગાંધી સ્મૃતિ મંદિર'ના નામે ગાંધી સમાધિનું નિર્માણ કરાયું છે. ભારતનું આ, રાજઘાટ-દિલ્હી પછીનું બીજું એકમાત્ર સ્થાન છે જ્યાં ગાંધીજીના પાવન અસ્થિ લાવી મૂકાયા છે. આમ ગાંધીબાપુનું મુખ્ય સમાધિસ્થાન દિલ્હી છે અને બીજું સ્થાન આદિપુર (કચ્છ) ખાતે આવેલું છે, એ એક ગૌરવશાળી, અતિ મહત્ત્વની તેમ ઐતિહાસિક બીના છે. તેથી જ તે સીમાચિહ્નરૂપે 'કચ્છનો રાજઘાટ' છે એમ કહી શકાય. ૨૧ વર્ષ પહેલાં બીજી ઓક્ટોબરે (ગાંધી જયંતી)ના દિને તે વખતના ગૃહ પ્રધાન એલ. કે. અડવાણીએ સમાધિ સ્થળનું રૂા. ૧૨ લાખના ખર્ચે સુશોભિનીકરણ અને નવીનીકરણ બાદના સમાધિ સંકુલનું ઉદ્‌ઘાટન કર્યું હતું. અહીં સુંદર ઉદ્યાન, આકર્ષક લોન, વોકિંગ ટ્રેક અને બેન્ચીસ સહિતના સુવિધાઓ એસ.આર.સી. દ્વારા ઊભી કરવા સાથે આવશ્યક જાળવણી થવાને લીધે લોકો અહીં આવવા પ્રેરાય છે. સ્થાનિક લોકો સવાર-સાંજ ઉદ્યાન ફરતે વૉક માટે આ ઐતિહાસિક સ્થળે આવવાનું પસંદ કરે છે. આ એક જાહેર સ્થળ - નાનો બગીચો બન્યો છે, જ્યાં લોકો હળવા થવા આવે છે. અહીંનું ખૂબ શાંતિપૂર્ણ વાતાવરણ સૌને સ્પર્શી જાય છે. આ સમાધિ સ્થાને ગાંધીજીના અસ્થિ-અંશ એક ઘુમ્મટ આકારની છતેડીના માળખા હેઠળ રાખવામાં આવ્યા છે. અહીં ચરખો ચલાવતા ગાંધીજીનું મોટું ચિત્ર પણ મૂકવામાં આવ્યું છે. આ પાવન જગ્યાના ઘુમ્મટ નીચેના ભાગમાં ગાંધીજીના ચિત્રો અને શિલાલેખમાં અમૃતબિંદુઓ મૂકવામાં આવ્યા છે. ગાંધી સમાધિ પાસેથી પસાર થતા આદિસર તળાવથી પ્રભુદર્શન હોલ સુધીના માર્ગને નગરપાલિકાએ 'મહાત્મા ગાંધી માર્ગ'નું નામકરણ કર્યું છે. તો ગાંધીધામમાં ટાગોર માર્ગ પરના એક બગીચામાં ગાંધીજીની અર્ધ પ્રતિમા મૂકાઈ છે. આ એક સમગ્ર ભારતનું વિરલ સ્મૃતિ સ્થાન છે. આદિપુરના ગાંધી સ્મારકને ટુરિસ્ટ સર્કીટમાં યોગ્ય સ્થાન અને મહત્ત્વ મળવું જોઈએ એવી લાગણી લોકોમાં પ્રવર્તે છે.

સત્યના આજીવન ઉપાસક અને અહિંસાના પૂજારી મોહનદાસ કરમચંદ ગાંધીએ આધુનિક યુગને અહિંસાના કાર્યક્ષેત્રને વિસ્તૃત સ્વરૂપ આપ્યું હતું. બીજી ઓક્ટોબર (ગાંધી જયંતી)ને 'આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ' તરીકે જાહેર કરવા ભારતના પ્રસ્તાવને સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.)એ ૬ઠ્ઠી જૂન, ૨૦૦૭ના સહમતિ આપેલી અને યુ.એન.ની મહાસભાએ તેને ૧૫મી જૂને બહાલી આપેલી. તેની પ્રથમ વિશિષ્ટ વૈશ્વિક ઉજવણી તરીકે યુ.એન. દ્વારા 'શાંતિ અને સંસ્કૃતિના વિકાસનું શિક્ષણ' કાર્યક્રમ હેઠળ વિશ્વના જે પાંચ સ્થળોએથી વતનની માટી યુ.એન.ના મુખ્ય મથક (ન્યુયોર્ક) મોકલવાના વિશેષ કાર્યક્રમો યોજાયા. તેમાં મેક્સિકો, લંડન, નવી દિલ્હી (રાજઘાટ), અમદાવાદ (ગાંધી આશ્રમ) અને આદિપુર-કચ્છ (ગાંધી સમાધિ)નો સમાવેશ થયો હતો!

● **ગાંધીધામ તાલુકો :**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સ્મૃતિ સાથે સંકળાયેલો, સૌથી વધુ સાક્ષરતા દર (૬૬.૯%) ધરાવતો નવરચિત ગાંધીધામ તાલુકો વિસ્તારની દૃષ્ટિએ સૌથી નાનો તાલુકો છે, પણ જિલ્લાની સૌથી વધુ શહેરી વસતી (૨,૮૮,૧૮૫) ધરાવે છે. શંકરસિંહ વાઘેલાની સરકાર વખતે ૨૪મી ઓક્ટોબર, ૧૯૯૭માં દસ ગામોના વહીવટ સાથે નવો તાલુકો ગાંધીધામ અસ્તિત્વમાં આવેલો છે. ગાંધીધામ તાલુકાની નવરચના સાથે કચ્છના તાલુકાની સંખ્યા વધીને દસ થઈ છે. અગાઉ આ તાલુકાનો વિસ્તાર અંજાર તાલુકાનો ભાગ હતો. અંજાર તાલુકાની રચના ૧૮૭૮માં થયા પછી લગભગ ૧૨૦ વર્ષે એનો એક ભાગ નૂતન તાલુકો બન્યો. મુખ્ય મથક ગાંધીધામમાં તાલુકા સ્તરની વિવિધ કચેરીઓ કાર્યરત છે.


આ તાલુકાના દસ ગામોમાં ગાંધીધામ, આદિપુર, ખારી રોહર, મીઠી રોહર, ચુડવા, ગળપાદર, અંતરજાળ, શિણાય, કિડાણા, પડાણા અને ભારાપર છે. તાલુકાની ઉત્તરે ભચાઉ તાલુકો, દક્ષિણે અને પૂર્વે કચ્છનો અખાત, પશ્ચિમ અને દક્ષિણ પશ્ચિમે અંજાર તાલુકો છે. લગભગ બે દાયકા જૂના આ તાલુકામાં ગુજરાતનું એકમાત્ર મહાબંદર કંડલાનો સમાવેશ થાય છે. કચ્છના આર્થિક પાટનગર લેખાતા ગાંધીધામને પૂર્વ કચ્છનું વડું મથક ગણાયું છે અને ત્યાં પોલીસ દળના પૂર્વ કચ્છના એસ.પી.ની કચેરી આવેલી છે. તાલુકાની કુલ વસતી ૩,૨૭,૧૬૬ છે એ પૈકી પુરુષ ૧,૭૪,૩૪૩ અને સ્ત્રી ૧,૫૨,૮૨૩ છે.

ભારતના પશ્ચિમ કિનારાના મહત્ત્વના કંડલા બંદરની પાયાવિધિ પ્રથમ પંતપ્રધાન પં. નહેરુએ ૧૯૫૨માં કરી હતી. આ બંદર રેલવે, નેશનલ હાઈવે તથા હવાઈ મથકથી જોડવામાં આવ્યું છે. દેશ આઝાદ થતાં સિંધમાંથી હિજરત કરી આવેલા સિંધી ભાઈઓને વસાવવા ગાંધીધામ - આદિપુર નવા નગરો વસાવાયા છે.

*(ક્રમશઃ)*

*'ખિંકાર', પ્લોટ ૧૮૯-૧૯૦, આઈયા નગર, મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ● મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩*

# મહાત્મા ગાંધીજીની પુણ્યતિથિના ૭૫ વર્ષ



ડૉ. મિહિર એમ. વોરા

૩૦ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ મહાત્મ ગાંધીજીની પુણ્યતિથિના ૭૫ વર્ષ થશે. આ દિવસને દેશમાં 'શહીદ દિવસ' તરીકે યાદ કરવામાં આવે છે ત્યારે મહાત્મા ગાંધીજીના જીવનના અંશો જાણીએ.

મોહનદાસ કરમચંદ ગાંધીને મહાત્મા કહેવામાં આવે છે. તેઓ એક ચતુર રાજનેતા હતા. તેઓ અંગ્રેજોના શાસનમાંથી ભારતને આઝાદ કરાવવાની લડાઈ લડ્યા હતા અને ગરીબ ભારતીયોના અધિકાર માટે અવાજ ઉઠાવ્યો હતો. મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે ભારતે બહાર પાડેલી મિનીએચર શીટ (લઘુચિત્ર)માં ગાંધીજીની આઠ ટિકિટો બહાર પડાઈ છે. જે ભારત દ્વારા બહાર પડાયેલી સૌપ્રથમ વર્તુળાકાર ટપાલ ટિકિટો છે.

**મહાત્મા ગાંધી એકમાત્ર વિશ્વની એવી હસ્તી છે, જેમની છબી સાથે વિશ્વના ૧૩૨ દેશોએ સ્ટેમ્પ, સિક્કા અને નોટ બહાર પાડ્યા છે.** આવો આદર મેળવનારા ગાંધીજી સમગ્ર વિશ્વના એકમાત્ર હસ્તી છે. વિશ્વના કોઈ નેતાને આટલી હદે બહુમાન મળ્યું હોય તેવું હજુ સુધી બન્યું નથી. મહાત્મા ગાંધીનું ચિત્ર માત્ર ભારતની ચલણી નોટ, સિક્કા અને ટપાલ ટિકિટ પૂરતું સીમિત નથી. ગાંધીજીના નામની ટપાલ ટિકિટ, સિક્કા અને નોટ્સ વિશ્વના ૧૩૩ દેશોએ બહાર પાડ્યા છે.

ભારતમાં વર્ષ ૧૯૪૮માં આઝાદીના પ્રથમ વર્ષની ઉજવણી ચાલતી હતી ત્યારે આ આઝાદીની ઉજવણી નિમિત્તે તેમની પ્રતિમા સાથે સૌપ્રથમ ચાર જુદી જુદી ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી. વર્ષ ૨૦૧૭માં આ ચાર સ્ટેમ્પની હરાજી થઈ ત્યારે તેની પાંચ લાખ પાઉન્ડ જેટલી કિંમત ઉપજી હતી. તે વખતે જે સ્ટેમ્પ બહાર પડાયેલી તે માત્ર દેશના પ્રથમ ગવર્નર જનરલ રાજગોપાલાચારીના પત્ર વ્યવહારમાં જ ઉપયોગમાં લેવાતી હતી. **૨જી ઓક્ટોબર, ૧૯૬૯ના દિવસે ગાંધીજીની ૧૦૦મી જન્મ જયંતી હતી. તે દિવસે વિશ્વના ૪૦ દેશોએ ગાંધીજીની સ્ટેમ્પ બહાર પાડી હતી. આ રીતે એકસાથે વિશ્વના ૪૦ દેશોએ ગાંધીજીની ટપાલ ટિકિટ બહાર પાડી ઇતિહાસ સર્જ્યો હતો.** આવી જ રીતે ગાંધીજી જાન્યુઆરી ૧૯૧૫માં સાઉથ આફ્રિકાથી ભારત પરત આવ્યા હતા. તે સમયે દેશમાં આઝાદીનું આંદોલન આકાર પામી ચૂક્યું હતું. ગાંધીજીના ભારત આગમનની શતાબ્દી વખતે વર્ષ ૨૦૧૫માં ભારત સરકારે બે સ્મૃતિ ચિહ્ન સમાન સિક્કા બહાર પાડ્યા હતા. જેમાં ગાંધીજી વકીલ અને તે સાથે જ રાષ્ટ્રપિતા તરીકે તેમ બે ઇમેજમાં દર્શાવાયા છે. વર્ષ ૧૯૬૯માં ગાંધીજીની જન્મ શતાબ્દી નિમિત્તે ૧, ૨, ૫, ૧૦ અને ૧૦૦ રૂપિયાની ચલણી નોટ બહાર પાડવામાં આવી હતી.

વર્ષ ૧૯૮૭માં દેશમાં પ્રથમવાર રૂા. ૫૦૦ની ચલણી નોટ બહાર પડી હતી. તેમાં પણ ગાંધીજીને સ્થાન અપાયું. આ નોટની રીવર્સમાં ગાંધીજીના નેતૃત્વમાં કૂચ કરતા સ્વાતંત્ર્ય સેનાનીઓની છબી પણ અંકિત કરાઈ હતી. વર્ષ ૨૦૧૬થી ભારત સરકારે નવી કલર સ્કીમ અને ડિઝાઈન સાથે ચલણી નોટ બહાર પાડવાનું શરૂ કર્યું. ફ્રાન્સ, જર્મની, ઉત્તરી આયર્લેન્ડ, શ્રીલંકા, તુર્કી, રશિયા, ઇરાક, ઇરાન, અફઘાનિસ્તાન, ઉત્તર કોરીયા, ક્યુબા, ચેક રીપબ્લિક સહિત અન્ય અનેક દેશોએ ગાંધીજીના નામની ટપાલ ટિકિટ બહાર પાડી છે. અનેક દેશોએ ન માત્ર ટિકિટ પરંતુ સોવેનિયર તરીકે સિક્કા અને નોટ્સ પણ બહાર પાડ્યા છે. આ એવા નોટ્સ અને સિક્કા છે, જે કાયમી ચલણમાં ન હોય પરંતુ યાદગીરી રૂપે સોવેનિયરમાં બહાર પાડવામાં આવેલા હોય છે. **અહિંસક વિરોધના તેમણે શીખવેલા મંત્રને આજે સમગ્ર દુનિયામાં આદર સાથે યાદ કરવામાં આવે છે.**

મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ ઉત્તર-પશ્ચિમ ભારતના પોરબંદર રાજ્યમાં બીજી ઓક્ટોબર, ૧૮૬૯ના દિવસે થયો હતો. તેમનો પરિવાર શ્રીમંત હતો. મોહનદાસ ગાંધીના પિતા કરમચંદ પોરબંદર રજવાડાના દીવાન હતા. તેમનાં માતા ધાર્મિક પ્રકૃતિના હતા. તેઓ પૂજા-અર્ચના માટે મંદિર જતા હતા અને ઉપવાસ પણ રાખતા હતા. માતાએ મોહનને હિંદુ પરંપરા અને મૂલ્યોનું પાક્કું જ્ઞાન આપ્યું હતું. તેમણે ગાંધીને હંમેશાં શાકાહારી બની રહેવાની સલાહ આપી હતી. બાળક મોહનને માતા પાસેથી ધાર્મિક સહિષ્ણુતા, સાધારણ જીવનશૈલી અને અહિંસાના સંસ્કાર પણ મળ્યા હતા. રાજકોટમાં અભ્યાસ કરવા માટે તેઓ પહેલીવાર પોરબંદરની બહાર ગયા હતા. બાળકોનો ઉછેર સારી

*સલાહના સો શબ્દો કરતાં અનુભવની એક ઠોકર ઈન્સાનને વધુ મજબૂત બનાવે છે.*

રીતે કરવાના હેતુસર મોહનદાસના પિતા તેમના પરિવારને રહેવા માટે પોરબંદરથી રાજકોટ લાવ્યા હતા. રાજકોટમાં સારા શિક્ષણની વ્યવસ્થા હતી અને મોહનદાસને અંગ્રેજીનું શિક્ષણ આપવામાં આવ્યું હતું. ૧૩ વર્ષની વયે મોહનદાસ ગાંધીનાં લગ્ન કસ્તુરબા સાથે થયા હતા. કસ્તુરબા રાજકોટના રહેવાસી હતા અને લગ્ન સમયે કસ્તુરબા મોહનદાસથી એક વર્ષ મોટાં એટલે કે ૧૪ વર્ષના હતા. એ સમયગાળામાં મોહનદાસ ગાંધી એક બળવાખોર યુવાન હતા. મોહનદાસ મુંબઈની ભાવનગર કોલેજમાં અભ્યાસ કરતા હતા, પણ તેઓ ત્યાં ખુશ ન હતા. એ સમયે તેમને લંડનના વિખ્યાત ઇનર ટેમ્પલમાં કાયદાનો અભ્યાસ કરવાનું આમંત્રણ મળ્યું હતું. પરિવારના વડીલોએ મોહનદાસને સમજાવ્યા હતા કે વિદેશ જશો તો નાતબહાર મૂકી દેવામાં આવશે, પરંતુ બધી મુશ્કેલીઓને અવગણીને ગાંધી અભ્યાસ માટે લંડન ચાલ્યા ગયા હતા.

લંડનમાં મોહનદાસ ગાંધી સંપૂર્ણપણે પશ્ચિમી રંગમાં રંગાઈ ગયા હતા, પણ એ સમયે લંડનમાં ચાલી રહેલા શાકાહારી આંદોલનમાં તેમને ભાઈચારો દેખાયો હતો અને તેઓ તેમાં જોડાઈ ગયા હતા. એ ઉપરાંત લંડનની થિયોસોફિકલ સોસાયટીમાંથી પણ તેમને હિંદુ પરંપરાના પાઠ ભણવા મળ્યા અને સ્વદેશ પરત આવવાની પ્રેરણા મળી, જેના સંસ્કાર મોહનદાસને તેમનાં માતાએ આપ્યા હતા. શાકાહારી ભોજનનો આગ્રહ, શરાબના સેવન અને યૌન સંબંધથી દૂર રહીને મોહનદાસ પોતાનાં મૂળ ભણી પાછા ફરવા લાગ્યા હતા. થિયોસોફિકલ સોસાયટીની પ્રેરણાથી તેમણે વિશ્વબંધુત્વને પોતાનો સિદ્ધાંત બનાવ્યો હતો. જેમાં તમામ માનવો અને ધર્મોમાં શ્રદ્ધા ધરાવનારાઓને સમાન દરજ્જો આપવાનું સપનું સમાહિત હતું. એ ઉંમરે મોહનદાસને પોતાનામાં સુધારા કરવાની ઇચ્છા હતી. પોતાની નજરમાં જે કામ પાપ હોય એ કર્યા બાદ મોહનદાસ પ્રાયશ્ચિત કરતા હતા. તેનું વિગતવાર વર્ણન તેમણે તેમની આત્મકતા 'સત્યના પ્રયોગો'માં કર્યું છે. મોહનદાસ ગાંધીના પિતા મરણ પથારીએ હતા ત્યારે મોહનદાસ પિતાને છોડીને પોતાની પત્ની પાસે ચાલ્યા ગયા હતા અને તેમના પિતાનું અવસાન થયું હતું. એ ઘટના પછી મોહનદાસને પોતાના વ્યવહાર બાબતે બહુ પસ્તાવો થયો હતો.

મોહનદાસનું પહેલું બાળક જન્મના થોડા સમયમાં જ મૃત્યુ પામ્યું હતું. જેને ગાંધીએ પોતાના પાપ માટે ઇશ્વરે આપેલો દંડ ગણ્યું હતું. પોતાના પિતાના મૃત્યુ સમયે તેમની પાસે ન હોવા બાબતે ગાંધીએ કહ્યું હતું, 'હું બહુ શરમ અનુભવતો હતો અને ખુદને અભાગિયો માનતો હતો. હું મારા પિતાના ઓરડા તરફ દોડ્યો હતો. જ્યારે મેં તેમને જોયા ત્યારે વિચાર્યું કે મારા પર વાસના સવાર ન થઈ હોત તો મારા પિતાએ મારા ખોળામાં જ અંતિમ શ્વાસ લીધા હોત.'

કાયદાનો અભ્યાસ પૂરો કર્યા બાદ મોહનદાસ ગાંધી ભારત પરત આવ્યા હતા અને વકીલાત કરવા લાગ્યા હતા. તેઓ તેમનો પહેલો જ કેસ હારી ગયા હતા. એ દરમ્યાન તેમને એક અંગ્રેજ અધિકારીના ઘરમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. આ ઘટનાથી અત્યંત અપમાનિત થયેલા મોહનદાસ ગાંધીને દક્ષિણ આફ્રિકામાં કામ કરવાનું આમંત્રણ મળ્યું હતું, જે તેમણે તરત જ સ્વીકારી લીધું હતું. દક્ષિણ આફ્રિકામાં મોહનદાસ ગાંધી ટ્રેનમાં ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં પ્રવાસ કરી રહ્યા હતા ત્યારે તેમને એક અંગ્રેજે સામાન સહિત ડબ્બામાંથી બહાર ફેંકાવી દીધા હતા.

દક્ષિણ આફ્રિકામાં બિનનિવાસી ભારતીયો સાથે થતા વર્તન અને ભેદભાવના વિરોધમાં તેમણે દક્ષિણ આફ્રિકામાં ઇન્ડિયન કોંગ્રેસની સ્થાપના કરી હતી. ભારતીયોને બાકીના સમાજથી અલગ રાખવાના વિરોધમાં ગાંધીએ દક્ષિણ આફ્રિકાના નાતાલ પ્રાંતમાં આંદોલન શરૂ કર્યું હતું. દક્ષિણ આફ્રિકામાં ભારતીયોના અધિકારો માટેના આ સંઘર્ષ દરમ્યાન જ ગાંધીએ સ્વ-શુદ્ધિકરણ અને સત્યાગ્રહ જેવા સિદ્ધાંતોના પ્રયોગ શરૂ કર્યા હતા. સ્વ-શુદ્ધિકરણ અને સત્યાગ્રહ ગાંધીના અહિંસાના વ્યાપક વિચારનો હિસ્સો હતા. એ દરમ્યાન ગાંધીએ બ્રહ્મચર્યનું વ્રત લીધું હતું અને ભારતીય પરંપરામાં સાદગીનું વસ્ત્ર ગણાતી સફેદ ધોતી પહેરવાનું શરૂ કર્યું હતું. વંશીય ભેદભાવ સામે આંદોલન છેડ્યું. ટ્રેનના ફર્સ્ટ ક્લાસના ડબ્બામાંથી બહાર ફેંકી દેવાની ઘટના એક ટર્નિંગ પોઇન્ટ હતી.

દક્ષિણ આફ્રિકામાં રહેતા ભારતીયો પર લાદવામાં આવેલા ત્રણ પાઉન્ડ ટેક્સના વિરોધમાં મોહનદાસ ગાંધીએ ૧૯૧૩માં આંદોલન શરૂ કર્યું હતું. દક્ષિણ આફ્રિકામાં કામ કરતા ભારતીય મજૂરો, ખાણિયાઓ અને ખેત મજૂરોને એ આંદોલન દરમ્યાન મોહનદાસ ગાંધીએ પહેલીવાર સંગઠિત કર્યા અને તેમના અગ્રણી બન્યા. પાછલાં અનેક વર્ષોના પોતાના સંઘર્ષની મદદથી મોહનદાસ ગાંધીએ ૨,૨૨૧ લોકોની સાથે નાતાલથી ટ્રાન્સવાલ સુધીની વિરોધ પદયાત્રાનો નિર્ણય કર્યો હતો, જેને તેમણે અંતિમ સવિનય અવજ્ઞા એવું નામ આપ્યું હતું. એ પદયાત્રા દરમ્યાન જ ગાંધીની ધરપકડ કરવામાં આવી હતી. તેમને નવ મહિનાના કારાવાસની સજા કરવામાં આવી હતી. પરંતુ તેમણે શરૂ કરેલી હડતાલનો વધુ ફેલાવો થયો હતો. એ પછી દક્ષિણ આફ્રિકાની અંગ્રેજ સરકારે ભારતીયો પર લાદવામાં આવેલો ટેક્સ પાછો ખેંચવો પડ્યો હતો અને ગાંધીને જેલમાંથી મુક્ત કરવા પડ્યા હતા.

*એ લોકો ખુશનસીબ છે જેના સંજોગો એના સ્વભાવને મળતા આવે છે પરંતુ એ લોકો ઉત્તમ છે જે પોતાના સ્વભાવને સંજોગો પ્રમાણે ગોઠવી શકે છે.*

દક્ષિણ આફ્રિકામાં બ્રિટીશ શાસન સામેની ગાંધીની આ જીતનો ઈંગ્લેન્ડના અખબારોએ જોરદાર પ્રચાર કર્યો હતો. એ સફળતા પછી ગાંધી આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખાવા લાગ્યા હતા. દક્ષિણ આફ્રિકામાં પોતાના આંદોલનની સફળતા પછી મોહનદાસ ગાંધી એક વિજેતા સ્વરૂપે સ્વદેશ પાછા ફર્યા હતા. ભારત આવ્યા પછી મોહનદાસ ગાંધી અને કસ્તુરબાએ રેલવેમાં થર્ડ ક્લાસના ડબ્બામાં ભારત ભ્રમણનો નિર્ણય કર્યો હતો. એ ભારતયાત્રા દરમ્યાન ગાંધીએ પોતાના દેશની ગરીબી અને લોકોને જોયા તો તેનો જોરદાર આઘાત લાગ્યો હતો. એ દરમ્યાન અંગ્રેજ સરકારના કાળા કાયદા રોલેટ એક્ટના વિરોધની જાહેરાત ગાંધીએ કરી હતી. એ કાયદા હેઠળ સરકારને એવો અધિકાર મળ્યો હતો કે તે કોઈ પણ નાગરિકને ચરમપંથી હોવાની શંકાના આધારે પકડીને જેલમાં ગોંધી શકે. મોહનદાસ ગાંધીના કહેવાથી સમગ્ર દેશમાંથી હજારો લોકો કાયદાના વિરોધમાં રસ્તા પર ઉતરી પડ્યા હતા. તમામ શહેરોમાં વિરોધ પ્રદર્શનો થયા હતા. એ દરમ્યાન અનેક સ્થળે હિંસા ભડકી ઉઠી હતી. **અમૃતસરમાં જનરલ ડાયરે ૨૦ હજારથી વધુ લોકોની ભીડ પર ગોળીબાર કરાવ્યો હતો. તેમાં ૪૦૦થી વધુ લોકોના મોત થયા હતા અને ૧૩૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.**

આ હત્યાકાંડ પછી ગાંધીને ખાતરી થઈ ગઈ હતી કે તેમણે ભારતની આઝાદીનું આંદોલન શરૂ કરવું જોઈએ. પોતાની વધતી લોકપ્રિયતાને કારણે ગાંધી હવે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના મોખરાના નેતા બની ગયા હતા. તેઓ બ્રિટનથી ભારતની આઝાદીના આંદોલનના અગ્રણી પણ બની ગયા હતા. મહાત્મા ગાંધીએ સંઘર્ષ માટે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસને લોકપ્રિય પક્ષ બનાવ્યો હતો. એ પહેલા કોંગ્રેસ શ્રીમંત ભારતીયોનું એક જૂથ માત્ર હતી. ગાંધીએ ધાર્મિક સહિષ્ણુતા અને તમામ ધર્મોની આઝાદીના આધારે ભારત માટે સ્વાતંત્ર્ય માંગ્યું હતું. ગાંધીની અહિંસક આંદોલનની અપીલને લીધે થતાં વિરોધ પ્રદર્શનોને ભારતીય સમાજના તમામ વર્ગો તથા ધર્મોનું સમર્થન મળવા લાગ્યું હતું. તેમણે બ્રિટીશ શાસન વિરૂધ્ધ અસહકાર આંદોલનની શરૂઆત કરી. ગાંધીની અપીલ પર ભારતની જનતાએ બ્રિટીશ માલસામાનનો બહિષ્કાર શરૂ કર્યો હતો. તેના જવાબમાં બ્રિટીશ શાસકોએ ગાંધીની દેશદ્રોહના આરોપસર ધરપકડ કરી હતી. તેમને બે વર્ષ જેલમાં રાખવામાં આવ્યા હતા. એક અખબારે ગાંધી પર પાખંડનો આક્ષેપ કર્યો ત્યારે તેમણે કહ્યું હતું કે, 'હું ભારતનો દેશી પોષાક પહેરું છું, કારણકે એ ભારતીય હોવાની સૌથી આસાન અને કુદરતી રીત છે.' ગાંધીના આંદોલન અને તેમની માંગણીઓની અવગણના કરવાનું હવે અંગ્રેજ શાસકો માટે આસાન રહ્યું ન હતું. તેથી બ્રિટીશ સરકારે ભારતના રાજકીય ભવિષ્ય વિશે વાત કરવા માટે લંડનમાં એક ગોળમેજી પરિષદનું આયોજન કર્યું હતું. પરંતુ તેમાં ચર્ચાથી અંગ્રેજોએ તમામ ભારતીયોને દૂર જ રાખ્યા હતા.

તેથી ગાંધી બહુ નારાજ હતા. તેમણે અંગ્રેજોના મીઠાના કાયદા સામે આંદોલન શરૂ કર્યું. એ સમયના બ્રિટીશ કાયદા અનુસાર, ભારતીય નાગરિકો મીઠું એકઠું કરી શકતા ન હતા અને તેનું વેચાણ પણ કરી શકતા ન હતા. એ કાયદાને કારણે ભારતીયોએ અંગ્રેજો પાસેથી ઊંચી કિંમતે મીઠું ખરીદવું પડતું હતું. ગાંધીએ હજારો લોકો સાથે દાંડીકૂચ શરૂ કરી હતી અને બ્રિટીશ સરકારના પ્રતિકાત્મક વિરોધ સ્વરૂપે મીઠાના કાયદાનું ઉલ્લંઘન કર્યું હતું. તેથી અંગ્રેજોએ તેમની ધરપકડ કરી હતી. ગાંધીનું આંદોલન બહુ વિસ્તરી ગયું હતું. હજારો લોકોએ અંગ્રેજ સરકારને ટેક્સ તથા મહેસૂલ ચૂકવવાનો ઈન્કાર કર્યો હતો. આખરે અંગ્રેજ સરકારે ઝૂકવું પડ્યું ત્યારે ગાંધીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા માટે લંડન જવા રવાના થયા હતા. મીઠાના સત્યાગ્રહ પછી એક મુઠ્ઠી મીઠું લઇ ગાંધીએ કહ્યું હતું કે 'આ એક મુઠ્ઠી મીઠાથી હું બ્રિટીશ સામ્રાજયના પાયાને લૂણો લગાડી રહ્યો છું.' ગાંધી લંડનમાં આયોજિત ગોળમેજી પરિષદમાં સામેલ થયેલા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના એકમાત્ર પ્રતિનિધિ હતા. લંડનની આ પરિષદમાં ભારતીય પરિધાનમાં પહોંચીને ગાંધીએ ભારતની શક્તિશાળી છબી પ્રસ્તુત કરી હતી. પરંતુ ગોળમેજી પરિષદ ગાંધી માટે નિષ્ફળ સાબિત થઈ હતી.

બ્રિટીશ સામ્રાજ્ય ભારતને આઝાદ કરવા તૈયાર ન હતું. એ ઉપરાંત મુસલમાન, શીખ અને બીજા ભારતીય પ્રતિનિધિઓ પણ ગાંધીની સાથે ન હતા કારણકે ગાંધી તમામ ભારતીયોના પ્રતિનિધિ છે એવું અંગ્રેજોને લાગતું ન હતું. જોકે, ગાંધીને બ્રિટીશ બાદશાહ જ્યોર્જ પાંચમાને મળવાની તક મળી. એ ઉપરાંત ગાંધી ત્યાં મિલના મજૂરોને પણ મળ્યા હતા. આ મુલાકાતોથી ગાંધીને ખૂબ ખ્યાતિ મળી હતી. સાથે તેમણે ભારતની રાષ્ટ્રવાદી માંગ માટે બ્રિટીશરોની સહાનુભૂતિ પણ મેળવી હતી. ગાંધીની બ્રિટન મુલાકાત બાબતે શક્તિશાળી બ્રિટીશ નેતા વિન્સ્ટન ચર્ચિલે કહ્યું હતું કે, 'શ્રી ગાંધી, જે એક સરેરાશ દરજ્જાના વકીલ છે, તેઓ ખુદને એક ફકીરના સ્વરૂપમાં રજૂ કરી રહ્યા છે એ બહુ ડરામણું અને ધૃણાસ્પદ છે.' ગોળમેજી પરિષદમાં પોતાની નિષ્ફળતા બાદ ગાંધીએ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું અધ્યક્ષપદ છોડવાનો નિર્ણય કર્યો હતો. તેઓ પક્ષમાં હાંસિયામાં ધકેલાઈ ગયા હતા.

નાઝીઓ વિરૂધ્ધના જંગમાં બ્રિટનને ટેકો આપવા ચર્ચિલે ભારતને કહ્યું ત્યારે ગાંધીએ એ વાતે જીદ પકડી હતી કે ભારતીયો પોતાના જ ઘરમાં અંગ્રેજોના ગુલામ છે ત્યાં સુધી ભારતે બ્રિટનને તેની નાઝીઓ સામેના જંગમાં ટેકો આપવો ન જોઈએ. હવે

ગાંધીએ બ્રિટીશ શાસન વિરૂધ્ધ એક નવા અહિંસક આંદોલન 'અંગ્રેજો ભારત છોડો'ની શરૂઆત કરી હતી. ગાંધી અને તેમના પત્ની કસ્તુરબાને આંદોલનની શરૂઆતમાં જ જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. એ પછી ગાંધીને જેલમાંથી મુક્ત કરવાની માંગણી સાથે દેશભરમાં હિંસક આંદોલન શરૂ થયું હતું. પરંતુ બ્રિટનના વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલ ઝુકવા તૈયાર ન હતા. ગાંધીના પત્ની કસ્તુરબાનું નજરકેદમાં જ મૃત્યુ થયું હતું. તેના ઘણા મહિના પછી ૧૯૪૪માં ગાંધીને પણ નજરકેદમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. **'અંગ્રેજો ભારત છોડો' આંદોલન પહેલાં ગાંધીએ કહ્યું હતું કે, 'આપણે ભારતને આઝાદ કરાવવું જોઈએ અથવા આ પ્રયાસમાં પોતાનું બલિદાન આપવું જોઈએ. પરંતુ અમે કોઈપણ કિંમતે આજીવન ગુલામ તરીકે જીવવા રાજી નથી.'**

ભારતીયોમાં આઝાદીની માંગણી દિન-પ્રતિદિન પ્રબળ થતી જતી હતી. આખરે મજબૂર થઈને બ્રિટીશ સરકારે ભારતની આઝાદી માટે ચર્ચા શરૂ કરી હતી. પરંતુ ગાંધી જેના માટે લાંબા સમયથી સંઘર્ષ કરી રહ્યા હતા તે પરિણામ આવ્યું નહીં. માઉન્ટબેટનના પ્લાન અનુસાર, ભારતનું વિભાજન કરીને ભારત અને પાકિસ્તાન નામના બે સ્વતંત્ર દેશ બનાવવામાં આવ્યા હતા. એ વિભાજન ધાર્મિક આધારે થયું હતું. રાજધાની દિલ્હીમાં દેશની આઝાદીના ઉત્સવની ઉજવણી ચાલતી હતી, પણ "એકજૂથ" દેશનું ગાંધીનું સપનું ધરાશાયી થઈ ગયું હતું. વિભાજનને કારણે વ્યાપક પ્રમાણમાં હત્યાઓ થઈ હતી. લગભગ એક કરોડ લોકોએ પોતાનાં ઘરબાર છોડવા પડ્યા હતા.

ગાંધી દુઃખી થઈને દિલ્હી શહેર છોડીને કલકત્તા માટે રવાના થયા હતા, જેથી હિંસાને રોકીને ત્યાં શાંતિ સ્થાપી શકાય. દેશના વિભાજનને કારણે જોરદાર હિંસા થઈ હતી. ગાંધી કલકત્તાથી દિલ્હી પાછા ફર્યા હતા. એ દરમ્યાન એક દિવસ તેઓ દિલ્હીના બિરલા હાઉસમાં એક પ્રાર્થના સભામાં જતા હતા ત્યારે નાથુરામ ગોડસેએ તેમના પર હુમલો કર્યો હતો. ગાંધીની છાતીમાં ત્રણ ગોળી મારવામાં આવી હતી. તેઓ 'હે રામ!' કહીને નીચે ઢળી પડ્યા હતા. મોટાભાગના ભારતીયો માટે મહાત્મા ગાંધીનું મૃત્યુ એક રાષ્ટ્રીય દુર્ઘટના હતું. દિલ્હીમાં મહાત્મા ગાંધીની અંતિમયાત્રા નીકળી ત્યારે ૧૦ લાખથી વધુ લોકો સામેલ થયા હતા. તેમના અંતિમ સંસ્કાર યમુનાના કિનારે કરવામાં આવ્યા હતા. અહિંસા અને શાંતિના આ પૂજારીના મોતનો શોક આખી દુનિયાના લોકોએ મનાવ્યો હતો. ગાંધી જીવંત હતા ત્યાં સુખી અખંડ ભારતનું તેમનું સપનું સાકાર થતું જોઈ શક્યા ન હતા. મૃત્યુ વિશે ખુદ મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે, 'મૃત્યુ વચ્ચે જિંદગી પોતાનો સંઘર્ષ ચાલુ રાખે છે. અસત્યની વચ્ચે સત્ય પણ અટલ અડગ રહે છે. ચારેબાજુ અંધારાની વચ્ચે રોશની ચમકતી રહે છે.'

*__સંદર્ભ :__ 'ગાંધી જયંતી : બેજવાબદાર યુવાનથી રાષ્ટ્રપિતા સુધી મહાત્મા ગાંધીની જીવનયાત્રા' ડેવિડ હાર્ડિમેન. ઈતિહાસકારના ઓક્ટોબર ૨૦૧૯ના લેખ આધારીત માહિતી (BBC Gujarati), વીકિપીડિયા, વિવિધ લેખકોના બ્લોગ અને તેમના લેખ અને વિવિધ અખબારી અહેવાલો.*

***"પરમેશ્વરી", પ્લોટ નં.-૧૬૫, વિજયનગર એરીયા, હોસ્પિટલ રોડ, ખાવડા મેસુક ઘરની સામે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## ભૂકંપ ૨૦૦૧

**(અનુસંધાન : પાના નં. – ૧૯ ઉપરથી ચાલુ)**


કારણે કચ્છમાં ૨૦૦૧ પછી વિકાસ પામ્યા છે. કચ્છ આકર્ષણનું કેન્દ્ર બન્યું હોય તો એમાં પ્રવાસન ઉદ્યોગની મોટી ભૂમિકા છે. રણોત્સવ જેવા કાર્યક્રમો દ્વારા રાજ્ય સરકારે તેને વેગ આપ્યો છે. જે કચ્છમાં અગાઉ માત્ર સંશોધકો જ વધુ જોવા મળતા હતા ત્યાં હવે પર્યટકો વધુ જોવા મળે છે. સફેદ રણમાં ઉજવાતો રણોત્સવ જગવિખ્યાત બન્યો છે. ઉપરાંત સ્મૃતિ વન અને વિજ્ઞાન મ્યુઝીયમ – જે ભુજીયાની તળેટીમાં બન્યું છે અને અંજારમાં ભૂકંપમાં અવસાન પામેલા બાળકો માટેનું બાળ સ્મારક પણ જોવાલાયક છે. તો ભુજના પ્રાગ મહેલ, આઈના મહેલ જેવી ઐતિહાસિક ઈમારતો નિહાળવા રોજ પંદરસોથી બે હજાર જેટલા પર્યટકો આવે છે. આટલા પર્યટકો ભૂકંપ અગાઉ આવતા નહોતા. વેકેશનમાં હોટલ માટે ચાર મહિના અગાઉ એડવાન્સ બુકિંગ થવા માંડ્યા છે. કચ્છમાં આજે જે વિશાળ રસ્તા જોવા મળે છે એ ભૂકંપ અગાઉ નહોતા. ગામડાઓનું શહેરો સાથેનું અનુસંધાન વધ્યું છે. જેના લીધે ધંધા રોજગાર ઉપરાંત સુખાકારી વધી છે. કચ્છના પરંપરાગત હસ્તકલા ઉદ્યોગ સાથે અનેક સંસ્થાઓ જોડાઈ છે અને કારીગરો વધુ આવક રળતા થયા છે. ફિનિક્સ પક્ષી રાખમાંથી બેઠું થાય છે એ એક કલ્પના છે, વાસ્તવિક્તા નથી. ભૂકંપમાં જમીનદોસ્ત થયેલું કચ્છ ન માત્ર બેઠું થયું છે, બલકે આગળ વધી રહ્યું છે. આ કલ્પના નથી, વાસ્તવિક્તા છે.

*સંદર્ભ : વીકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલો અને વિવિધ લેખકોના બ્લોગ અને લેખ આધારીત માહિતી.*

***"પરમેશ્વરી", પ્લોટ નં.-૧૬૫, વિજયનગર એરીયા, હોસ્પિટલ રોડ, ખાવડા મેસુક ઘરની સામે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

***અભિમાન કહે છે કોઈની જરૂર નથી, અનુભવ કહે છે ધૂળની પણ જરૂરત પડે.***

# ભૂકંપ ૨૦૦૧



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, આજથી ૨૨ વર્ષ પહેલા – ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના દિવસે ગુજરાતના કચ્છ જિલ્લામાં ભૂકંપે વિનાશ વેર્યો હતો. શુક્રવારના દિવસે બરાબર ૮.૪૫ના ટકોરે સમગ્ર દેશ સાથે કચ્છ જિલ્લો પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં વ્યસ્ત હતો, ત્યારે અચાનક ધરા ધ્રૂજવા લાગી હતી. રીક્ટર સ્કેલ પર ૬.૯ની તીવ્રતાના ભૂકંપે થોડી જ ક્ષણોમાં બધું જ હતું ન હતું કરી નાખ્યું હતું. આ ભૂકંપના એક આંચકામાં હજારો ઈમારતો પત્તાના મહેલની જેમ જમીનદોસ્ત થઈ ગઈ હતી. જેમાં અંદાજે ૨૦ હજાર લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા.

આ ભૂકંપ ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ ભારતના બાવનમા પ્રજાસત્તાક દિવસે સવારે ૮.૪૬એ આવ્યો હતો અને ૨ મિનિટ કરતા વધુ ચાલ્યો હતો. આ ધરતીકંપનું કેન્દ્ર ગુજરાતના કચ્છ જિલ્લામાં ભચાઉ તાલુકાના ચોબારી ગામથી ૯ કિ.મી. દક્ષિણ પશ્ચિમે (૨૩.૪૧૯° ઉ – ૭૦.૨૩૨° પૂ.) હતું. આ ધરતીકંપ ૭.૭ માપનો હતો. ધરતીકંપને કારણે આશરે ૨૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા હતા... ૧,૬૭,૦૦૦ લોકો ઈજા પામ્યા હતા. આશરે ૪,૦૦,૦૦૦ ઘરો વિનાશ પામ્યા હતા. ભુજ શહેર, જે ધરતીકંપના કેન્દ્રથી માત્ર ૨૦ કિ.મી. દૂર હતું, તે મોટાભાગે નાશ પામ્યું હતું. ભચાઉ અને અંજારમાં પણ ધરતીકંપને કારણે ભારે વિનાશ થયો હતો. ભુજના ૪૦ ટકા ઘરો, ૮ શાળાઓ, ૨ હોસ્પિટલ અને ૪ કિ.મી.નો માર્ગ નાશ પામ્યા હતા. શહેરનું ઐતિહાસિક સ્વામિનારાયણ મંદિર, ઐતિહાસિક કિલ્લાઓ, પ્રાગ મહેલ અને આઇના મહેલને પણ ભારે નુકસાન થયું હતું. અંજાર, ભુજ અને ભચાઉ તાલુકાના હજારો ગામોમાં તારાજી સર્જાઈ હતી. આ ગામોમાં લાખો ઘરો જેમાં ઐતિહાસિક ઈમારતો અને પર્યટક સ્થળોનો સમાવેશ થતો હતો – પણ નાશ પામ્યા હતા. અમદાવાદમાં ૫૦ બહુમાળી ઈમારતો નાશ પામી હતી અને સંખ્યાબંધ લોકોના મૃત્યુ થયા હતા. ભુજની સિવિલ હોસ્પિટલ સંપૂર્ણપણે નાશ પામી હતી. રેડ ક્રોસની કામચલાઉ હોસ્પિટલ, જ્યાં સુધી નવી હોસ્પિટલ બંધાઈ નહીં ત્યાં સુધી ભુજમાં કાર્યરત રહી હતી. ભુજિયા ડુંગર ઉપર ધરતીકંપમાં મૃત્યુ પામેલા લોકો માટે સ્મૃતિવન યાદગીરી રૂપે બનાવવામાં આવ્યું છે. તેમાં દરેક વ્યક્તિને સમર્પિત એવા ૧૩,૮૨૩ વૃક્ષો વાવવામાં આવ્યા છે અને આ બાગમાં ૧૦૮ નાના તળાવો બનાવવામાં આવ્યા છે.

કચ્છ ઉપરાંત રાજ્યના ૨૧ જિલ્લામાં આવેલા ૭૦૦ કિ.મી. સુધીના ઘેરાવામાં આ ભૂકંપની અસર વર્તાઈ હતી. જેમાં ગુજરાતના ૧૮ શહેરો, ૧૮૨ તાલુકા અને ૭૯૦૪ ગામો ભૂકંપની ઝપેટમાં આવી ગયા હતા. સૌથી વધુ ખુવારી કચ્છમાં નોંધાઈ હતી. જેમાં ભુજ, ભચાઉ, અંજાર અને રાપર તબાહ થઈ ગયા હતા. જ્યારે કચ્છના ૪૦૦ ગામો જમીનદોસ્ત થઈ ગયા હતા. ૧૮૧૯માં આવેલા ભૂકંપથી અલ્લાબંધ રચાયો હતો. જમીન એટલી ઊંચે આવી છે, જે સિંધુ નદીના પાણીથી કચ્છ જાહોજલાલીમાં આળોટતું હતું, તે ઉજ્જડ થવા લાગ્યું હતું. કચ્છના છેવાડાના ગામો ખાલી થવા લાગ્યા અને લોકો સ્થળાંતરણ કરી ગયા. આજે પણ અનેક ગામોની ઉજ્જડ પરિસ્થિતિ એ બાબતની સાબિતી છે. જેમાં લખપતનો કિલ્લો તેનો સાક્ષી છે.

અગાઉ ૧૯૫૬માં પણ કચ્છના અંજારમાં ભૂકંપ નોંધાયો હતો. આમ, પાંચ દાયકા બાદ ૨૦૦૧માં કચ્છમાં ફરીથી આવેલા ભૂકંપે ભારે તારાજી સર્જી હતી. આ ભૂકંપની અસર સમગ્ર ગુજરાતમાં જોવા મળી હતી. જેમાં અમદાવાદમાં પણ ભારે નુકસાન નોંધવામાં આવ્યું હતું.

કચ્છમાં જ્યારે ભૂકંપ આવ્યો, ત્યારે લોકોને થોડીવાર તો ખબર જ નહોતી પડી કે આ ભૂકંપ છે. પરંતુ જ્યારે ખબર પડી, ત્યારે ચોતરફ વિનાશ જોવા મળ્યો હતો. ભૂકંપે કચ્છને એ ધરી પર લાવી દીધું હતું કે આખો એકડો જ નવેસરથી ઘૂંટવો પડે. એના માટે વર્ષોના વર્ષો લાગે. પણ કચ્છ જેનું નામ, જ્યાંની પ્રજામાં ખમીર અને ખંત વણાયેલા છે. જેણે એક દાયકાની અંદર જ કચ્છને ન માત્ર બેઠું કરી દીધું બલકે ભૂકંપ અગાઉ જે કચ્છ હતું, તેના કરતાં પણ વધુ પ્રગતિ તેણે કરી છે. કચ્છમાં અનેક સંભાવનાઓ હતી પણ ભૂકંપ અગાઉ તેના પર ધ્યાન નહોતું દેવાયું. ભૂકંપ પછી કચ્છ પ્રત્યે જે સામૂહિક સહાનુભૂતિ જોડાઈ, એને પગલે પ્રગતિના મંડાણ થયા. સિમેન્ટ અને સ્ટીલથી માંડીને અનેક ઉદ્યોગો સરકારશ્રીની ટેક્ષમાં રાહત અંગેની પોલીસીના

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૮ ઉપર)**

# કચ્છી ભાષા માટે યથાર્થ કારણો

**ડૉ. ચંદ્રકાંત ત્રિવેદી**

ગુજરાતના બૌદ્ધિક વિકાસ ધોરણે કચ્છી બોલીને બંધારણની આઠમી અનુસૂચિમાં સામેલ કરી તેને રાજભાષાનો દરજ્જો અપાવવા માટેના જમીનથી જોડાયેલા ઘણા કારણો ગણાવી શકાય. તેની પાછળનું મુખ્ય કારણ ઠેઠ આઝાદી સુધી તે બોલીના માધ્યમથી અપાતું શિક્ષણ. પરિણામે જૂની લોકબોલીના સમૃદ્ધ સર્જન સાથે સાથે તેના લોકગીત, સંસ્કાર ગીત, લોકકથા, કચ્છી સાંસ્કૃતિક પરિવેષમાં સર્જાતું અર્વાચીન કચ્છી બોલીનું માતબર સાહિત્ય સર્જન. જેની ગુણવત્તા ભારતીય પ્રાદેશિક ભાષા સર્જન, આગળ લેશમાત્ર ઝાંખી પડતી નથી. પ્રેમલી કચ્છી બોલી સરલ, મધુર સાથે સાથે ક્રાંતિવીર પણ ખરી, જેણે આઝાદીની લડાઈ લડતા લડતા કચ્છી અસ્મિતાને જગ આગળ છતી કરી અને કરતી રહે છે. તેના જુસ્સાથી કચ્છી ભાષા સાહિત્ય અકાદમી બનવાનું શમણું પૂરું કરી શકી.

બોલી ત્યારે જ રાજભાષા બનવાનો વેગ પકડી શકે જ્યારે લોકો પોતાના રોજિંદા વ્યવહારમાં તેનો પ્રયોગ ખોબલે ખોબલે ભરી કરી શકે. કચ્છના ગ્રામ્ય વિસ્તારોમાં તેની ટકાવારી વધતી જાય છે, જે જોઈ શહેરના સાર્વજનિક વિસ્તારોમાં પણ ગુજરાતી સાથે કચ્છી બોલીના ટહુકાનો ઉમળકો વધતો જાય છે. તે ટકાવારીનો આંકડો કચ્છ અને કચ્છ બહાર વસતી કચ્છી જનતામાં વધતો જશે તેમ તેમ તેની રાજભાષા બનાવવાની ઝુંબેળના બળ તરીકે રાજનેતાના હાથ પણ મજબૂત થતા જશે. મણિપુરી બોલી રાજભાષા બની તેની પાછળનું મુખ્ય પ્રેરકબળ તે બોલીના વ્યવહારમાં થતો જનતાનો જોરદાર ટકાવાર આંકડો હતો.

મારા વિચારો પ્રમાણે કચ્છી બોલીને પાઠ્યક્રમમાં અનિવાર્ય રૂપથી સામિલ કરવામાં આવે તો નવી પેઢીને કચ્છી બોલી પ્રત્યે પોતાની માતૃભાષા તરીકે પ્રેમ જાગે. તે બોલીનું સમૃદ્ધ સાહિત્ય, કલા સમજી શકે. યુવાવર્ગની ચેતના જાગે. સૂચના પ્રાવ્યાંત્રિક યુગમાં કચ્છના સીમાડાને આંતરરાષ્ટ્રીય ધોરણે ત્યાં વસતા કચ્છીપ્રેમી માડુ સાથે સીધો સંબંધ છે. સંયુક્ત પ્રયાસથી વેબસાઈટ તૈયાર કરી તેના પ્રસારણ મારફત કચ્છી બોલીનું ભાષણ તરીકે મહત્ત્વ સમજાવવાના પ્રયાસો થતા રહે તો આ વિષયમાં જાગૃતિ આવી શકે.

વિદેશોમાં વસતા ઘણા કચ્છી કુટુંબો પોતાના માદરે વતનની સંસ્કૃતિ સુગંધ માણવા પોતાના બાળકો સાથે તો ઠીક પણ તેમના પ્રાંગણમાં લહેરાતા ઝાડવા સાથે પણ કચ્છી બોલીમાં ટહુકલા કરતા મેં સાંભળ્યા છે. કચ્છી બોલીમાં લખવા, બોલવાનો સંકલ્પ કરતા જઈશું તો પછી દિલ્હી દૂર નથી. કચ્છી બોલી રાજભાષા બને તો ગુજરાત કે ગુજરાતી ભાષાની અસ્મિતા વધશે, તેની લોકપ્રિયતા વધતી જશે કારણકે કચ્છી બોલીમાં જડ જમીનથી જોડાયેલું ફળદ્રુપ રસભર્યું લાવણ્ય છે જે ગુજરાતી સાક્ષરો પણ સ્વીકારે છે.

*કોટરા, રીજીયોનલ કોલેજની સામે, તેજા ચોક,*
*અજમેર-૩૦૫ ૦૦૪. (રાજસ્થાન)*

**Mr. Prafulchandra Tank**
M. : +91 98250 53258
**Mr. Kishan P. Tank**
M. : +91 99258 11599

K C I
**KARMA**
**CHEMICAL INDUSTRIES**

**Manufacturer of : BASIC DYES**
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

**• FACTORY •**
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445.
Ph. : (079) 25890110

**• RESIDENCE •**
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

*માણસાઈથી મઢેલી હોય તે ઝૂંપડી પણ હવેલી હોય છે.*

# મોજીલું... ઉત્સાહથી છલકતું નગર - ભુજ

દીપક માંકડ

સમય વીતે તેમ બધું જૂનું થાય... માનવી કે પશુ-પંખી વય વધવા સાથે વૃદ્ધાવસ્થા ભણી પ્રગતિ કરે, પરંતુ આ વાત ભુજ નગરને લાગુ નથી પડતી. કચ્છનું પાટનગર ઐતિહાસિક વારસો ધરાવતાં શહેરની સ્થાપનાના ૪૭૫ વર્ષ તાજેતરમાં જ ઉજવાઈ ગયા. પણ અહીંની મુલાકાતે આવનારા પ્રવાસીઓ ધીમા પણ મક્કમ વિકાસથી અંજાઈ જાય છે અને બે-અઢી દાયકા પહેલાં જૂના ભુજને છોડીને બહાર નીકળી જનારા હવે પાછા આવે છે, તો નવા ભુજને જોઇને મોંમાં આંગળા નાખી જાય છે.

માધાપર નળ સર્કલથી લેફ્ટ ટર્ન લઇએ એટલે જમણી તરફ ભુજિયાની ટેકરીઓ શરૂ થાય. એક સમયે ઉજ્જડ લાગતો ભુજિયો સ્મૃતિવનનો શણગાર પામીને ફૂલ્યોફાલ્યો છે. ડાબી તરફ નીચાણમાં પથરાયેલું માધાપર અને તેને લગોલગ નજર કરીએ એટલે દેખાય ભુજનો અફાટ "મકાન સાગર..." આર.ટી.ઓ. એન્કર સર્કલથી નજર આગળ વધે એટલે દેખાય ધબકતું ભુજ. દરેકને પોતાનું વતન ગામ વહાલું હોય. પણ ભુજવાસીઓ દેશ-વિદેશમાં જ્યાં જાય ત્યાં ભુજને ભૂલે નહીં. લંડનના પોશ વિસ્તારમાં આલીશાન એપાર્ટમેન્ટમાં દીકરા સાથે રહેતા વડીલની આંખો સામે થેમ્સ નદીનો ભવ્ય નજારો જોતી હોય, પણ તેમનું મન તો ભટકતું હોય, હમીરસરની પાળીએ... નાકાબાર, મહાદેવ ગેઈટ, ઑલ્ફ્રેડ, દરબારગઢ, મલ ફળિયાનો ઢાળ, આશાપુરા અને સ્વામિનારાયણ મંદિર - આ બધામાં ભુજવાસીનો આત્મા ધબકતો હોય છે.

શહેરો કે નગરો આમ તો એકસરખા હશે. દરેકની કંઈ વિશિષ્ટતાયે હોય, છતાં ભુજ માટે કહેવું પડે કે એ જિંદગીના દરેક રંગને અનુરૂપ પ્રતિસાદ આપતું શહેર છે. જૂની પેઢીના લોકો આજની રીલોકેશન સાઈટ કે એથીયે દૂર... ખારી નદી પારના વિસ્તારમાં કે મુંદ્રા રોડ તરફ પરિવાર સાથે જઈ વસ્યા છે. વાતવાતમાં એમના મોંએ 'હમારે જમાને'ની વાતો સાંભળવા મળે. એમને મન ભુજ એટલે આજે પણ પાંચ નાકા ને છઠ્ઠી બારી...

આ લખનારને દિવંગત પિતા પાસે સાંભળેલી વાતો યાદ છે. રાજાશાહીના વખતમાં સંધ્યાટાણું થાય એટલે નાકા બંધ થઈ જાય... નાકા બહાર વેરાન જંગલ... એ સમયે પ્રાણલાલ શાહ અને તેમની તોફાની ટોળી... કાળી ચૌદસ કે અમાસના દિવસે શરત લગાવે. ખારી નદી (સ્મશાન)એ જઇને ફલાણી જગ્યાએ કોલસાથી પોતાનું નામ લખી આવે એ ખરો બહાદુર... ને એ સમયની ખેપાની ટોળી એવા કામ કરતી. ઉપલી પાળ પર રઘુનાથ મંદિર પાસે ટાયર નાગર ચકલા તરફ ધસમસતું મૂકી દેવું ને રાહદારીઓનો ગભરાટ કે નાસભાઈ જોઇને આનંદ પામવો. નાગર ચકલો એટલે ભુજનું હાર્દ કહી શકાય. અહીં વડીલો સવારે કે સાંજે બેઠા હોય. અલક મલકની વાતો થતી હોય. ગાભા દૂધવાળા, કચરાભાઈ મૂલચંદ, શિવજી મૂળજીની પેઢી, એ બધું જૂના ભુજ સાથે વણાઈ ગયેલું છે. ભુજ ઓલ્ડ સિટી કહેવાય. પ્રાગમહેલ, આઈના મહેલ, રામકુંડ, મ્યુઝીયમ જેવા સ્થાપત્યો પ્રવાસીઓને આકર્ષે છે. પણ હવે આધુનિકતાનો ઢોળેય લાગ્યો છે. થેન્ક્સ ટુ મુંબઈ કનેક્શન. ધંધા - રોજગારી માટે ભુજ કે કચ્છના લોકો વિદેશમાં, મુંબઈમાં સ્થાયી થયા છે. ભુજના જૈન વેપારીઓના પરિજનો મુંબઈમાં ઠરીઠામ થયા છે. ધંધો જમાવ્યો છે. ગામડામાં દેવસ્થાન હોય એટલે આવા હજારો પરિવારો વતન સાથે જોડાયેલા છે. આ પરિસ્થિતિનો લાભ ભુજને મળ્યો છે. મુંબઈની ફેશન કે સ્ટાઈલ ભુજ જલ્દી પહોંચી આવે છે. ભુજ સ્ટેશનેથી ઉપડતી ટ્રેનો અને એકલ-દોકલ વિમાન હરહંમેશ ફૂલ જ જોવા મળે. ધરતીકંપે ભુજને કારમો ફટકો માર્યો... હજારો નગરજનોએ કાટમાળમાં દબાઈને મોતની સોડ તાણી. હિંમતવાર ભુજે કુદરતના ફટકાથી તૂટીને સંકોચાઈ જવાને બદલે બેઠા થઇને વધુ મજબૂત બનવાનો નિર્ધાર કર્યો. આજે ભીડ બજાર, વાણિયાવાડ, મહેરઅલી ચોક, શરાફ બજાર, કંસારા બજાર, ડાંડા બજાર જેવી પરંપરાગત બજારો છે જ. એને સમાંતર અનમ રીંગરોડ વિકસ્યો છે. કોલેજ રોડ પર દેશની વિખ્યાત બ્રાન્ડના ભવ્ય શો-રૂમ મેટ્રોપોલીટન સિટીનો નજારો ઊભો કરે છે. મુંદ્રા રોડ - આઈયા નગર વિસ્તાર, કોર્પોરેટ હોસ્પિટલો સાથે ફૂડ બિઝનેસ, રેસિડેન્સ ઝોન તરીકે કૂદકે ને ભૂસકે વધી રહ્યા છે. એરપોર્ટ રીંગરોડ પર ભવ્ય હોટલો, શોપિંગ મોલ્સ ઉપરાંત

**(અનુસંધાન : જુઓ પાના નં. - ૨૪ ઉપર)**

*પ્રેમથી કરેલ કામમાં ક્યારેક થાક નથી લાગતો અને વેઠથી કરેલ કામમાં ક્યારેય આનંદ નથી આવતો.*

# G20ના પ્રમુખપદે ભારત



વનરાજસિંહ જાડેજા

૧૭મું G-20 સંમેલન બાલી (ઇન્ડોનેશિયા)માં યોજાઈ ગયું. જેમાં વર્ષ ૨૦૨૩ની G-20 બેઠકની અધ્યક્ષતા ભારતને સોંપવામાં આવી. ભારત માટે આ એક ઐતિહાસિક અવસર છે. દુનિયાના સૌથી શક્તિશાળી સંગઠનનું ચેરમેન પદ ભારતને મળે, એ પ્રત્યેક દેશવાસીઓ માટે ગૌરવ લેવા જેવો પ્રસંગ છે. આ માટેના પ્રતીક ચિન્હ ‘શુભંકર’ અને સંદેશમાં ભારતીયતાની છાપ સ્પષ્ટ થાય છે. તિરંગાની સાથે પૃથ્વી નીચે કમળના ફૂલની આવૃત્તિ અને દેવનાગરી લિપિમાં લખેલું ‘ભારત’ બદલાતા ભારતની તસવીરનું પ્રમાણ છે. જી-૨૦૨૩નો સંદેશ ‘મહા ઉપનિષદ’નું પ્રસિદ્ધ સૂત્ર ‘વસુધૈવ કુટુંબકમ’ છે, જેને ‘વન અર્થ, વન ફેમિલી, વન ફ્યુચર’ તરીકે રેખાંકિત કરવામાં આવ્યું છે.




G-20 એ ૨૦ દેશના સમૂહનું નામ છે. તેમાં આર્જેન્ટીના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝીલ, કેનેડા, ચીન, યુરોપિયન સંઘ, ફ્રાન્સ, જર્મની, ભારત, ઇન્ડોનેશિયા, ઇટાલી, જાપાન, મેક્સિકો, રસિયા, સાઉદી અરબ, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરીયા, તુર્કી, યુનાઇટેડ કિંગ્ડમ અને અમેરિકા સામેલ છે. અલબત્ત, સ્પેન એક સ્થાયી સભ્ય છે અને દર વર્ષે આમંત્રિત હોય છે. ગ્રુપ ૨૦નો વિચાર જી-૭ દેશના નાણામંત્રીઓ અને મુખ્ય બેંકના ગવર્નરોની બેઠકમાં ઉદ્દભવ્યો હતો. ઇ.સ. ૧૯૯૯માં તેનો ઉદ્દભવ થયો તેની પાછળનું મુખ્ય કારણ એશિયાના દેશમાં ૧૯૯૭માં ઊભી થયેલી નાણાંકીય કટોકટી હતી. તેની પહેલી બેઠક બર્લીંગમાં ૧૯૯૯ના ડિસેમ્બરમાં યોજાઈ હતી. તેમાં ૧૯ દેશો જોડાયા હતા.

G-20 ની બેઠકો સભ્ય દેશોની નાણાંકીય સ્થિરતા, આતંકવાદને વિત્ત પોષણ સામે અવાજ ઉઠાવવાનું માધ્યમ છે. તેમાં આઈ.એમ.એફ.ના મેનેજિંગ ડાયરેક્ટર વર્લ્ડ બેંકના પ્રમુખ અને આઈ.એમ.એફ.સી. અને ડીસીની સાથે સભ્ય દેશોના નાણાંમંત્રીઓ અને મુખ્ય બેંકોના ગવર્નર પણ ચર્ચા કરે છે.

G-20 એવા દેશોનું એક જૂથ છે, જેનું આર્થિક સામર્થ્ય વિશ્વની ૮૫ ટકા જીડીપી નું પ્રતિનિધિત્વ કરે છે. G-20 એ વીસ દેશોનો એક સમૂહ છે, જે વિશ્વના ૭૫ ટકા વેપારનું પ્રતિનિધિત્વ કરે છે. G-20 એ ૨૦ દેશોનું એક જૂથ છે, જે વિશ્વની બે તૃતીયાંશ વસ્તી ધરાવે છ અને ભારત હવે આ G-20 જૂથનું નેતૃત્વ કરવા જઈ રહ્યું છે, તેની અધ્યક્ષતા કરવા જઈ રહ્યું છે.

આઝાદીના અમૃતકાળમાં દેશ સામે કેટલી મોટી તક આવી છે. આ દરેક ભારતીય માટે ગર્વની વાત છે, તેનું ગૌરવ વધારતી વાત છે. G-20 સમિટને લઇને, ભારતમાં તેની સાથે જોડાયેલા આયોજનોને લઇને ઉત્સુકતા અને સક્રિયતા સતત વધી રહી છે.

G-20 દુનિયાના વિકસિત અને વિકાસશીલ ૨૦ દેશોનું એક જૂથ છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ બાદ જો દુનિયામાં કોઈ સૌથી શક્તિશાળી આંતરરાષ્ટ્રીય સંગઠન હોય તો તે G-20 છે. G-20 માં સુરક્ષા પરિષદના પાંચ સ્થાયી સભ્ય સામેલ છે. આ ગ્રુપમાં દુનિયાના પાંચ ખંડનું પ્રતિનિધિત્વ છે. ભારત ૧ ડિસેમ્બરથી G-20 નું યજમાન છે. ૧૭મા શિખર સંમેલનના છેલ્લા દિવસે ઇન્ડોનેશિયાના પ્રમુખ જોકોવિડોડોએ G-20 ની અધ્યક્ષતા વડાપ્રધાન મોદીને સોંપી છે. વડાપ્રધાન મોદીજીએ કહ્યું કે ભારત આ જવાબદારી એવા સમયે સંભાળવા જઈ રહ્યું છે જ્યારે દુનિયા જીઓપોલિટીકલ, તણાવ, મંદી, ખાદ્યાન્ન અને ઉર્જાની વધતી કિંમતો તેમજ કોરોનાના દુષ્પ્રભાવનો સામનો કરી રહી છે. એ લોગોનાં નિર્માણમાં પણ દેશવાસીઓની મોટી ભૂમિકા રહી છે. દેશવાસીઓ પાસેથી લોગો માટે તેમનાં મૂલ્યવાન સૂચનો સંદર્ભે હજારો લોકોએ સરકારને તેમના સર્જનાત્મક વિચારો મોકલ્યા. આજે તે વિચારો, તે સૂચનો, આટલા મોટા વૈશ્વિક કાર્યક્રમનો ચહેરો બની ગયા છે.

G-20 નો આ લોગો માત્ર એક પ્રતીક ચિહ્ન નથી, તે એક સંદેશ

છે. તે એક એવી ભાવના છે જે આપણી નસોમાં છે. આ એક એવો સંકલ્પ છે જે આપણી વિચારસરણીમાં સામેલ રહ્યો છે. 'વસુધૈવ કુટુંબકમ'ના મંત્ર દ્વારા આપણે જે વૈશ્વિક ભાઈચારાની ભાવના જીવતા આવ્યા છીએ, તે વિચાર આ લોગો અને થીમમાં પ્રતિબિંબિત થઈ રહ્યો છે. આ લોગોમાં કમળનું ફૂલ ભારતની પૌરાણિક વિરાસત, આપણી આસ્થા, આપણી બૌદ્ધિકતાને દર્શાવે છે.

આપણે ત્યાં અદ્વૈતનું ચિંતન એ જીવમાત્રનાં એકત્વનું દર્શન રહ્યું છે. આ લોગો અને થીમનાં માધ્યમથી આપણે એ સંદેશ આપ્યો છે કે આ ફિલોસોફી આજના વૈશ્વિક સંઘર્ષો અને દુવિધાઓને ઉકેલવાનું માધ્યમ બને. યુદ્ધથી મુક્તિ માટે બુદ્ધનો જે સંદેશ છે. હિંસાની સામે મહાત્મા ગાંધીના જે ઉપાયો છે, G-20 ના માધ્યમથી ભારત એની વૈશ્વિક પ્રતિષ્ઠાને નવી ઊર્જા આપી રહ્યું છે.

વિશ્વમાં સંકટ અને અરાજકતાના સમયે ભારત G-20 નું પ્રમુખપદ શોભાવી રહ્યું છે. સદીમાં એક વખત થતી વિક્ષેપિત મહામારી, સંઘર્ષો અને ઘણી આર્થિક અનિશ્ચિતતાની અસરોમાંથી વિશ્વ પસાર થઈ રહ્યું છે. G-20 લોગોમાં કમળનું પ્રતીક આ સમયમાં આશાનું પ્રતિનિધિત્વ છે. ગમે તેટલા વિપરીત સંજોગો હોય, તો પણ કમળ ખીલે છે. વિશ્વ એક ઊંડી કટોકટીમાંથી પસાર થઈ રહ્યું છે, તો પણ આપણે પ્રગતિ કરી શકીએ છીએ અને વિશ્વને એક વધુ સારું સ્થાન બનાવી શકીએ છીએ.

ભારતીય સંસ્કૃતિમાં જ્ઞાન અને સમૃદ્ધિની દેવી બંને કમળ પર બિરાજમાન છે. વિશ્વને આજે આની જ સૌથી વધુ જરૂર છે. વહેંચાયેલું જ્ઞાન જે આપણને આપણા સંજોગો દૂર કરવામાં મદદ કરે છે અને વહેંચાયેલી સમૃદ્ધિ જે છેલ્લા માઈલ પર છેલ્લી વ્યક્તિ સુધી પહોંચે છે.

G-20 ના લોગોમાં પૃથ્વીને કમળ પર મૂકવામાં આવી છે. લોગોમાં કમળની સાત પાંખડીઓ પણ નોંધપાત્ર છે. તે સાત ખંડોનું પ્રતિનિધિત્વ કરે છે. સાત એ સંગીતની સાર્વત્રિક ભાષામાં સૂરોની સંખ્યા પણ છે. સંગીતમાં, જ્યારે સાત સૂરો એક સાથે આવે છે ત્યારે તેઓ સંપૂર્ણ સુમેળ બનાવે છે. પરંતુ દરેક સૂરની પોતાની આગવી વિશિષ્ટતા હોય છે. એ જ રીતે, G-20 નો ઉદ્દેશ વિવિધતાનું સન્માન કરવાની સાથે વિશ્વને સંવાદિતામાં લાવવાનો છે. તે વાત સાચી છે કે જ્યારે પણ વિશ્વમાં G-20 જેવા મોટા પ્લેટફોર્મ્સનું કોઈ સંમેલન હોય છે, ત્યારે તેને પોતાનો રાજદ્વારી અને ભૂ-રાજકીય અર્થ હોય છે. તે સ્વાભાવિક પણ છે. પરંતુ ભારત માટે આ સમિટ માત્ર ડિપ્લોમેટીક બેઠક નથી. ભારત આને પોતાના માટે એક જવાબદારી તરીકે જુએ છે. ભારત આને પોતાના પ્રત્યે વિશ્વના વિશ્વાસ તરીકે જુએ છે. આજે વિશ્વમાં ભારતને જાણવા માટે, ભારતને સમજવા માટે અભૂતપૂર્વ જિજ્ઞાસા છે. આજે ભારતનો અભ્યાસ એક નવા પ્રકાશમાં થઈ રહ્યો છે. આપણી વર્તમાન સફળતાઓનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. આપણાં ભવિષ્ય વિશે અભૂતપૂર્વ આશાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

આપણે વિશ્વના દરેક માનવીને ખાતરી આપી શકીએ છીએ કે પ્રગતિ અને પ્રકૃતિ બંને એકબીજાની સાથે ચાલી શકે છે. આપણે ટકાઉ વિકાસને માત્ર સરકારોની વ્યવસ્થાને બદલે વ્યક્તિગત જીવનનો એક ભાગ પણ બનાવવાનો છે. તેનો વિસ્તાર કરવો પડશે. પર્યાવરણ એ આપણા માટે વૈશ્વિક કારણની સાથે સાથે વ્યક્તિગત જવાબદારી પણ બનવું જોઈએ.

આજે દુનિયા ઈલાજને બદલે સ્વાસ્થ્યની શોધમાં છે. આપણું આયુર્વેદ, આપણો યોગ, જેના વિશે વિશ્વમાં એક નવો વિશ્વાસ અને ઉત્સાહ છે. તેના વિસ્તરણ માટે આપણે એક વૈશ્વિક વ્યવસ્થા ઊભી કરી શકીએ છીએ. આવતા વર્ષે વિશ્વ આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષ ઉજવવા જઈ રહ્યું છે, પરંતુ આપણે સદીઓથી ઘણાં બરછટ અનાજને આપણા ઘરના રસોડામાં સ્થાન આપતા આવ્યા છીએ.

અનેક ક્ષેત્રોમાં ભારતની સિદ્ધિઓ એવી છે કે તે વિશ્વના અન્ય દેશોને પણ ઉપયોગી થઈ શકે છે. ઉદાહરણ તરીકે, ભારતે જે રીતે વિકાસ માટે, સમાવેશ માટે, ભ્રષ્ટાચાર નાબૂદ કરવા, ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ અને ઈઝ ઓફ લિવિંગને વધારવા માટે ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે. તે તમામ વિકાસશીલ દેશો માટેના મોડેલ્સ છે, નમૂનાઓ છે.

આજે ભારત મહિલા સશક્તિકરણ, એથીય વધીને મહિલા સંચાલિત વિકાસમાં પ્રગતિ કરી રહ્યું છે. આપણા જનધન ખાતાઓ અને મુદ્રા જેવી યોજનાઓએ મહિલાઓને નાણાંકીય સર્વસમાવેશકતા સુનિશ્ચિત કરી છે. આવા જ વિવિધ ક્ષેત્રોમાં આપણો અનુભવ વિશ્વને ઘણી મદદ કરી શકે છે અને G-20 માં ભારતનું પ્રમુખપદ આ તમામ સફળ અભિયાનોને વિશ્વ સુધી પહોંચાડવા માટે એક મહત્ત્વપૂર્ણ માધ્યમ બનીને આવી રહ્યું છે.

આજની દુનિયા સામૂહિક નેતૃત્વ તરફ મોટી આશા સાથે જોઈ રહી છે. પછી તે G-7 હોય, G-77 હોય કે પછી યુએનજીએ હોય. આ વાતાવરણમાં G-20 ના પ્રમુખ તરીકે ભારતની ભૂમિકા ઘણી મહત્ત્વની છે. એક તરફ ભારત વિકસિત દેશો સાથે ગાઢ સંબંધો જાળવી રાખે છે અને સાથે સાથે વિકાસશીલ દેશોના દૃષ્ટિકોણને પણ સારી રીતે સમજે છે. વિશ્વમાં કોઈ પણ પ્રથમ કે ત્રીજું વિશ્વ ન હોવું જોઈએ. પરંતુ માત્ર એક જ વિશ્વ હોય.

*જિંદગીમાં સારા લોકોની શોધ ના કરો, તમે પોતે સારી વ્યક્તિ બની જાવ. તમને મળીને કદાચ કોઈની શોધ પૂરી થઈ શકે.*

ભારત એક સમાન ઉદ્દેશ માટે, ઉજ્જવળ ભવિષ્ય માટે સમગ્ર વિશ્વને એક મંચ પર લાવવાનાં વિઝન પર કામ કરી રહ્યું છે. વન સન, વન વર્લ્ડ, વન ગ્રીડના મંત્ર સાથે ભારતે વિશ્નમાં પુનઃપ્રાપ્ય ઊર્જા ક્રાંતિ લાવવાનું આહ્વાન કર્યું છે. ભારતે વન અર્થ, વન હેલ્થના મંત્ર સાથે વૈશ્વિક સ્વાસ્થ્યને મજબૂત કરવાનું અભિયાન શરૂ કર્યું છે અને હવે G-20 નું આયોજન આપણા ભારતીયોનું આયોજન છે. 'અતિથિ દેવો ભવઃ'ની આપણી પરંપરાના દર્શન કરાવવાનો પણ G-20 એક ઉત્તમ અવસર છે. G-20 સાથે જોડાયેલા આ આયોજનો દિલ્હી કે અમુક જગ્યાઓ સુધી સીમિત નહીં રહે. આ અંતર્ગત દેશના ખૂણે ખૂણે કાર્યક્રમો યોજાશે. આપણા દરેક રાજ્યની પોતાની લાક્ષણિકતાઓ છે, તેનો પોતાનો વારસો છે. દરેક રાજ્યની પોતાની સંસ્કૃતિ છે, પોતાનું સૌંદર્ય છે. તેની પોતાની આભા છે, પોતાની મહેમાનગતિ છે.

રાજસ્થાનનું આતિથ્ય આમંત્રણ છે : 'પધારો મ્હારે દેશ!' ગુજરાતના પ્રેમાળ અભિનંદન : 'તમારું સ્વાગત છે!' આ જ પ્રેમ કેરળમાં મલયાલમમાં જોવા મળે છે : 'એલ્લાવર્કકુંમ સ્વાગતમ્!' અતુલ્ય ભારતનું દિલ મધ્યપ્રદેશ કહે છે : 'આપકા સ્વાગત હૈ!' પશ્ચિમ બંગાળમાં મીઠી બાંગ્લામાં આપનું સ્વાગત થાય છે : 'અપના કે સ્વાગત ઝાનાઇ!' તામિલનાડુ 'કડેગલ મુડી - વદિલ્યે, તે કહે છે : 'થંગલ વરવ નલ-વહ-વહુહા!' યુપીનો આગ્રહ હોય છે : 'યુપી નહીં દેખા તો ભારત નહીં દેખા.' હિમાચલ પ્રદેશ આપણને : 'દરેક ઋતુ માટે, દરેક કારણસર' એટલે 'હર મૌસમ, હર વજહ કે લિયે' આપણને બોલાવે છે. ઉત્તરાખંડ તો 'એક સ્વર્ગ' જ છે. આ આતિથ્ય સત્કાર, આ વિવિધતા દુનિયાને આશ્ચર્યચકિત કરી દે છે. G-20 ના માધ્યમથી આપણે આ પ્રેમને દુનિયા સુધી પહોંચાડવાનો છે.

*સંદર્ભ : વીકિપીડિયા અને મીડિયામાં પ્રસારીત અહેવાલો.*

***ભુજ - કચ્છ.● મો. ૮૮૪૯૧ ૮૪૦૧૧***

## મોજીલું... ઉત્સાહથી છલકતું નગર – ભુજ

**(અનુસંધાન : પાના નં. – ૨૧ ઉપરથી ચાલુ)**

યુવા પેઢીથી લઇને પરિવારોને વારંવાર ખેંચી જતો રેસ્ટોરા - ખાણીપીણીના કોર્નરે જમાવટ કરી છે.

એક તરફ ભુજ અને મિરજાપર, બીજી તરફ ભુજ, માધાપર, ગડા સુધીનો વિસ્તાર એકરસ થઈ ગયો છે. ભુજની આસપાસ મોટા ઉદ્યોગો નથી, પણ જિલ્લાનું પાટનગર હોવાના નાતે ભુજ કચ્છના સર્વાંગી વિકાસમાં કેન્દ્રસ્થાને છે એમ કહી શકાય.

પોણા પાંચસો વર્ષ જૂનું ભુજ હવે વધુ ભવ્ય અને રૂવાબદાર લાગે છે. ભુજિયો સ્મૃતિવન, હમીરસર આસપાસ વોકવે, ભવ્ય મંદિરો, હસ્તકલા બજાર અને ખાણીપીણી આ નગરની સ્પેશિયાલિટી છે. ભુજમાં પીઝાના બધા બ્રાન્ડેડ પાર્લર કે રેસ્ટોરન્ટ્સ આવી ગયા. છતાં માંડવી - બિનહરીફ કે મામાની દાબેલી એટલી જ ચાલે છે. ભુજથી પરત જતા કચ્છીઓ સાથે બોક્સમાં અડદિયા, પકવાન કે ગુલાબપાક હોવાનાં જ. મિનારા મસ્જિદવાળા ભજિયા કે શંકરના સમોસા, વડાપાંવની લિજ્જત માણનારો સ્વાદપ્રિય વર્ગ યથાવત છે. રાજનીતિના ગરમ માહોલની તુલના કરીએ, તો કમિટેડ મતદારનું વલણ બદલાઈ જતું હશે, પણ આ વાનગીને વફાદાર લોકો ક્યાંય ખેંચાશે નહીં. ખાનપાનની વાતમાં છેલ્લે ઉમેરો કરીએ તો ભુજમાં વર્લ્ડ ક્લાસ આઇસ્ક્રીમ બ્રાન્ડ્સના જમેલા વચ્ચે આનંદ લહેરીનો કસાટા આઈસ્ક્રીમ એટલો જ ઊપડે છે... ખવાય છે...

ભુજની આ વિશિષ્ટતા છે. હમીરસરની પાળીએ કે ઓટલો (આજે પેન્શનર ઓટલો) કદી ખાલી નહીં દેખાય. ભુજનો આત્મા એવા હમીરસરમાં પાણી લહેરાતું હોય, પાવડી પરથી ધુબાકા મારીને તરણવીરો મોજ કરતા હોય એ દશ્ય પાક્કો ભુજપ્રેમી કલાકો સુધી અનિમેષ જોયા કરશે, કંટાળશે નહીં. અષાઢી બીજની રથયાત્રા, શિવરાત્રિની શોભાયાત્રા, જન્માષ્ટમીનો મેળો, દિવાળીએ મંગળા આરતી, ઇદની નમાજ સહિતના તમામ – બધા પ્રસંગોના કેન્દ્રમાં હમીરસર સાથે સંકળાયેલો વિસ્તાર જ હોવાનો. જૂના વડીલોની યાદદાસ્તમાંથી ટાંગો (ઘોડાઘાડી) ડીલીટ કરવો અસંભવ છે. નજરબાગ, સોનો-વિઝન, લખોટા બાગ (રાજેન્દ્ર પાર્ક), શરદબાગ, દેશલસર તળાવ, જ્યુબિલી હોસ્પિટલ, સરપટ નાકા વિસ્તાર સાથે આજે પણ ભુજની વિશેષ યાદો જોડાયેલી છે.

જાણીતા કેળવણીકાર હરેશભાઇ ધોળકિયા ભુજને નોકરિયાતોનું - નિરાંતનું નગર લેખાવે છે. શહેરની તાસીર પણ એ જ રીતની છે. લોકો મસ્ત અને મોજીલા છે. દિવસે કામ કરવું ને સાંજ પડે નાકા બહાર ફરવા નીકળવું એ પ્રથા આજે પણ છે. એ સિવાય ભુજની એક અદ્‌ભુત તાસીર છે. સાંસ્કૃતિક બાબતો પ્રત્યેનો પ્રેમ. કચ્છમાં સૌથી વધારે કલા, સાહિત્ય, સંગીત, ધાર્મિક પ્રવૃત્તિ ભુજમાં થતી રહી છે. કલાનું કદરદાન રહ્યું છે. નાના પુસ્તક વિમોચનથી લઇને મોટા સેમિનાર કે ચૂંટણીસભામાં પણ ભુજવાસી ઉમળકાથી ભાગ લે છે. એ રીતે ભુજને વૈચારીક રીતે જીવંત શહેર પણ કહી શકાય.

***તો આપણા પ્રિય નગરને કહીએ સ્થાપના દિવસની અઢળક શુભેચ્છાઓ...***

***સવારે 'ચાલવા' જવું ફાયદાકારક તો છે જ, પણ દિવસ દરમિયાન, ઘણી બધી વસ્તુઓ માટે 'ચલાવી' લેવું, ઘણું વધું ફાયદાકારક છે.***

## વીતેલા જમાનાનાં કચ્છના લોકનેતા
## દિવંગત શ્રી પ્રેમજીભાઈ ભવાનજી ઠક્કરની ૪૭મી પુણ્યતિથિએ...

**(અવસાન : તા. ૨૪-૧૨-૧૯૭૬)**



મધુકર ઠક્કર

*કચ્છના લોકનેતા દિવંગત પ્રેમજીભાઈ ભવાનજી ઠક્કરને લોકો આજે પણ યાદ કરે છે. પ્રેમજીભાઈ ઠક્કર મહારાષ્ટ્ર - ગુજરાતના દ્વિભાષી રાજ્યમાં મંત્રી હતા. ૧૯૬૦માં ગુજરાત અલગ રાજ્ય બન્યું તેમાં બળવંતભાઈ મહેતાની અને ૧૯૬૭માં હિતેન્દ્ર દેસાઈની સરકારમાં મંત્રી હતા. પૂજ્ય યોગીજી મહારાજનો પ્રેમજીભાઈ ઠક્કર ઉપર અપાર પ્રેમ અને આશિર્વાદ રહ્યા હતા.*

*તેમની તા. ૨૪-૧૨-૧૯૨૨ની ૪૭મી પુણ્યતિથિએ તેમને યાદ કરીએ...*

કચ્છી જનતાના લોક હૃદયમાં આજે પણ તેઓને આદરપૂર્વક સ્મરણ કરી તેમનાં સ્મરણોની વાતો લોકમુખેથી અવારનવાર સાંભળવા મળે છે. તેઓ સંબંધમાં મારા પિતાશ્રી થાય.

આવી જ એક વાત સ્મૃતિપટ પર તાજી થતાં અહીં રજૂ કરું છું.

સ્વ. પ્રેમજીભાઈ એક લોકનેતા તરીકે આમ આદમી સાથે ભાવાત્મક સંબંધ રાખતા અને એમની પીડા અને સમસ્યામાં રસ લેતા અને ભ્રષ્ટાચાર પ્રત્યે તેમને અણગમો હતો. તેથી આવા પ્રશ્નોમાં પણ વ્યવહારુ ઉકેલ લાવી માનવીય નિષ્કર્ષથી તેને કેવી રીતે ઉકેલવા તેની આછેરી ઝલક આમાં જોવા મળે છે.

શ્રી પ્રેમજીભાઈ તે સમયે ૧૯૬૪ની સાલમાં વકીલાતના કાર્યમાં પુનઃ કાર્યરત થયા હતા. અમો કુટુંબ સાથે પંચમુખ હનુમાન ગલીમાં આવેલ મકાનમાં રહેતા. ઓફિસ મહેરઅલી ચોકમાં હતી. પ્રેમજીભાઈ દરરોજ કોર્ટમાં જતા. ઘણીવાર તેમના મિત્ર શ્રી વાલજીભાઈ કે. ઠક્કર, જેઓ પણ એક સિનિયર વકીલ હતા, તેઓ સાથે હોય. મોટેભાગે ભુજના ટાંગાવાળા તાંબીયાભાઈ કે અલીભાઈ કે રમજુભાઈના ટાંગામાં જતા. કોર્ટથી બપોરે પાછા વળતા, પારેશ્વર ચોક, નાગર ચકલા, વાયડા ડેલાવાળા રસ્તે ચાલીને ઘેર આવતા. આર્થિક સ્થિતિ સામાન્ય હતી. મકાન પણ નવું બનાવેલ હતું. તેની લોન પણ ભરાતી હતી (શ્રી ભવાનજીભાઈને) કાર વસાવી શકાય તેવી સ્થિતિ ન હતી. મારા માતુશ્રી સ્વ. લક્ષ્મીબેન બધું જ ઘરકામ જાતે કરતા (વોકળામાં પાણીના સ્ટેન્ડથી તેમજ પંચમુખાના કૂવામાંથી પાણી ભરી લાવતા.) લાકડાનાં ચૂલા - સગડી પર રસોઈ કરતા. આ દિવસો આજે પણ મારી આંખ સામે તરવરે છે.

પ્રેમજીભાઈ તાંબીયાના ટાંગામાં તાંબીયા સાથે થોડી હળવી વાતો કરી તેની તથા ભુજની જનતાની આમ આદમીની પરિસ્થિતિ જાણવા કોશિશ કરતા. તાંબીયો ટાંગાવાળો પણ પોતે કોઈ પ્રધાન કક્ષાના રાજકીય નેતાની સાથે વાત કરે છે, તે ભૂલી અને હસતા હસતા હળવી ભાષામાં કોઈપણ જાતના ડર કે સંકોચ વગર વાતો કરતો. કોંગ્રેસ સરકારની ટીકા પણ કરે, જનતાની પડતી હાડમારીની વાત પણ કરે અને રાજાશાહીના વખતની સસ્તા ભાવોના દાખલાઓ આપી કોંગ્રેસના શાસનની ટીકા કરી વળતા જવાબો આપતો. પ્રેમજીભાઈ પણ પહેલીવાર જવાબદાર બાળકની વાત ગંભીરતાથી સાંભળતા હોય તેમ સાંભળી લે અને પછી કચ્છી ભાષામાં તાંબીયા ટાંગાવાળાને પ્રશ્ન પૂછે. રાજાશાહીમાં સસ્તાણ હતી તે તેની ભાષામાં તેને ગળે ઉતરી જાય તેમ સમજાવતા. તાંબીયો પણ, ‘ભાઈ, આંજી ગાલ સચ્ચી ત આય જ’ તેમ કહી હકીકતનો સ્વીકાર કરતો. સાથે મોંઘવારી માટેનો તેનો અતિશય કચવાટ પણ સાથે કહેતો ‘ભાઈ, પેલા અસાંજો પેટ’. આમ કહી ભાડાની રકમ પરચુરણ પાછી આપવાની હોય તે ટાળવાની કોશિશ કરે અને ભાઈ પણ કહેતા, ‘ભલે, તું થી રાજી’ એમ તેને રાજી કરી છૂટા કરતા. મહેરઅલી ચોકમાં તે સમયના વિદ્વંત શ્રી વલ્લભભાઈ કંસારા (પ્રકાશ સ્ટુડિયો), શ્રી ચંદુભાઈ વાળંદ (પ્રવીણ હેર કટીંગ) આવા ઘણા પ્રસંગોનું વર્ણન કરતા.

સ્વ. શ્રી તાંબીયાભાઈ, અલીભાઈ, રમજુભાઈ ટાંગાવાળાઓ જેઓ વાણિયાવાડ ટાંગા સ્ટેન્ડ પર રહી ધંધો કરતા. તે તેઓએ જણાવેલ હકીકત રજૂ કરું છું.

### સમસ્યાના નિવારણ માટેની શ્રી પ્રેમજીભાઈના અભિગમમાં ચિંતા અને સંવેદનાની ઝલક

જે તાંબીયા ટાંગાવાળાની ઉપર ચર્ચા કરી છે તેના એક

*શેરડીના સાંઠામાં જ્યાં ગાંઠ છે ત્યાં રસ નથી હોતો અને જ્યાં રસ છે ત્યાં ગાંઠ નથી હોતી. બસ, જીવનમાં પણ કંઈક આવું જ છે.*

વધુ પ્રસંગનું સંસ્મરણ...

"એક વખત તાંબીયાભાઈ કેટલાક ટાંગાવાળાઓને લઈ મળવા ઓફિસે આવેલ અને તેણે ટાંગાવાળાઓની પર ઉત્પન્ન થયેલ એક નવી સમસ્યા અને પીડાની રજુઆત કરી. વાત આ પ્રમાણે હતી કે વાણિયાવાડના નાકા વિસ્તારમાં ટ્રાફિક અને વ્યવસ્થા માટે જેને ફરજ સોંપાયેલી હતી, તે પોલીસ કોન્સ્ટેબલ બનાસકાંઠાનો હતો. ભુજમાં નવો હતો. તેણે આ વિસ્તારમાં હપ્તા સ્વરૂપમાં ઉઘરાણા શરૂ કરેલ હતા. ભુજના આ વિસ્તારમાં નાગરિકો માટે આ એક નવી સમસ્યા અને નવો અનુભવ હતો કારણકે પોલીસ હપ્તા – ઉઘરાણા કરે તે ભ્રષ્ટાચારની રીતરસમ નવી વાત અને નવો અનુભવ. ટાંગાવાળાઓએ હપ્તો આપ્યો જરૂર, પણ તેમને આ વાતનો કચવાટ અને પીડા પણ હતી. ટાંગાવાળાએ તાંબીયા સાથે આ વાતની રજુઆત કરવા શ્રી પ્રેમજીભાઈ પાસે આવ્યા. પ્રેમજીભાઈએ શ્રી બેચરભાઈ પલીવાડ જેઓ ઓફિસમાં ક્લાર્ક તરીકે કામગીરી સંભાળતા હતા, તેને પણ હાજર રાખી આ ટાંગાવાળાઓની વાત સાંભળી. વાત સાંભળીને તાંબીયાને પૂછ્યું, 'આંઈ પૈસા દના કોલાય? ના ન ચ્યા? કેટલા પૈસા દના?'

તાંબીયાએ કહ્યું, અમે ભેગા કરી રૂા. ૫૦/- આપ્યા છે. અમે ગરીબ માણસો પોલીસવાળાને કેમ કહી શકીએ. 'અસી આંકે ચઈ શકો એટલે આયા અઈંયો. આંઈ કીંક કર્યો.' પ્રેમજીભાઈએ મજાક કરી : 'પોલીસવાળેકે દના, હાણે મુંકે કુરો દીંધાં? પાછો તું જ ફરિયાદ કરીએ તો કે રાજાશાહીમે સુખી વા – સસ્તાણ વી, ...હાણે કુરો?'

ત્યારબાદ શ્રી પ્રેમજીભાઈએ ડી.એસ.પી.ને ફોન કર્યો અને બધી હકીકત જણાવી અને તાત્કાલિક પોલીસ કોન્સ્ટેબલ પાસેથી સત્ય જાણવા જણાવ્યું. ભ્રષ્ટાચાર અને હપ્તા ભુજમાં જોવા મળેલ હોય તો યોગ્ય કરવા પણ જણાવ્યું. અને આ રીતે ગરીબ ટાંગાવાળાઓના હપ્તા વસુલ કરેલ પૈસા તેમને પાછા મળે તે માટે પ્રયાસો કરવા જણાવ્યું અને તે સાથે ગરીબ કોન્સ્ટેબલને યોગ્ય ઠપકો અને યોગ્ય શિક્ષા કરવા, પણ તેના પેટ પર લાત પડે તેવી કાયમી નુકસાન ન થાય તેવું કરવા પણ જણાવેલ. જેથી જવાબદાર પોલીસનું કુટુંબ પણ તેના આ દુરાચરણનો ભોગ બની રસ્તે રઝળતું ન બને તે કાળજી રાખવા આગ્રહ કરેલ.

બેચરભાઈ પલીવાડ અને ટાંગાવાળાઓ ડી.એસ.પી.ને મળ્યા. ડી.એસ.પી.એ તેમની રજુઆત સાંભળી. તરતથી જ પોલીસ કોન્સ્ટેબલને હાજર રહેવા સૂચના આપી અને ટાંગાવાળાઓની હાજરીમાં કડક પૂછતાછ કરતાં પોલીસ કોન્સ્ટેબલે પોતાની ભૂલ સ્વીકારી અને પોતે પૈસા પાછા આપી દેશે અને ભવિષ્યમાં ક્યારે પણ ભુજમાં ફરજ દરમ્યાન દુરાચરણ નહીં કરે અને જનતાને ફરિયાદ કરવાની તક નહીં આપે તેવી ક્ષમાં માંગી. બીજા દિવસે વાણિયાવાડ વિસ્તારમાં તાંબીયાભાઈ, તાંબીયાભાઈ ક્યાં છે પૂછતાં તાંબીયા અને ટાંગાવાળાઓની હાજરીમાં રૂા. ૫૦/- પાછા આપ્યા.

તાંબીયાની ખુશી અને આનંદનો પાર ન હતો. તાંબીયો અવારનવાર આ પ્રસંગ ગર્વ સાથે વર્ણવતો. તાંબીયો અને ટાંગાવાળાઓ બીજા દિવસે શ્રી પ્રેમજીભાઈને મળવા આવ્યા હતા. તેમની ખુશીનો પાર ન હતો. ખરેખર તેમને પોલીસના ત્રાસ – કંટાળાથી અને ભ્રષ્ટાચારથી રાહત મળતાં આનંદ અને સંતોષ હતો.

તાંબીયાએ જયારે પોતાની ખુશી વ્યક્ત કરી ત્યારે બાપુજીએ (પિતાશ્રીએ) પણ હસતા હસતા ટોણો માર્યો કે, 'અસાંજે રાજમેં દુઃખી થીએ તો ઇ ગાલ ન કરીજ, અસીં ત તોજો કમ કરીયોંતા અને સેવા કરીયોંતા ઇ યાદ રખજ.' અને પછી તાંબીયાની અને અન્ય ટાંગાવાળાઓની પીઠ થાબડી વિદાય કર્યા.

આ વિસ્તારમાં મારા મિત્રો અને સ્નેહીઓ પાસેથી ઘણીવાર આવી વાતો વર્ણન સાથે જાણવા મળેલ છે. (સ્વ. શ્રી વલ્લભભાઈ કંસારા, ચંદુભાઈ વાળંદ, કાકુભાઈ, બકુલ મહેતા.)

સ્મરણો યાદ આવે છે ત્યારે સ્વ. શ્રી પ્રેમજીભાઈ લોકનેતા, લોકસેવક અને એક આમ આદમીના હિતેચ્છુ હતા. સમસ્યાને ઉકેલવામાં તેમનું વલણ કેવું રચનાત્મક, સંવેદનશીલ અને લોકહિત રાખનારું હતું, તેની પ્રતીતિ થાય છે અને તેથી જ આજે તેમના અવસાનને ૪૭ વરસ વીતી ગયા અને કચ્છનાં રાજકીય ક્ષેત્રમાં અનેક પરિવર્તન આવ્યા, તેમ છતાં પણ પિતાશ્રીનું કામ કચ્છની પ્રજામાં આજે પણ આદર અને આત્મીય રહ્યું છે તેનું રહસ્ય સમજી શકાય છે. ■

*With Best Compliments From....*


**V. R. GOPANI**

1, Sugam Enclave, Opp. Ramada Hotel, Prahladnagar, Ahmedabad-380 015. **Mobile : 94263 03628**

*જીદ પકડીને માણસ એટલું ગુમાવે છે કે જે જીદ છોડીને કદાચ એટલું નથી ગુમાવતો.*

આ માસે જન્મજયંતી અને આવતા માસે પુણ્યતિથિનો અવસર

# ભુજપુરના કવિ : ઓસમાન સાટી




ભરત'કુમાર' પ્રા. ઠાકર

*જન્મ : ૨૭મી જાન્યુઆરી, ૧૯૫૦*

*નિધન : ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૯૬*

કચ્છ જિલ્લાના 'કંઠી પ્રદેશ' તરીકે ઓળખાતા મુંદ્રા - માંડવી તાલુકાઓ પૈકી મુંદ્રા તાલુકાના ભુજપુર ગામના અને આ પંથકના કવિ ઓસમાન સાટી કચ્છી ભાષાના ચીંથરે વિંટ્યા રત્ન સમાન અલ્પખ્યાત સર્જક હતા. આ મહિને તા. ૨૭-૧ના એમના ૭૩મી વર્ષગાંઠ અને આવતા મહિને તા. ૨૮-૨ના ૨૭મી પુણ્યતિથિ પ્રસંગે એમને યાદ કરીએ...



કવિ ઓસમાન સાટી

## ● શિક્ષણ ઓછું, વાંચન વધુ!

જનાબ ઓસમાન સાલેમામદ સાટીનો જન્મ ભુજપુર મધ્યે શુક્રવાર તા. ૨૭મી જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ થયો હતો. ગરીબ સ્થિતિને કારણે શાળેય શિક્ષણ લઇ શક્યા નહોતા. પરંતુ કિશોરવયે ગામની રાત્રિશાળામાં થોડું અક્ષરજ્ઞાન મેળવેલું. આટલા લઘુ અભ્યાસના પાયા પર પાછળથી વિવિધ ભાષાઓનું ખપ પૂરતું જ્ઞાન મેળવી લીધેલું! બચપણમાં પાવો વગાડવાનો અને ચિત્રો દોરવાનો શોખ હતો. એકાંતે બેસી રહેવું વિશેષ ગમતું.

કુમારાવસ્થામાં અલ્પ સમય મુંબઈમાં નોકરી કરી – ન ફાવ્યું. એટલે વતન ભુજપુરમાં આવી નાનકડી દુકાનમાં રહ્યા. તે પણ છોડી આખરે શાકભાજીના ધંધામાં ઝંપલાવ્યું. પ્રારંભે દરરોજ મુંદ્રાથી શાકપાન લઇ આવી બાજુનાં ગામે વેચતા. તે પછી ભુજપુરના બસ સ્ટેન્ડ વિસ્તારમાં હાથલારી પર શાકબકાલુ વેચવાનું કામ મૃત્યુપર્યંત સંભાળ્યું.

'ભધનામ શાયર અઈયાં' તળે ગુલાબ દેઢિયા નોંધે છે તેમ સાટી પાસે અભ્યાસ તો કેવળ લખવા-વાંચવા પૂરતો, પણ ભુજપુરનું સમૃદ્ધ પુસ્તકાલય એમણે વાંચી કાઢેલું! દુલેરાય કારાણી (૧૮૯૬ – ૧૯૮૯) ઉપરાંત રાજેન્દ્ર કૃષ્ણ (૧૯૧૯ - ૧૯૮૭), સાહિર લુધિયાનવી (૧૯૨૧ – ૧૯૮૦), ગુલશન નંદા (૧૯૨૯ – ૧૯૮૫), રસિક મહેતા (૧૯૩૪ – ૨૦૧૧)ને વધુ વાંચ્યા હતા.

## ● વિરહ અને વેદનાના કવિ :

ગામમાં સૌ એમને 'ઓસાં'ના હુલામણા નામથી વધુ ઓળખે. કવિ તરીકે તો ઓછા જણ જાણે, પણ ઈન્સાન તરીકેની છાપ મોટી. બાળપણમાં પિરોલી અને ટુચકાનો શોખ એમને કચ્છીમાં કાવ્યસર્જન તરફ દોરી ગયો. એટલે સમય મળે ત્યારે કાવ્યો રચે. પ્રારંભે રાજવી કવિ 'કલાપી' ઉર્ફે સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ (૧૮૭૪ – ૧૯૦૦)ની શૈલીનું આકર્ષણ હતું.

તેથી જ એક વિષય પર ઘૂંટી ઘૂંટીને લખવું એ અઘરું કામ હોવા છતાં આ અલગારી શાયરના કાવ્યોમાં પ્રણય, વિરહ અને વેદનાની અનુભૂતિ વિશેષ જોવા મળે છે. તેઓ કહેતા : 'કાવ્ય સાગરમાં મારું જીવન ડૂબાડી દીધું છે. વીતેલી જિંદગીમાંથી સૂફી વાસ્તવિક્તાની ખુશ્બુ લઈને કાવ્ય પંક્તિઓ સર્જું છું.'

કચ્છી ભાષા માટે એમને ખૂબ લાગણી હતી. એમની રચનાઓએ કચ્છી ભાષાને વેગ આપ્યો છે. 'કર્તાના બે શબ્દો'માં સાટી પોતે જણાવે છે : 'સાચા કલાકારને પોતાની કળા ખાતર લાખ જાગીરો લૂંટાવવી સહેલી છે તેમ કવિને માતૃભાષા માટે લાખ જિંદગીઓ લૂંટાવવી પણ એટલી જ સહેલી છે.'

## ● ગામનું વણપીછ્યું કવિરત્ન

'પ્રકાશકીય'માં ગિરીશ વીછીવોરા લખે છે તેમ તેઓ તેમના પ્રિય કવિ હતા. એમની પદ્યકૃતિઓ એના હૃદયમાંથી જ સીધી ઉતરી આવતી હોય એવું જણાય છે. 'ભુજપુરીઆ શેઠ' તરીકે જાણીતા મુંબઈના સામાજિક - વ્યાપારી - રાજકીય શ્રેષ્ઠી ગાલા ખીમજી માંડણ ભુજપુરીઆ (૧૯૦૦-૧૯૭૯) પોતાના ગામના આ અણમોલ કવિરત્નની છાતી ફુલાવીને પ્રશંસા કરતા!

એમની રચનાઓ કચ્છમિત્ર, કચ્છકલામ, કચ્છ રચના, સ્વબળ જેવા સામયિકોમાં પ્રકાશિત અને આકાશવાણીના ભુજ કેન્દ્ર પરથી પ્રસારિત પણ થતી રહેતી. વિવેચક પ્રભાશંકર ફડકે

*સારો સમય એનો આવે છે કે જે ક્યારે પણ અન્યનું ખરાબ નથી ઈચ્છતો.*

## કચ્છી કાવ્ય સંગ્રહ : ઉડતી નજરે

*શિર્ષક :* "બ વાટું" (Two Tracks; બે કેડી – પગદંડી)
*આવૃત્તિ :* પ્રથમ (૧૯૮૩)
*સમાવિષ્ટ કૃતિ :* ૩૨
*પૃષ્ઠ :* ૪૮ ● *કિંમત :* રૂા. ૫/- ● *કદ :* ડેમી
*માપ :* ૫।।। X ૮।। ઇંચ (૧૪ X ૨૧।। સેન્ટીમીટર)
*કર્તા :* ઓસમાન સાલેમામદ સાટી (૧૯૫૦-૧૯૯૬)
*સંપાદન :* ડૉ. ગિરીશ સામત વીછીવોરા (૧૯૩૦-૨૦૨૨)
*પ્રકાશન :* કુંવર પબ્લિકેશન્સ, માટુંગા, મુંબઈ-૧૯.
*આયોજન :* પ્રા. ડૉ. ગુલાબચંદ રવજી દેઢિયા (જન્મ : ૧૯૫૪)
*મુદ્રણ :* હરખચંદ જેઠુભાઈ શાહ
જવાહીર પ્રિન્ટરી, ચીંચબંદર, મુંબઈ-૯.
*મુખપૃષ્ઠ* : શાંતિલાલભાઈ સાવલા
*અર્પણ :* માવજીભાઈ કેશવજી સાવલા (૧૯૩૦-૨૦૧૫)
*પ્રસ્તાવન :* પ્રભાશંકર શંભુરામ ફડકે (૧૯૩૬-૨૦૨૦)
*શિર્ષક પંક્તિ :* *જિંધગી જે રા'સ્તેમેં વલા વાટાડુ રે!*
*બ વાટું થઈ કડેંક ધાર ફુટેતી કિસ્મત,*
*અલગ થઈ આઉં આં વટા આંટી વરે વિનાં,*
*ત ધિલમેં ન કો ફરિયાધ રખજા!*
*ફક્ત આંઈ મૂંકે યાદ રખજા! યાદ રખજા...*

'આંસુએંજી કવિતા' હેઠળ પોતાની વિદ્વત્તાસભર બાર પૃષ્ઠોની લંબાણભરી પ્રસ્તાવનામાં અલ્પશિક્ષિત શ્રમજીવી જુવાનની સર્જન ઉપાસનાને અભિનંદીને નોંધે છે તેમ તેઓ અનુભવની એરણે ખૂબ ટીપાયા છે અને ત્રિવિધ તાપે તપ્યા છે.

એમનું સંવેદનતંત્ર અત્યંત કોમળ ને સૂક્ષ્મગ્રાહી, ભાષા સાદી ને સચોટ તથા શૈલી વ્યંજનાપૂર્ણ ને વેધક છે. સાટીની કવિતામાં કૃત્રિમતા કે સુફિયાણાપણું (સોફિસ્ટીકેશન) ઓછું દેખાશે. પણ અનુભૂતિની સચ્ચાઈ, અભિવ્યક્તિની વ્યંજકતા અને દર્દે-દિલની દાસ્તાન ભારોભાર અનુભવાય છે.

### ● 'કવિ શાકવાળા' તરીકે જાણીતા

કચ્છી લોકસાહિત્યકાર, કવિ અને સંશોધક દુલેરાય લખાભાઈ કારાણી (૧૮૯૬-૧૯૮૯)ને ગુરૂ માનતા. તત્ત્વચિંતક માવજી કેશવજી સાવલા (૧૯૩૦-૨૦૧૫), વિવેચક પ્રભાશંકર શંભુરામ ફડકે (૧૯૩૬-૨૦૨૦), કવિ 'તેજ' ઉર્ફે તેજપાલ ધારશી નાગડા (૧૯૩૭-૨૦૨૧), કવિ-લેખક 'ખ્વાબ' ઉર્ફે મદનકુમાર ઝવેરીલાલ અંજારીયા (જન્મ ૧૯૫૧) એમના દીવાદાંડીરૂપ અંતરંગ મિત્રો હતા.

સશક્ત કાયા, મસ્તકે સહેજ વાંકડિયા વાળ, ચહેરા પર શીતળાની નિશાની, વાતચીતમાં નિર્મમતા - નિસ્પૃહતા... એ એમની થોડી બાહ્ય લાક્ષણિકતા. ગઝલકાર ગની દહીંવાલા ઉર્ફે અબ્દુલગની અબ્દુલકરીમ દહીંવાલા (૧૯૦૮-૧૯૮૭)ની જેમ તેઓ 'કવિ શાકવાળા' તરીકે ઓળખાતા. ભુજપુરની નાની સાવલા શેરીમાં રહેતા, પરંતુ પોતાનું ઘર કે નિયમિત આવક ન હતી.

પ્રેમભગ્ન એકલવાયી જિંદગીમાં એમનું સમગ્ર જીવન માંદી માતાને સમર્પિત હતું. એમના મૃત્યુ પછી કવિએ પણ ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૯૬ અને ગુરૂવારે પોતાનું જીવન સંકેલી લીધું. એમની વિદાયના સાત વર્ષ પછી કચ્છ અને મુંબઈ સ્થિત સર્જકમિત્રોની મદદથી એમનો એકમાત્ર કાવ્યસંગ્રહ 'બ વાટું' (૧૯૮૩) બહાર પાડી શકાયેલો.

### કવિની થોડી કાવ્યપ્રસાદી

★ *હિન ગાલમેં હિન ગીતમેં, તરેતી આંજી છબી, મુંજે નેણેંજે નવેંમેં, નિચરેતી આંજી છબી.*
(આ ગાલ અને ગીતમાં તમારી છબી તરે છે, મારી આંખોના નેવામાં તમારી છબી નીસરે છે.)

★ *હંમેશા કઈ આય આં વટ આંસુએંજી કવિતા*
(તમારી પાસે સદાય મેં આંસુઓની કવિતા કરી છે.)

★ *આંસુ પી પી કિતરાં ડીં સાટી ઉન મિટાઈયું?*
(આંસુઓથી હું ક્યાં સુધી તરસ છીપાવતો રહીશ?)

★ *નાય સૂકી વઈ રિણમેં, ધરિયે લફી વ્યા વાણ*
(નદી રણમાં સૂકાઈ ગઈ અને દરિયે વહાણ ઊથલી પડ્યા.)

★ *ઉમેધેં જે આસમાન મિંજા, છણેલો આંઉં તારો અઈયાં, પિંઢજે પડછાંઈયેંનું પરાયો, આંઉ ભધનામ શાયર અઈયાં.*
(આશાના આકાશમાંથી ખરેલો હું તારો છું, પોતાના જ પડછાયાથી પરાયો હું બદનામ શાયર છું!)

*મુખ્ય સંદર્ભનોંધ :* (૧) "બ વાટું" (કચ્છી કાવ્યસંગ્રહ, ૧૯૮૩). લે. ઓસમાન સાટી (ભુજપુર). (૨) 'કચ્છમિત્ર' દૈનિક (ભુજ) : તારીખ – ? (બુધવાર)ના અંક સાથેની અર્ધ સાપ્તાહિક 'પરાગ' પૂર્તિની કટાર 'પૂર્વજોનાં પદચિહ્ન'માં દિલીપભાઈ વૈદ્યનો લેખ. (૩) સંદર્ભપ્રાપ્તિ સહયોગ : મધુસૂદન રતનજી રાસ્તે (ડૉ. સુભાષ ચોક, ભુજપુર).

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, જિ. કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯ ● મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

# વ્યક્તિ વિશેષ : શીતલ નીસર

*જૈન પરિવારની હું દીકરી અને શીતલ મારું નામ*
*મારા પિતાનું સ્વપ્ન પૂરું કરવા માટે હું પોલીસ ઓફિસર બની છું...*



કચ્છ મારું સોહામણું અને લાકડિયા મારું ગામ. જૈન પરિવારની હું દીકરી અને શીતલ મારું નામ. આ ટૂંકો પરિચય છે જૈન સમાજમાંથી આવતાં ગુજરાત રાજ્યના સૌપ્રથમ અને હાલમાં વડોદરા શહેરમાં ફરજ બજાવતા મહિલા પી.એસ.આઈ. શીતલ નીસરનો છે. શીતલ નીસર મૂળ કચ્છ જિલ્લાના લાકડિયા ગામના વતની છે. એક મધ્યમવર્ગીય જૈન પરિવારમાં તા. ૨૭મી ઓક્ટોબર, ૧૯૮૫ના રોજ તેમનો જન્મ થયો હતો. તેમના પિતા અમૃતલાલ એક દાયકા સુધી લાકડિયા ગામના સરપંચ રહી ચૂક્યા છે.

***સામાન્ય રીતે જૈન સમાજના લોકો વેપાર ધંધામાં માહેર હોય છે. તો તમે પોલીસ ડિપાર્ટમેન્ટમાં જોડાવાનું કેમ પસંદ કર્યું?*** – તેવા પ્રશ્નના જવાબમાં મિસ શીતલે જણાવ્યું હતું કે, મારા પિતાની ઈચ્છા હતી કે હું પોલીસ ઓફિસર બનીને સમાજ અને દેશની સેવા કરું. આજે મારા પિતા હયાત નથી પરંતુ ભારે સંઘર્ષ અને કઠિનાઈભરી આર્થિક પરિસ્થિતિ વચ્ચે શિક્ષણ પૂરું કરીને મેં મારા પિતાનું સ્વપ્ન પૂરું કર્યું છે.

મને પોલીસ ઓફિસર બનાવવા માટે ગામના આગેવાનોએ ઘણી મદદ કરી હતી. ઘણા આઈ.પી.એસ. અને આઈ.એ.એસ. ઓફિસરો પાસેથી મને જરૂરી માર્ગદર્શન અપાવ્યું હતું. આજે હું જે મુકામ ઉપર ઉભી છું તેનો શ્રેય હું મારી માતા અને મારા ભાઈને આપું છું. તેમણે મને સપોર્ટ કર્યો અને નાજુક પરિસ્થિતિમાં પણ તેમણે કઠિનાઈનો અહેસાસ થવા દીધો નથી.

શીતલ નીસર હાલમાં વડોદરા શહેરમાં ગોત્રી પોલીસ સ્ટેશનમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવી રહ્યા છે અને હવે તેમણે એ જ જોમ અને જુસ્સા સાથે પી.આઈ. અને ડી.વાય.એસ.પી.ની પરીક્ષા આપવાની તૈયારીઓ શરૂ કરી છે. જૈન સમાજ દ્વારા થોડાક સમય પૂર્વે મુંબઈ ખાતે કુ. શીતલ નીસરનું બહુમાન કરવામાં આવ્યું હતું.

***(વર્તમાનપત્રના આધારે)***

## શું જિંદગી નીતિથી જીવી શકાય?

**(અનુસંધાન : પાના નં. – ૩૩ ઉપરથી ચાલુ)**

**ઢાંકી શકાતું.** જ્યારે કહેવાય છે કે દર્પણ સ્વચ્છ રાખવાનું તો જ પ્રતિબિંબ મસ્ત આવે. તેરા મન દર્પણ કહેલાયે.

જીવનમાં જે શીખવાનું છે તે કંટ્રોલ રાખવાનું. જીવનને જીતવાનું છે પરંતુ છળ કપટ, ભ્રષ્ટાચારી બનીને નહીં - પરંતુ સદાચારી, નીતિથી જીવન જીવીને - લોકોના હૃદયમાં પેસી જઈને! રામને સીતા ગમી - પોતાની બનાવી તેનું હૃદય જીતીને – રાવણે આ કામ લક્ષ્મણરેખા ઓળંગીને સીતાનું બાવડું પકડ્યું – પોતાની ના કરી શક્યા કારણ કંટ્રોલ ગુમાવ્યો. એ જ રીતે જોઈએ તો સૌંદર્યની વચ્ચે રહેનારા અજય દેવગન કે અક્ષયકુમાર, તો શાહરૂખ ખાન તો કેટલો ગજબનો પોતાની ઉપર કંટ્રોલ ધરાવે છે. તેની સામે જેને પ્રેમ કરે છે જેને લીવ-ઈન રીલેશનમાં રહેવાનું સ્વીકાર્યું છે તે દિલ્હીની શ્રદ્ધા સાથે મિસ્ટર આફતાબે જે નીચ કૃત્ય કર્યું, ગળું કાપ્યું, ૩૬ ટુકડા કર્યા – આ પ્રેમ નથી. પોતાનો ઈગો - ભરોસાને દગો આપ્યો કહેવાય. પ્રેમ ભાવનાની છેડછાડ, બેઈજ્જતી. ત્યારે કહેવાનું મન થાય છે કે હું ક્યાં કહું છું કે આપણી હા હોવી જોઈએ - પણ ના કહો તેમાં વ્યથા હોવી જોઈએ. ■

*જીદ પકડીને માણસ એટલું ગુમાવે છે કે જે જીદ છોડીને કદાચ એટલું નથી ગુમાવતો.*

# આપણી આસપાસનું રહસ્યસભર રસમય જગત



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

આપણા જીવનનું અસ્તિત્વ એ લગભગ ૩.૮ અબજ વર્ષથી ચાલી આવતી એક વિશિષ્ટ ઘટના છે. તે પહેલા પણ જૈવિક પ્રકૃતિનું અસ્તિત્વ જોવા મળે છે. ભારતીય ઉપખંડનો ભૂપ્રદેશ જંગલો, વિવિધ સ્તરની જમીનો, જળાશયો તથા આબોહવાને કારણે અનન્ય જણાય છે. જીવનના વિવિધ સ્વરૂપો અત્રે ખીલતા રહે છે. આપણા સમુદ્રોના પેટાળમાં સમુદ્રી જીવોની પ્રજાતિઓ નિરખાય છે. વૈજ્ઞાનિકોને મત મુજબ હજુ પણ લગભગ વીસેક લાખ સમુદ્રી પ્રાતિઓ શોધવાની બાકી રહેલ છે. સમૃધ્ધ જૈવ વિવિધતા ધરાવતા પ્રદેશોના નામોમાં એક નામ ગુજરાતનું પણ છે. જ્યાં વનસ્પતિઓ અને પ્રાણી સૃષ્ટિની ૭૫૦૦ પ્રજાતિઓ શોધવામાં આવેલ છે. તેમાં ખાસ કરીને ૨૫૫૦ એન્જીયો સ્પર્મ્સ અર્થાત્ બીજવાળી વનસ્પતિઓ, ૧૩૬૬ પૃષ્ઠવંશી, ૫૭૪ પક્ષીઓની પ્રજાતિ જોવા મળે છે. બાકીના સસ્તન પ્રાણીમાં સરિસૃપ, ઉભયજીવી માછલીઓ વગેરે છે.

ખાસ તો ભારત વિશ્વના વિશેષ જૈવ વૈવિધ્યતા ધરાવતો એક દેશ છે. ભારતમાં વિશાળ ઊંડા મહાસાગરોથી લઈને હિમાલય જેવી ઊંચી પર્વતમાળાઓ છે. વૈશ્વિક જૈવ ભૂવિસ્તાર વર્ગીકરણ મુજબ ભારત મુખ્યત્વે બે વિસ્તારો ધરાવે છે : પેલિઆર્કટીક અને બીજો ઈન્ડો-મલાયન. ભારત ત્રણ પ્રકારના જંગલો ધરાવે છે : ઉષ્ણ કટીબંધીય ભેજવાળા જંગલો, શુષ્ક પાનખર ઉષ્ણ કટીબંધીય જંગલો અને ગરમ રણ અને ગરમ અર્ધરણ ઝુઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા (ZSI) તેનું દસ્તાવેજીકરણ કરેલું છે.

હિમાલયમાં ૩૦૩૭૭ પ્રજાતિઓ, ટાપુઓમાં ૧૧૦૦૯ પ્રજાતિઓ, રણમાં ૩૩૪૬ પ્રજાતિઓ, દરિયા કિનારાના વિસ્તારોમાં ૧૧૮૮૩ પ્રજાતિઓ, દક્ષિણના ઉચ્ચ પ્રદેશોમાં ૧૫૫૩૯ પ્રજાતિઓની નોંધ છે. હિંદ મહાસાગરના વિસ્તારમાં ભારત ૨૦૪૪૪ પ્રજાતિઓ ધરાવતો મોટો દેશ છે. દરિયા કિનારાના વિસ્તારોમાં ભારતના આંદામાન અને નિકોબાર ટાપુઓ ૭૫૧૬.૬ કિલોમીટરનો લાંબો દરિયા કિનારો ધરાવે છે. છેલ્લા ૧૦૭ વર્ષ દરમ્યાન ભારતના વિવિધ પ્રાદેશિક વિસ્તારોના ખાસ તો જંગલની સ્થિતિ, ઘાસિયા મેદાનો, દરિયાઈ મેદાનોના વિવિધ સંશોધનો હાથ ધરાયા છે. સૂર્યનો પ્રકાશ મહાસાગરોની સપાટીથી ૨૦૦ મીટર સુધી નીચે “એપીથેલોજીક ઝોન” તરીકે ઓળખાતા વિસ્તાર સુધી પહોંચી શકે છે. લગભગ ૧૦૦૦ મીટર સુધી ખૂબ ઝાંખો પ્રકાશ પ્રવેશે છે તેને “ટ્વાઈ લાઈટ” અથવા “મેસ્કોપલેજિક” ઝોન કહે છે. મહાસાગરોનું પેટાળ ૧૦૦૦થી ૪૦૦૦ મીટરની ઊંડાઈએ આવતું હોય છે. જેને “બેથિપેલેજીક ઝોન” કહેવાય છે.

વિશ્વમાં મહાસાગરોનું સૌથી ઊંડું તળીયું જાપાનના માળીયાના ટ્રેન્ચમાં છે, જે ૧૧૦૦૦ ફીટ નીચે છે. અપૃષ્ઠવંશીય જીવો સ્નેઈલ ફિશ, ઓક્ટોપસ, એમ્ફીપોડસ અહીં વસવાટ કરે છે. ગોવામાં વડું મથક ધરાવતી નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓશનોગ્રાફી (NIO) એ એક પ્રયોગશાળા છે, જે ઈ.સ. ૧૯૬૬થી કાર્યરત છે.

મહાસાગરોમાંથી મળી આવતી ટ્રેસ મેટલ્સ આયર્ન, નિકલ, કોબાલ્ટ, તાંબું, જસત, સમુદ્રી જીવોને મદદ કરે છે.

મહાસાગરોના ઊંડાણના અન્વેષણ માટે “સમુદ્ર યાન” ભારતનું પ્રથમ માનવ સહિતનું સબમર્સીબલ યાન છે. મહાસાગરો અંગે ૯૫ ટકા સંશોધન બાકી છે. આ યાનમાં વિશેષ ટેકનોલોજીનો ઉપયોગ કરાયો છે. આ યાન વિશ્વના સમૂહના દેશોમાં સામેલ થયું છે જેમાં રશિયા, અમેરિકા, જાપાન, ચીન અને ફ્રાન્સ સામેલ છે. મહાસાગરોમાં ઊંડે છ હજાર મીટર સુધી નીચે ત્રણ વ્યક્તિઓને એક સાથે લઈ જઈ શકે છે. સમુદ્રયાનનો સક્રિય સમયગાળો ૧૨ કલાકનો છે પરંતુ કોઈ ઈમર્જન્સીમાં ૯૬ કલાક સુધી રહી શકે છે.

સતત વધતી રહેલી વસતી, પર્યટનો તથા અનેક રાસાયણિક દ્રવ્યોને મહાસાગરોમાં છોડવાથી પ્રદૂષણો ખૂબ વધી રહ્યા છે.

*૬/એ, સહજાનંદ, લીમડા લેન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ● મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

*મિત્ર એવા કિજીએ જે ઢાલ સરીખા હોય,*
*સુખમાં પાછળ પડી રહે દુઃખમાં આગળ હોય.*

*જેમની સાથે વાત કરવાથી ખુશી બે ગણી અને દુઃખ અડધા થઈ જાય એ જ પોતાના છે, બાકી તો બસ દુનિયા છે.*

# જીભ – મારે પણ અને તારે પણ



ડૉ. કાંતિ ગોર 'કારણ'

આપણને કેટલીક જ્ઞાનેન્દ્રિય મળી છે. સ્પર્શેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, નેત્રેન્દ્રિય, શ્રવણેન્દ્રિય વગેરે. સ્પર્શથી આપણે પદાર્થના ગુણધર્મને પામી લઈએ છીએ. વસ્તુ કે પદાર્થની ઠંડક, ઉષ્ણતા વગેરેનું જ્ઞાન આપણને એને સ્પર્શ કરવાથી થાય છે. શરીરમાં કોઈ પણ અંગ નકામું નથી. કેટલાક અંગ તો એકથી વધારે કાર્યો કરે છે. ચામડી સ્પર્શીને પદાર્થનું ભાન કરાવે છે તો શરીરના આંતરિક અંગોનાં રક્ષણનું કાર્ય ચામડી કરે છે. તો કેટલાક અંગ તો એકથી વધારે પ્રમાણમાં પણ આપણને મળ્યા છે. જેમ કે કાન બે છે, આંખ પણ બે છે.

જીભ એક છે પણ તે બોલવામાં મદદ કરવાનું અને સ્વાદને અનુભવવાનું એમ બે કાર્ય કરે છે. આપણી તંદુરસ્તી અને માનસિક સ્વસ્થતા અને વ્યક્તિત્વ વિકાસનો આધાર આપણા શરીરના આ અંગોની કાર્યક્ષમતા અને કાર્યપદ્ધતિ પર છે. તો ક્યારેક આવી કોઈ એકાદ ઇન્દ્રિયની અનુપસ્થિતિ કે ખામીની સ્થિતિમાં કુદરત એને બીજી કેટલીક વિશેષ શક્તિ પણ આપી દે છે. જેમકે અંધ વ્યક્તિ માત્ર હાથના સ્પર્શથી બીજી વ્યક્તિને ઓળખી લે છે. હેલન કેલર એક એવી સ્ત્રી, જે અંધ, વાચાવિહીન અને સાંભળી પણ ન શકે તેવી હાલતમાં, અનેક અવરોધોને પાર કરીને એમણે સામાન્ય માણસથી પણ વધારે સિદ્ધિઓ અનેક ક્ષેત્રમાં મેળવીને જો કોઈ માણસ એમની સાથે હાથ મેળવો કે એ આપણા પરિચયમાં હોય તો માત્ર હાથના સ્પર્શથી આપણને ઓળખી લે છે.

હાલમાં ચૂંટણીના પ્રચાર-પ્રસારનાં સમાચારમાં એક શબ્દપ્રયોગ સતત સાંભળવા મળ્યો. 'એમની જીભ લપસી ગઈ.' આ જીભ લપસી જવાની ઘટનાના તાજેતરમાં જોયેલા પ્રતિભાવોની વાત નથી કરવી, પણ માણસનો પગ લપસી જાય તેના કરતાં પણ ભયંકર પરિણામો આ જીભ લપસી જવાના આવે છે.

ગુજરાતના મહાન હાસ્ય લેખક જ્યોતીન્દ્ર દવેએ જીભ પર એક જોરદાર નિબંધ લખ્યો છે. એમનું એક વાક્ય યાદ આવ્યું : 'જીભ ભલે ત્રણ ઇંચિયા હોય પણ છ ફુટીયા પહેલવાનને પરાસ્ત કરી શકે છે.'

આ જીભ ભલે નાજુક હોય, નિર્બળ દેખાતી હોય, હાડકા વગરની હોય પણ હાડકા ભંગાવી શકે છે. મજબૂત ઘણાતા ૩૨ દાંતને એક ઝાપટથી મોઢામાંથી બહાર ફેંકાવી શકે છે. વર્ષોની મહેનત પર જીભ પાણી ફેરવી શકે છે. વર્ષોની મહેનત પછી, તપ પછી કુંભકર્ણને ઇન્દ્રાસન માંગવું હતું. પણ આ એની જીભ લપસી અને એ માંગી બેઠો નિંદ્રાસન. એનું તપ પાણીમાં ગયું. ક્યારેક જીભ માણસને ઘણી બધી ઉપાધિમાં બચાવી લે છે. કુંભકર્ણ છ મહિના ઊંઘતો રહેતો. એથી એ ઘણી માથાકૂટમાંથી બચી જતો હતો.

હાલમાં પણ ઘણાં જીભની ભૂલથી ઇન્દ્રાસન (સત્તા) ખોઈ નાખશે તો કોઈક એ જ જીભની મદદથી ચૂંટાઈ આવશે. ગુજરાતીમાં એક કહેવત છે કે : 'કર્મની જીભ અને અક્કરમીના ટાંટીયા.' એક માણસે માત્ર એક શબ્દ બોલવાનો હોય અને બીજાએ દોડવાનું હોય.

ડોક્ટર પણ રોગનિદાન વખતે જીભ તપાસે છે. જીભ શરીરની અવસ્થાની, તકલીફોની તરત જ ચાડી ખાય છે. જીભ ડોક્ટરને પેટની અને અન્ય તકલીફો તો બતાવે જ છે પણ ક્યારેક હાથપગ ભંગાયા હોય તેનું કારણ પણ જીભ જ હોય છે. તેની ખબર ડોક્ટરને નથી હોતી. અરે, જેના હાથ પગ ભંગાયા હોય એને પણ નથી હોતી. આ જ તો જીભની ખૂબી છે.

વાતાવરણનો પ્રભાવ પણ જીભ પર જલ્દી પડે છે. વરસાદી વાતાવરણ હોય, વરસાદ શરૂ થાય કે માણસ ઘરે આવીને કહેશે કે આજે તો ભજીયા ખાવાનું મન થાય છે. હવે એવું જરૂરી નથી કે અન્ય વ્યક્તિ પણ એ માટે સંમત થાય. દરેકની જીભની અપેક્ષા જુદી જુદી હોય છે. ક્યારેક જીભને લીધે ભજીયાને બદલે કજીયા પણ થાય.

આપણી ભાષામાં એક કહેવત છે કે : 'બોલે તેના બોર વેચાય.' તો એવી કહેવત પણ છે કે : 'ન બોલ્યામાં નવ ગુણ.' ટૂંકમાં, જીભ પર માણસના મનનો અંકુશ અતિ મહત્ત્વનો છે.

***વસે છે લક્ષ્મી જિહ્વાગ્રે, જિહ્વાગ્રે મિત્ર ને રિપુ***
***જિહ્વાગ્રે બંધ ને મુક્તિ, જિહ્વાગ્રે વિષ અને અમૃત.***

જીભનું મહત્ત્વ આનાથી વધારે કઈ રીતે વર્ણવી શકાય? ઘણાં દોઢડાહ્યા માણસો હાથે કરીને ઘણી મોટી ઉપાધિ જીભની અવળચંડાઈથી વહોરી લે છે.

સંત તિરૂવલ્લુવરે કહ્યું છે : 'અંગારા પર પગ પડ્યો હશે તો મટી જશે પણ અત્યાચારી શબ્દનો ઘા ક્યારેય રુઝાશે નહીં. માટે જીભને અંકુશમાં રાખો.'

---

*જે સુખમાં સાથ આપે તે સંબંધી હોય છે, પરંતુ જે દુઃખમાં સાથ આપે છે તે ફરીશ્તા હોય છે.*

સાચું જ છે : તલવારના ઘા રુઝાઈ જાય, પણ જીભના ઘા રુઝાય નહીં.

આપણું લોકસાહિત્ય કહે છે :

*કોયલડીને કાગ વાને વરતાય નહીં,*
*પણ જીભલડીમાં જવાબ એમ સાચું સોરઠિયો ભણે.*

સંસ્કૃતના એક વિદ્વાન ભટ્ટ મથુરાનાથ શાસ્ત્રી લખે છે :

*ઈતરા રસના વિફલ વ્યસના*
*હરિનામ ધના રસના રસના!*

હરિનામને સર્વસ્વ માનીને રટનાર લેનાર જીભ જ જીભ છે. બાકી બધી તો વ્યર્થ બોલ બોલ કરે છે (ગોવિંદવૈભવ, ૬૯)

શાસ્ત્રીજીની દૃષ્ટિએ જીભનું કાર્ય તો એક જ છે. હરિનામનું સતત ઉચ્ચારણ. બાકી બધું વ્યર્થ છે. પણ શાસ્ત્રીજી જેવા વિચારકો, સંતો અને ભક્તો આવું કહેતા રહે છે પણ સામાન્ય રીતે માણસને જીભનું બીજું કાર્ય, એવી સ્વાદ પારખવાની શક્તિમાં વધારે રસ હોય છે. એને કારણે પણ ઘરમાં અશાંતિ ઊભી થાય છે અને શરીરમાં વ્યાધિનું આગમન થાય છે. માણસ બીજી ઇન્દ્રિયોને થોડા પ્રયત્નોથી વશ કરી લે છે પણ જીભને કાબૂમાં રાખવી મુશ્કેલ છે. મધુપ્રમેહના દર્દીને પણ મિષ્ટાન્ન જોઈને મોઢામાં પાણી આવી જાય છે.

*તાવત્ જિતેન્દ્રિયોન્સ્યન્દ્રિજિતેન્યેન્દ્રિયક:પુમાન્ ।*
*ન જયેન્દ્રસનં યાવત્ જિતં સર્વ જિતે રસે ॥*

બધી જ ઇન્દ્રિયોને વશમાં કરી લીધી હોય પણ જ્યાં સુધી માણસ જીભને વશમાં ન કરે ત્યાં સુધી માણસ જિતેન્દ્રિય ન થઈ શકે કારણકે બધી ઇન્દ્રિયો પર જીભનો પ્રભાવ હોય છે. નાક સારી સુગંધને આપણી પાસે પહોંચાડે તો એનો લાભ તો જીભને મળે છે.

જીભને જેમ વધારે વાપરીએ તેમ એ વધારે ધારદાર બનતી જાય છે. જેમ હથિયાર વધારે પડતું ધારદાર તેમ વધારે સાવચેતી રાખવી પડે.

ભગવાનનાં દર્શનનાં સંદર્ભમાં એનું વર્ણન ન થઈ શકે. એ સંદર્ભમાં તુલસીદાસજીએ લખ્યું છે કે : 'ગિરા અનયન નયન બિનું બાની.'

આંખને વાચા નથી અને વાણીને આંખ નથી. જોનાર આંખ એનું વર્ણન ન કરી શકે અને જીભને આંખ નથી. પછી ભગવાનને જોયા પછી કે અનુભવ્ય પછી એનું વર્ણન કઈ રીતે કરી શકાય?

જે વિચાર આવે તે બધા બોલવા જેવા નથી હોતા. મન અશાંત હોય તો હજીયે બચી જવાય પણ જીભ અશાંત થાય તો મોટી ઉપાધિ થાય. તદ્દન મૌન પણ સારૂં નહીં અને જીભનો બેફામ ઉપયોગ પણ આવકાર્ય નથી. ■

## કચ્છી માડુના નામે બન્યું સેન્ટ્રલ રેલવેનું 'કલ્યાણ' સ્ટેશન

વર્ષો પહેલા ઘણા કચ્છીઓએ માતૃભૂમિથી પ્રયાણ કરી મુંબઈને પોતાની કર્મભૂમિ બનાવી.

રોજગાર મેળવવા સન ૧૮૪૦માં કચ્છ માંડવીનાં કલ્યાણજી શિવજી મુંબઈ આવ્યા. ત્યારે દરિયો મસ્જિદ બંદર સુધી હતો. દરિયા વાટે આવતી બોટ કિનારાથી લગભગ ૩૦૦ મીટર દૂર ઊભી રહેતી. મજદૂરો પ્રવાસીઓને ખભે બેસાડી કિનારે લાવતા. કલ્યાણજી પણ આ મજદૂરી કરતો. તે કાળી મજૂરીનો ૧ પૈસો લેતો. જે દિવસે ૧૦ પૈસા થઈ જાય, તે દિવસે એકેય પૈસા લીધા વગર મફતમાં મજૂરી કરતો. આ તેની પોતાની ટેક હતી.

એક દિવસ રેલવેના નિરીક્ષક સર એન્ડરસન બોટથી મુંબઈ આવ્યા. કલ્યાણજીએ તેમને ખભે બેસાડી કિનારે લાવ્યો. સર એન્ડરસને કલ્યાણજીને ચાર આના આપ્યા પરંતુ તે દિવસે કલ્યાણજીને ૧૦ પૈસા મળી ગયા હતા. પોતાની ટેકની વાત કરી પૈસા લેવાનો ઇન્કાર કર્યો.

સર એન્ડરસન ખૂબ જ પ્રભાવિત થયા. તેમણે પોતાનું વિઝીટીંગ કાર્ડ કલ્યાણજીને આપ્યું. એક દિવસ કલ્યાણજીને ખરાઈ કરવાનું મન થયું. તે પહોંચી ગયો સર એન્ડરસનની ઓફિસે. તેઓ કલ્યાણજીને જોઈને રાજી થયા. તમણે કહ્યું કે આ કાળી મજૂરી છોડીને કોઈ સારૂં કામ કર.

તે વખતે રેલવે ટ્રેક પર માટી ભરવાનું કામ ચાલતું હતું. સર એન્ડરસને કલ્યાણજીને આ કોન્ટ્રાક્ટ આપ્યો. કલ્યાણજી પાસે અનુભવ ન હતો, પણ હામ ભરી કોન્ટ્રાક્ટ સ્વિકારી લીધો.

સર એન્ડરસન વખતોવખત નિરીક્ષણ માટે જતા. કલ્યાણજીની કાર્યપદ્ધતિ અને ઇમાનદારી જોઈ રાજી થતાં તેઓ કલ્યાણજીને "કલ્યાણ"ના હુલામણા નામથી બોલાવતા.

કલ્યાણજીએ નિર્ધારીત સમયથી ૬ મહિના પહેલાં કાર્ય પૂર્ણ કર્યું.

ભારત દેશની પ્રથમ ટ્રેન બોરીબંદરથી થાણાની વચ્ચે તા. ૧૬-૪-૧૮૫૩ના દોડી ત્યારે થાણાથી આગળનાં સ્ટેશનોના નામકરણ બાકી હતા. આ અવસરે એક અભિવાદન સમારંભ આયોજવામાં આવેલ. સર એન્ડરસને કલ્યાણજીના ખંત, પ્રામાણિકતા અને ટેકની સ્ટેજ પર વાત કરી, તેનું બહુમાન કર્યું અને આ સાચા માણસની યાદ માટે સેન્ટ્રલ રેલવેના પરાના સ્ટેશનને "કલ્યાણ"નું નામ આપ્યું.

કચ્છવાસીઓએ ખરેખર ગૌરવ લેવા જેવી વાત છે. ખંત, ખમીર અને ઇમાનદારીથી કચ્છીઓએ સમગ્ર વિશ્વમાં પોતાનું કાઠું કાઢ્યું છે.

***પ્રેષક : નીલેશ શ્યામ શાહ***

*જે જીતે છે, તે હારી પણ શકે છે. પરંતુ જે અન્યોને જીતી શકે છે તે ક્યારે પણ હારતો નથી.*

# શું જિંદગી નીતિથી જીવી શકાય?

**(આજે નીતિથી જીવન જીવવામાં શી મજા?)**

ડૉ. કમલેશ એન. શાહ
M.D.

નીતિ એટલે સંસારના પ્રસ્થાપિત નિયમો દ્વારા જીવન જીવવું અને તેના દ્વારા મળતો પૈસો. પ્રતિષ્ઠા ને પદવાળું જીવન, જ્યારે સમાજ દ્વારા પ્રસ્થાપિત થયેલા નિયમો વિરૂધ્ધ કાવાદાવા, ખોટી રીત રસમો, ફોસલાવી, ભ્રષ્ટાચાર દ્વારા, પદ પ્રતિષ્ઠા અને પૈસો મેળવવો તે અનીતિની જિંદગી કહેવાય. દા.ત. ક્રિકેટમાં મેચ ફિક્સિંગ દ્વારા રૂપિયા મેળવવા - હાલનો કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્હી સંભાળી રહેલા આપણા અઠંગ રાજકારણી વીજ ચોરી કરી ખેતરોમાં પાણી અને કારખાના ચલાવતા કેટલાક શ્રીમંત નાગરિકો - આ સરાસર અનીતિ છે. જેના દ્વારા મેળવેલા પદ, પ્રતિષ્ઠા ને પૈસો બહુ લાંબો સમય ટકતો નથી. કેટલાક આવા ક્રિકેટરોના સંસાર તૂટી ગયા તો કેટલાક રાજકારણીઓ તિહાડ જેલના સળિયા ગણી રહ્યા છે.

મહાભારતમાં એક જ કાળમાં સાંદીપની આશ્રમ દ્વારા બહાર પડેલા શિષ્યો — શ્રીકૃષ્ણ - સુદામા — તેઓનું જીવન અને દ્રોણ કે દ્રુપદના જીવનનો ઇતિહાસ આપણી સામે છે. હા, નીતિનું જીવન જીવવામાં ઓછા રૂપિયા, કઠિન પરિસ્થિતિ ને વાવાઝોડા આવી શકે છે. તો કર્મના સિદ્ધાંતો પણ ક્યાંક લાગુ પડે છે. આ તો ભગવાન દ્વારા કરવામાં આવતી અગ્નિ પરીક્ષાઓ છે. જેમાંથી સાંગોપાંગ બહાર નીકળીને સો ટચના સોનાની જેમ બહાર નીકળવાનું છે. જે વ્યક્તિઓ ભ્રષ્ટાચાર, ગેરરીતિઓ અને કાવાદાવા આચરે છે તેમાંના ભાગ્યે જ કોઈ લકવો, હાર્ટ ફેઈલ્યોર, કિડની ટ્રાન્સપ્લાન્ટ કે કારાવાસથી બચ્યા છે! શું કરવાની આવી જિંદગી? વિવશતા, પથારીવશ, લાચારી કરતાં ભરોસો, પ્રેમ, લાગણીઓની ડિપોઝીટો કરાવવી સારી.

નીતિ દ્વારા જીવન જીવવામાં, મનુષ્યમાંથી માનવ અને તેમાંથી મહામાનવ બની શકાય. લોક હૃદય સુધી પહોંચવાનું ને ખુશીઓનો સાગર લહેરાવી શકાય. અનીતિથી મનુષ્યમાંથી દાનવ અને તેમાંથી રાક્ષસનો જન્મ થાય છે. અનીતિથી જીવન જીવવામાં મજા નથી. તેના તાજેતરના દાખલા દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી શ્રી સત્યેન્દ્ર જૈન, હમણાં જ સીંગાપુર કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે ગયેલા શ્રી લાલુપ્રસાદ યાદવ અને જે તે સમયના ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન અઝહરૂદ્દીન જે મેચ ફિક્સિંગમાં પકડાયા. તેનો દીકરો એકવીસ લાખની ડ્યુટી ભરીને લાવેલા મોટર સાઈકલ ઉપર સવારી કરતાં જે તે દિવસે જ અકસ્માતમાં મૃત્યુ પામ્યો. આનંદ ને મજા શબ્દો ગામડે ગામડે સંતકાલીન જ્ઞાનેશ્વરો ને મેઘાણીઓ દ્વારા જોવા મળે છે. માત્ર ને માત્ર ભારતના મહાત્મા બનેલા, સત્યવાદી, હઠાગ્રહી છતાં લોકહૃદયમાં સ્થાન પામેલા ગાંધીજીને ગણી શકાય, જેઓએ દેશવાસીઓનો ભરોસો જીતી લીધો છે.

લોકો દ્રવિડ, સચીન, ધોનીને કેમ યાદ કરે છે? સચીન - કાંબલી સાથે આવ્યા. એક જ સ્કૂલ, ગ્રાઉન્ડ એક, મરાઠી બેકગ્રાઉન્ડ, ગુરૂ પણ એક જ — શ્રી રમાકાંત આચરેકર. સ્કુલ ક્રિકેટમાં ૬૦૦ રનની ભાગીદારી. બંનેએ ટ્રીપલ સેન્ચુરીઓ કરી. ફરક શું? — સચીન આજે ક્રિકેટના ભગવાન તરીકે પૂજાય કારણ — સ્થિર, કંટ્રોલ, બુદ્ધિ, નમ્રતા. જ્યારે કાંબલી પ્રોબ્લેમોમાં ફસાયો, ટેલેન્ટ હતી પણ INTEGRITY કાબૂ ન હતો. જલસામાં ફસાયો. ક્રિકેટમાંથી ફેંકાયો, સાથે ડાઈવોર્સના કેસો, નશાના કેસો - મિત્રો, જબ તક બલ્લા ચલતા હૈ, ઠાઠ ચલતા હૈ. પરફોર્મ કરો, નહિંતર ફેંકાઈ જશો. એટલે જ કવિ સાંઇ મકરંદે કીધું કે,

*"કોઈ તારું વાટશે ને કોઈ તારું ચાટશે,*
*તું પરવા ના લેસ કર, બસ ખેલતો જા."*

તો મિત્રો, જિંદગી નીતિથી જ જીવી શકાય. અનીતિ ક્ષણિક છે. પછી ચળકાટ ગયો ને તમે પડ્યા. આજે પ્રત્યેક ક્ષેત્રમાં પૈસો પડ્યો છે. તે રાજકારણ, બોલીવુડ કે ક્રિકેટ હોય — વકીલ, ઈન્કમટેક્ષ, ડોક્ટરનો વ્યવસાય હોય — ઠેરઠેર અનીતિ ખદબદે છે. રૂપિયા ભેગા કરવાની હોડ ને દોટ ચાલી છે. દેશ, ઇમાનદાર એવા સેંકડો નાગરિકો કે જેઓના કિસ્સા છપાતા નથી તેઓથી ચાલે છે. ચાહે તે ખૂમચાવાળા, રીક્ષાવાળા કે ટેક્સીવાળા, દેશ ભક્તિના ગીતો લખનારા પ્રદીપ હોય કે દેશદાઝવાળા કપીલ દેવ કેમ ન હોય! ઝાંબાઝ સૈનિકો, એન.એસ.જી. કમાન્ડો કે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કેમન હોય! દેશ જબાન, ભરોસો અને પ્રતિષ્ઠા ઉપર ચાલે છે. ત્યારે કહેવાનું મન થાય છે કે **સત્ય નથી ઝાંખું થતું કે નથી સોનાના પાત્રથી**

**(અનુસંધાન : જુઓ પાના નં. — ૨૯ ઉપર)**

# મારા કચ્છ કડવા પાટીદાર સમાજના ગૌરવવંતા રીત રિવાજો



પારુલ આર. પટેલ

કચ્છની ભાતીગળ સંસ્કૃતિ આજે પણ ખૂબ જ ધામધૂમ અને આનંદ ઉલ્લાસથી ઉજવાય છે. કચ્છમાં વસતા 'કચ્છ કડવા પાટીદારો'ના જે ગામો છે તે ગામોની પોતાની અલગ ખાસિયતો હોય છે. ઉજવણી પોતપોતાના વડવાઓ અને હુરધનના નક્કી કરેલા રીવાજો પ્રમાણે ખૂબ જ જતનથી ઉજવાય છે. તેવા કેટલાક ગામોના વરસોથી ચાલ્યા આવતા ઉત્સવો વિશે વાતો કરવાનું મન થયું છે.

કચ્છી પટેલોમાં હવે તો ભણતર ખૂબ જ વધી ગયું છે અને વેપાર ધંધામાં પણ વિવિધતા અને દુનિયાની પ્રગતિની હોડમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. આજે તો સર્વ સુખ સુવિધા અને ભણતર દ્વારા તથા મીડિયા દ્વારા, દુનિયા નાની બની ગઈ છે. પરંતુ આ વાત હું દોઢસો વરસ પહેલાની કરું તો તદ્દન અભણ, ભાષાઓનું જ્ઞાન ન હોવા છતાં, કચ્છના સાહસિકો પોતાની હિંમત, કુનેહ અને આત્મવિશ્વાસ સાથે દુનિયાભરમાં વસતા હતા. ધીમે ધીમે ભણતર વધતા અનેક પ્રગતિશીલ દેશોમાં આજે નામ કમાઇને કચ્છનું – પોતાના વતનની શાન વધારી રહ્યા છે.

છતાં પણ જ્યારે જ્યારે વતનમાં, પોતાના ગામમાં પરંપરાગત ઉજવાતા પ્રસંગોએ દેશ, પરદેશમાં વસતા કચ્છી પટેલો પોતાના ગામમાં પરિવાર સાથે આવે છે અને પરંપરાગત ઉજવાતા ઉત્સવમાં ભાગ લે છે ત્યારે ત્યારે આ બધા તહેવારોમાં અષાઢી બીજ, જન્માષ્ટમી અને પોતાના શાખ ભાઈઓના સંમેલનોમાં અવશ્ય આવે છે.

તેમાં કચ્છના વિથોણમાં ઉજવાતા સમૂહ સ્નાન દ્વારા વડીલોના સન્માનનો પ્રસંગ આશ્ચર્ય પમાડે તેવો છે. અષાઢી બીજના દિવસે બધા જ વડીલો ગામના ચોરે ભેગા થાય છે અને બધી વહુઓ પાણીના ઘડા ભરી, સોળે શણગાર સજી, ખુરશીમાં લાઈનમાં બેઠેલ વડીલોને ઘડામાંના પાણીથી થોડું થોડું રેડી સ્નાન કરાવે છે. ૧૦૦થી ૨૦૦ પુત્ર - પૌત્રવધૂઓ આ કાર્યમાં જોડાઈ ગામના બધા જ વડેરાઓને સ્નાન કરાવે છે. માન્યતા પ્રમાણે આ પાણી એટલું બધું રેડવાનું કે ગામની બહાર તે પાણી વહેવું જોઈએ. તો જ સારો વરસાદ પડે તેવી માન્યતા છે. તેથી પાણી રેડવામાં આવે છે.

કચ્છના ગામોમાં લગ્ન કર્યાના પ્રથમ વરસમાં દીકરીને પિયર તેડી લાવવામાં આવે છે અને સાતમ - આઠમના આ બધી નવી પરણેલી દીકરીઓ એકસરખી ડિઝાઈનની સાડીઓ પહેરીને રાસ-ગરબા રમે છે. ત્યાર પછી ગામ તરફથી દીકરીઓને એટલી બધી ભેટસોગાદોથી નવાજવામાં આવે છે કે સાસરે આ બધું લઈ જવા માટે સ્પેશિયલ સગવડ કરવી પડે છે.

વર્ષમાં એક વખત બધા જ પટેલો પોત-પોતાના હુરધન માટે ઉજવાતો એક દિવસ કે જ્યારે તે નોખના એટલે કે રામાણી હોય તો રામાણી, વેલાણી, સુરાલી, લિંબાણી આવી શાખો ધરાવતા પરિવારો ભેગા મળીને સમાજની પ્રગતિમાં પોતાના તરફથી કેવું અને શું યોગદાન આપી શકાય તેની ચર્ચા વિચારણા કરવામાં આવે છે.

આ આવનારા સૌ કોઈ "અપના ઘર"માં ચા-નાસ્તો જમવાનું કરે છે. ઘરે રસોડું ખોલતા. તેથી અને સાતમ-આઠમના ગામમાં ધુમાડો એટલે કે રસોડા ઘરે બંધ રહે છે અને દરેક જ્ઞાતિના લોકો સમાજ તરફથી બનતી રસોઈ "અપના ઘર"માં જમે છે. ત્યારે બહારનો મહારાજ રસોઈ બનાવે છે. તેનું કારણ જુદા જુદા સમુદાય દ્વારા આ સમગ્ર કચ્છી પાટીદાર સમાજની એકતાનો એક નક્કી કરેલ વિચાર છે. આ દિવસે પોતાના સમુદાયની બહેનો - દીકરીઓ જે પૂરા ભારતમાં કે બીજે ક્યાંય પણ વસતી હોય તેઓ પોતાના પરિવાર સાથે નક્કી કરેલ સ્થળે તેડાવી બહેનો-દીકરીઓ ગમે તે ઉંમરની હોય પરંતુ તેઓને ઘણી જ ઉપયોગી ભેટસોગાદો અપાય છે.

કચ્છી પટેલોમાં એક ખાસ સ્વીકાર કરવા જેવી બાબત એ છે કે પિતાની ગમે તેટલી મિલ્કત હોય પરંતુ દીકરીઓ તેમાં ભાગ માંગતી નથી અને જ્યારે જ્યારે તેમની સહીઓની જરૂર પડે ત્યારે આવી, પોતાના ભાગે આવતો હક્ક-હિસ્સો જતો કરે છે તે પણ ખુશી-ખુશીથી! તેથી જ્યારે દીકરીના ઘરે જીયાણાનો પ્રસંગ હોય, લગ્નમાં મામેરાનો પ્રસંગ હોય તે ઉપરાંત દર વરસે અષાઢી બીજ પછી દરેક દીકરીને ઘરે પીયર પક્ષમાંથી ભાઈ-ભાભી કે પછી જે અનુકૂળતા હોય તે પ્રમાણે બંનેને ઘરે જાય

*કેટલાક લોકો કિસ્મત જેવા હોય છે જે દુવાઓથી મળે છે અને કેટલાક લોકો દુવા જેવા હોય છે કે જે કિસ્મતને પણ બદલી દે છે.*

છે અને બહેન-દીકરીને કપડાં કે પોતાની ઈચ્છા પ્રમાણે આપે છે. આને વીર પસલી કહે છે.

આ કચ્છી પટેલોની એક વિશિષ્ટતા જે પરંપરાથી ચાલી આવે છે તે એ છે કે દર વર્ષે નક્કી કરેલ મહિનો, તિથિ મહા મહિનાના પ્રથમ બુધવાર પ્રમાણે પૂરા ગામમાંથી બધા જ લોકો ઘરડા, બાળકો, ઢોર-ઢાંખર બધું જ ગામ બહાર વગડામાં ગાડા જોડી જતા રહે છે. જમવાનું બધા જ તે સ્થળે પોતપોતાની રીતે બનાવી વન ભોજનકરે છે અને ગામના યુવાનો આખા ગામની સફાઈ કરી લીમડાનું પાણી છાંટી કે અન્ય દવાઓ છાંટી સ્વચ્છ કરે છે અને ગામની ફરતે દૂધ અને પાણીની ધારાઓ કરી સાપ, વિંછી કે અન્ય જીવલેવા જીવોથી બચાવી શુભકામના સાથે સાંજે પાછા આવે છે. આ એક એકતાનું જબરદસ્ત ઉદાહરણ છે, જે આજે કેટલાય કંપાઓમાં, કચ્છમાંથી આવીને વસનારા ભાઈઓ કરે છે.

ખૂબ જ બિરદાવવા જેવી કોઈ એક બાબત હોય તો તે એ છે કે લગ્નની ગરિમા અને મૃત્યુનો મલાજો, એ તો કચ્છી ભાઈઓ પાસેથી શીખવા જેવી બાબત છે.

લગ્નના જે પણ વિધિ-વિધાન કરે છે તેમાં પૂર્ણ સભ્યતા, વિવેક અને ખૂબ જ આનંદથી એકબીજાની અને વડીલોની આમન્યામાં રહીને કરે છે. બધી જ પ્રવૃત્તિઓમાં આબાલવૃધ્ધ જોડાય છે. લગ્ન પતે ત્યાં સુધી જેને જ્યાં બેસવાની વ્યવસ્થા કરી હોય ત્યાં બેસી લગ્ન ન પતે ત્યાં સુધી કોઈ જ જમવા ઊભું નથી થતું. જમવામાં પણ જાન ને સ્ત્રીઓ, બાળકો અને વૃધ્ધોને પ્રથમ ટેબલ ખુરશી હોય તો તેના પર અને પંગતમાં હોય તો તે પ્રમાણે બેસાડી અને ગામના યુવાનો બધાને જ સ્થળ ઉપર પીરસીને જમાડે છે. દરેક વ્યક્તિ જરૂર પૂરતું જ ભાણામાં લે છે. અન્નનો બગાડ કરતા નથી.

મરણ પ્રસંગે જેનું મૃત્યુ થયું હોય તો તેની આસપાસ બેસી ભજનો - ગીતાના ૧૮મા અધ્યાયનું બધા જ પઠન કરે છે. અંતિમ સંસ્કાર માટે લઈ જાય પછી વહુઓ મૃતકના ઘરની સંપૂર્ણ સફાઈ કરી આખું ઘર ધોઈ નાખે છે અને જંતુરહિત કરવા લીમડાને ઉકાળી તેના પાણીનો છંટકાવ દિવાલો પર, આંગણામાં અને ઘરમાં પોતા લગાવી તેનાથી કરે છે. ઉપરાંત ઘરે ઘરે ગરમ પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે. બહારગામથી આવેલ અને ત્યાં હાજરી આપનાર સૌ કોઈ અનુકૂળતા પ્રમાણે નાહીને કપડાં બદલી પાછા મૃતકના ઘરે એકઠાં થઈ શિસ્તબધ્ધ રીતે બેસી મંત્રોચ્ચાર બોલી શ્રદ્ધાંજલી અપાય છે. પછી ગામમાં જ ચા ની વ્યવસ્થા કરી બધાને અન્ય એક સ્થળે ચા પીવડાવી અનુકૂળતા પ્રમાણે લોકો રોકાય છે, બીજા પોતાના સ્થળે જાય છે. તે દિવસે પડોશીને ત્યાંથી અને ગામમાંથી ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે. દરરોજ સવાર-સાંજ ગામના સ્ત્રી-પુરુષો ભેગા થઈ ભજનો કરે છે અને દિવસના ગરૂડ પુરાણ વાંચવા બ્રાહ્મણને બોલાવી બધા જ શાંતિથી સાંભળે છે. કપડા પણ પહેરવા માટે સફેદ પહેરવાની જરૂરત નથી હોતી. સાદા - સ્વચ્છ ગમે તે કલરના સાદા કપડા પહેરીને જ બાર દિવસનો શોક પાળે છે. પરિવારની શક્તિ અને મૃતક સાથેના સંબંધો પ્રમાણે બારસ તેરસ કરી જમણવાર કરી બહેનો - દીકરીઓને સાડી બદલાવીને જમાઈને પાઘડી પહેરાવે છે. આ બહાને દાન ધરમ કરે છે. ગરીબોને, શાળાના બાળકોને જમાડીને મૃતકોને શ્રદ્ધાંજલી અપાય છે. મૃત્યુ થનારના પરિવારમાં કોઈ શુભ પ્રસંગ હોય તો ત્યાર પછી તે કરવા માટેની કોઈ જ બંદીશ હોતી નથી. પ્રસંગો કરવા માટે છૂટ અપાય છે.

હવે વાત કહું કે આવા કચ્છી સમાજ દુનિયાના ખૂણે ખૂણે વસે છે. પરંતુ નથી ભાષાનો પ્રશ્ન નડતો કે નથી અભ્યાસ નડતો. જે જગ્યાએ જાય ત્યાં દૂધમાં સાકર ભળે તેમ ભળી જાય છે. આના માટે હું ગર્વથી કહીશ કે અમે કચ્છી પટેલો પહેલા મોટાને બાપ અને નાના ને ભાઈ કે દીકરા કહીને બોલાવીએ છીએ. આવી મીઠી ભાષા અને ભાવનાને કારણે ગમે ત્યાં સેટ થઈ જવાય છે.

એક ગામની દીકરી અન્ય ગામમાં પરણીને જાય તો દીકરીના ગામના કોઈ રહેતા હોય તે તેમને પોતાની દીકરી ગણીને વાર-તહેવારે ભેટો આપીને જમવા બોલાવે છે. બહેનના બાળકો પણ નાના બાપા, મામા-મામી કહીને જ બોલાવે છે. કચ્છી પટેલોને સમય અને સંયમ — આ બંને બાબતોને વગર સંદેશ આપે જાણે ગળથુથીમાંથી જ મળ્યું હોય તેમ અનુસરે છે.

અમે કચ્છના કડવા પાટીદારોમાં એક બાબત એટલી સરસ છે કે દીકરીવાળા પાસેથી કદી પણ સાસરીવાળા દહેજ માંગતા નથી અને દરદાગીના કે કપડાંની ક્વોલિટી માટે પણ ચર્ચા નથી કરતા. કન્યાને કંકુ-ચોખાથી વધાવી પહેરેલ કપડે મોકલો તો પણ વેવાઈ પક્ષમાંથી કોઈ જ વાતની ચર્ચા થતી નથી. પરીણિત દીકરી સવારમાં ઉઠી, વડીલોને પગે લાગવાના સંસ્કાર સાથે આવે છે. વહુના પીયરપક્ષને સતાવનારને સમાજ તરફથી દંડ ફટકારવામાં આવે છે. નાત બહાર મૂકવાની જોગવાઈ પણ છે. છતાં તેનો ઉપયોગ કરવો પડતો નથી.


આ ઉપરાંત કોઈપણ સ્ત્રીનો પતિ મૃત્યુ પામે તો તે સ્ત્રી કે પુરુષ પોતાની પત્ની ગુમાવી હોય તો સમાજ તેમને પુનઃલગ્ન કરવાની છૂટ આપે છે. સ્ત્રીને બાળકો સાથે સ્વીકારનાર એવો

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૭ ઉપર)**

*અહંકાર ક્યારે પણ ના કરવો. એક નાની સી કાંકરી પણ મોઢામાંથી કોળિયું બહાર કઢાવી શકે છે.*

# માનસિક બીમારીઓ અંગે પ્રવર્તતી ગેરસમજ અને વૈજ્ઞાનિક સત્ય : ભાગ-૧

**(Mental Illness : Misunderstanding and Scientific Facts : Part-1)**





ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)

ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

શારીરિક બીમારીઓ જેવી કે ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, થાઈરોઈડ, બાયપાસ સર્જરી, મોતિબિંદ - કેટેરેક્ટ વગેરે વિશે આપણને ઘણી બધી માહિતી છે. સકારાત્મક વલણ બીમારી તથા એનાથી પીડાતી વ્યક્તિ તરફ છે.

માનસિક બીમારીઓ જેવી કે હતાશાની - ડિપ્રેશનની બીમારી (Depressive Disease), એન્ઝાયટી ડિસઓર્ડર (Anxiety Disorder), પેનિક ડિસઓર્ડર (Panic Disorder) વગેરે વિશે આપણને માહિતી છે.

માનસિક બીમારીઓ વિશે વૈજ્ઞાનિક માહિતી તો નથી પરંતુ નકારાત્મક વલણ છે, જે માનસિક રોગ તથા માનસિક રોગથી પીડાતી વ્યક્તિની સારવારમાં અડચણ / અવરોધદાયક બને છે.

નેશનલ મેન્ટલ હેલ્થ સર્વે (ભારતના) (National Mental Health Survey – India) ૨૦૧૬ના સર્વેક્ષણ મુજબ ભારતમાં વસ્તીના ૧૪% લોકો માનસિક બીમારીથી પીડાય છે. એટલે કે દર ૭ વ્યક્તિમાં એક વ્યક્તિ માનસિક બીમારીનો શિકાર બનેલ છે. કોરોના સમય બાદ આમાં વધારો થયો છે.

આ સર્વેક્ષણ મુજબ ૫.૫ કરોડ લોકો હતાશાની બીમારી (Depressive Disorder) તથા બીજા ૪.૯ કરોડ લોકો એન્ઝાઈટી ડિસઓર્ડર (Anxiety Disorder) બીમારીથી પીડાય છે.

આ લેખમાં માનસિક બીમારીઓ વિશે પ્રવર્તતી ગેરસમજ તથા વૈજ્ઞાનિક સત્ય વિશે જાણકારી મેળવીએ.

## ગેરસમજ-૧

*"માનસિક બીમારીઓ બીમારીઓ નથી. વ્યક્તિ ધારી લે છે તેથી બીમાર પડે છે."*

- **વૈજ્ઞાનિક સત્ય :**

ભારતના પૌરાણિક લખાણો, ધાર્મિક સાહિત્ય, પુરાણો તથા ઐતિહાસિક ધાર્મિક ગ્રંથો - રામાયણ અને મહાભારતમાં માનસિક બીમારીઓ વિશે વિશિષ્ટતાપૂર્વક તથા ઊંડાણમાં વર્ણન કરેલ છે. અર્જુનને આ બીમારીનો હુમલો રણમેદાનમાં થયો હતો. રાજા દશરથને પણ આ બીમારીનો હુમલો થયો હતો, જે જીવલેણ નીવડ્યો. અમેરિકાના માજી પ્રમુખ અબ્રાહમ લિંકન તથા ઇંગ્લેન્ડના માજી વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલને પણ આ બીમારી થયેલ. ફિલ્મી જગત, ખેલ જગત, રાજકારણીઓને આ બીમારી થયેલ છે.

માનસિક બીમારીઓ દુનિયાના દરેક દેશોમાં, દરેક સંસ્કૃતિમાં, ગરીબ-તવંગરના ભેદ વિના, પુરુષ તથા સ્ત્રી બંનેમાં, નાની કે મોટી ઉંમરના બાધ વગર સૈકાઓથી પ્રચલિત છે.

- **આંતરરાષ્ટ્રીય વૈદકીય વર્ગીકરણ (International Classification of Diseases – ICD) :**

વિશ્વ આરોગ્ય સંસ્થા (World Health Organisation – WHO) શારીરિક તથા માનસિક બીમારીનું ઉંડાણમાં વર્ણન કરતું લક્ષણો વિશેનું આંતરરાષ્ટ્રીય વૈદકીય વર્ગીકરણ પુસ્તક છે. આ પુસ્તકમાં દરેક બીમારીના (શારીરિક તથા માનસિક) નિદાન માટેના મુદ્દાઓ આપેલા છે. વિશ્વના દરેક દેશ તથા બધા મેડિકલ એસોસિએશન અને દરેક ડોક્ટરો બીમારીના નિદાન માટે આ પુસ્તકમાં છપાયેલા મુદ્દાઓ પ્રમાણે નિદાન કરે છે. તાજેતરમાં આ પુસ્તકની ૧૧મી આવૃત્તિ (ICD-11) બહાર પડેલ છે.

માનસિક રોગના નિદાન માટેના મુદ્દાઓ (Criteria) આ પુસ્તકમાં ઉંડાણમાં આપેલા છે. કાયદાકીય (Legal) તથા મેડીક્લેઈમ માટેના નિદાન માટે આ મુદ્દાઓ મહત્ત્વના છે.

માનસિક બીમારીઓ જો બીમારીઓ હોય તો જ ઉપરોક્ત હકીકત શક્ય છે. વ્યક્તિએ ધારેલું હોય તો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે, વિશ્વ આરોગ્ય સંસ્થાના ક્ષેત્રે આ શક્ય નથી.

માનસિક બીમારીઓ અન્ય શારીરિક બીમારીઓની જેમ જ છે. જેનું નિદાન વિશ્વ કક્ષાએ એક જ રીતે થાય છે તથા યોગ્ય સારવાર થાય છે.

## ગેરસમજ-૨

*"માનસિક બીમારીઓમાં શરીરના અવયવોમાં શારીરિક ફેરફારો થતા નથી."*

*બે વસ્તુ એવી છે કે જે આપવાથી કોઈનું કાંઈ પણ જતું નથી. એક મુસ્કુરાહટ અને બીજી દુઆ – હંમેશાં આપતા રહો. એ વધતી જ રહેશે.*

● **વૈજ્ઞાનિક સત્ય :**

માનસિક બીમારીઓમાં બ્રેઈનના અવયવોમાં શારીરિક નકારાત્મક ફેરફારો થાય છે.

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ, અમેરિકા (NIMH - USA) તથા અન્ય ન્યુરોસાયન્ટીસ્ટોએ છેલ્લા પાંચ દાયકામાં કરેલા સંશોધનોએ પુરવાર કર્યું ચે કે માનસિક બીમારીઓમાં મગજના જ્ઞાનતંતુઓ - ન્યુરોનમાં - કદ, રચના, રસાયણોમાં નકારાત્મક ફેરફારો થાય છે. જેના લીધે આ અવયવોના કાર્યોમાં ખલેલ પહોંચે છે.

માનસિક બીમારીમાં મગજમાં (Brain) આવેલા મનના (Mind) અવયવોની (લિમ્બિક સિસ્ટમ, પ્રિફ્રન્ટલ કોરટેક્ષ, એમિગડેલા, હિપ્પોકેમ્પસ, હાઇપોથેલામસ વગેરે અવયવો) કાર્યક્ષમતા પર નકારાત્મક અસર થાય છે તથા ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં વધઘટ થાય છે. આથી મનના કાર્યો જેવા કે વિચારો, લાગણી, કાર્ય, એકાગ્રતા, ગ્રહણ શક્તિ, સ્મરણ શક્તિ, વર્તણૂંક પર ખલેલ પહોંચે છે.

આ ફેરફારો બહુ જ ઓછી માત્રામાં હોય છે. હાલના તબક્કાના આધુનિક મશીનો આ ફેરફારને માપી શકતા નથી, નોંધી શકતા નથી. આથી રીપોર્ટ બધા નોર્મલ આવે છે. આ ફેરફારો રીસર્ચ લેબોરેટરી પ્રયોગશાળામાં નોંધાય છે.

માનસિક બીમારીઓની સારવારમાં જે દવાઓ અપાય છે એ દવાઓ દ્વારા ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા નોર્મલ થાય છે. આથી બીમારી પર કાબૂ મેળવાય છે. લક્ષણો દૂર થાય છે. વ્યક્તિ નોર્મલ થાય છે. મનના કાર્યો પૂર્વવત પ્રમાણે વ્યક્તિના કાબૂમાં આવી જાય છે. વ્યક્તિ ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે.

● **સારાંશ :**

૧. માનસિક બીમારીઓ ખરેખર બીમારીઓ છે.
૨. માનસિક બીમારીમાં બ્રેઈનમાં આવેલા મનના અવયવોમાં શારીરિક ફેરફારો થાય છે.
૩. આ બ્રેઈનના ફેરફારો દર્દીના કાબૂમાં નથી.
૪. દર્દી ઢોંગ કરતો નથી, નાટક કરતો નથી.
૫. વહેલામાં વહેલી તકે યોગ્ય નિદાન કરાવી, યોગ્ય સારવાર (મનોચિકિત્સા) કરવી જોઈએ.
૬. કુટુંબીજનો તથા સમાજે માનસિક રોગો તથા માનસિક રોગી પ્રત્યે નકારાત્મક વલણ બદલી સહાનુભૂતિપૂર્વકનું હકારાત્મક વલણ અપનાવવું જોઈએ.
૭. આથી સારવારમાં મદદ મળે અને મનોચિકિત્સાના પરિણામો સારા મળે.

*(ક્રમશઃ)*

## કચ્છ કડવા પાટીદાર સમાજના ગૌરવવંતા રીત રિવાજો

**(અનુસંધાન : પાના નં. – ૩૫ ઉપરથી ચાલુ)**

પુરુષ તેને બાળકો હોય તો બંને તરફ ખુશીથી સ્વીકારીને લગ્ન જીવન શરૂ કરવા પુનઃલગ્ન કરે છે. સ્ત્રી જે બાળકોને લાવે દીકરીઓ હોય તો તેને ભણાવી-ગણાવીને લગ્ન કરાવી જીવનભર ઘરની દીકરી તરીકે રાખે છે અને દીકરો લઈને આવી હોય તો તેને પણ ભણાવીને પોતાના સગા પુત્રની જેમ મિલ્કતમાં ભાગ આપે છે. આવનાર આ દીકરો ઘરનો પુત્ર બની પોતાનું પરિવાર ગણી દૂધમાં સાકરની જેમ ભળી જાય છે અને જીવનભર ફરજો અદા કરે છે.

ઉત્તરાયણ અને હોળીના તહેવારોએ દીકરીઓને પીયરપક્ષ તરફથી "સંક્રાંત" રૂપે ધન ધાન્ય આપીને પુણ્ય કમાય છે.

અને છેલ્લે, આવા કચ્છી પટેલોમાં કોઈને આર્થિક ફટકો પડ્યો હોય, જેવું કે આગ લાગવાથી કે અન્ય કારણસર મિલ્કત ગુમાવી હોય તો આ કચ્છી સમાજ તે પરિવારને જરૂરી સંપૂર્ણ સહયોગ કરીને ફરીથી ધંધો કરી શકે તેવી મદદ કરે છે અને ક્યાંય પણ ધાર્મિક કે સામાજિક કોઈ મોટો નિર્ણય લેવો હોય તો દાનનો પ્રવાહ એટલો બધો થાય છે કે સમાજની કોઈપણ ધર્મશાળા કે મંદિર કે અન્ય પ્રવૃત્તિમાં મુશ્કેલી પડતી નથી.

આ ઉપરાંત કોઈપણ પ્રસંગ માટે જવું કે લગ્નની પત્રિકા રૂબરૂ આપવા જવા માટેની કે અન્ય શુભ પ્રસંગ માટે જવાની જરૂરત હોતી નથી. અન્યના હાથે કે પોસ્ટમાં કે કુરિયરમાં કે મોબાઈલ મારફત કે ફોન દ્વારા પણ આમંત્રણ અપાય તો કોઈ જાતના વાંધા વચકા વગર સૌ કોઈ પ્રસંગની શોભા બનવા પહોંચી જાય છે.

આ ઉપરાંત કોઈપણ પ્રસંગે યજમાન પરિવાર તેમને ત્યાં મહેમાન બનીને આવનાર સૌને આવકારવા સર્વ સગા લાઈનમાં ઉભા રહી જાય છે અને આવનાર આમંત્રિતોને હાથ મિલાવીને કે ભેટીને આવકારી દરેકને મહત્ત્વ અને સન્માન અને આવકારવામાં આવે છે. વિવેક, આમન્યા સમય અને સંયમ જેવા ઉમદા સંસ્કારો અને રિવાજો માટે કચ્છ કડવા પાટીદારોને સલામ કરવા જેવા છે.

તો મૃત્યુમાં પણ કોઈને પણ જણાવ્યા વગર સર્વે જાણતા - અજાણતા પહોંચીને મૃત્યુનો મલાજો જાળવે છે.

આવી તો અનેક ખૂબીઓ ધરાવતો મારો કચ્છ કડવા પાટીદાર સમાજ ગૌરવ લેવા માટે સૌભાગ્યશાળી છે.

*૨, સહજાનંદ સ્ટેટસ બંગલો, હેતાર્થ પાર્ટી પ્લોટની સામે,*
*સાયન્સ સિટી રોડ, સોલા, અમદાવાદ*
*મો. ૯૭૩૭૪ ૭૩૪૪૪*

*ભરોસો અને આશિર્વાદ ક્યારેય પણ દેખી શકાતા નથી પરંતુ એ અસંભવને સંભવિત બનાવી દે છે.*

# તમામને આરોગ્ય દિવસની શુભ કામનાઓ

## યાદ રાખવાની મહત્ત્વપૂર્ણ બાબતો

૧. *બીપી :* ૧૨૦/૮૦
૨. *પલ્સ :* ૭૦ – ૧૦૦
૩. *તાપમાન :* ૩૬.૮ – ૩૭
૪. *શ્વાસ :* ૧૨-૧૬
૫. *હિમોગ્બોલિન :* પુરુષ : ૧૩.૫ – ૧૮, સ્ત્રી : ૧૧.૫ – ૧૬
૬. *કોલેસ્ટેરોલ :* ૧૩૦ – ૨૦૦
૭. *પોટેશિયમ :* ૩.૫૦ – ૫
૮. *સોડિયમ :* ૧૩૫ – ૧૪૫
૯. *ટ્રાઈગ્લીસરાઈડ્સ :* ૨૨૦
૧૦. *શરીરમાં લોહીનું પ્રમાણ :* PCV ૩૦ – ૪૦%
૧૧. *સુગર લેવલ :* બાળકો : ૭૦ – ૧૩૦
પુખ્તો : ૭૦ – ૧૧૫
૧૨. *આયર્ન :* ૮ – ૧૫ મિલિગ્રામ
૧૩. *શ્વેત રક્તકણો :* WBC : ૪૦૦૦ – ૧૧૦૦૦
૧૪. *પ્લેટલેટ્સ :* ૧,૫૦,૦૦૦ – ૪,૦૦,૦૦૦
૧૫. *લાલ રક્તકણો :* RBC : ૪.૫૦ – ૬ મિલિયન
૧૬. *કેલ્શિયમ :* ૮.૬ – ૧૦.૩ mg/dL
૧૭. *વિટામિન D3 :* ૨૦ – ૫૦ ng/ml
૧૮. *વિટામિન B12 :* ૨૦૦ – ૯૦૦ pg/ml

## ૪૦ / ૫૦ / ૬૦ વર્ષના વરિષ્ઠ લોકો માટે ખાસ ટીપ્સ

૧. પ્રથમ ટીપ : જો તમને તરસ ન હોય અથવા જરૂર ન હોય તો પણ હંમેશાં પાણી પીઓ. સૌથી મોટી સ્વાસ્થ્ય સમસ્યાઓ અને તેમાંથી મોટાભાગની સમસ્યા શરીરમાં પાણીની ઉણપને કારણે છે. દિવસ દીઠ ઓછામાં ઓછા ૨ લીટર પાણી પીવો.

૨. બીજો સંકેત : શરીરથી બને તેટલું કામ કરો. શરીરની હલનચલન જેવી કે ચાલવું, તરવું અથવા કોઈપણ રમત હોવી જોઈએ.

૩. ટીપ-૩ : ઓછું ખાઓ... વધુ ખાવાની ઈચ્છા છોડી દો... કારણકે તે ક્યારેય સારું પરિણામ લાવતું નથી. તમારી જાતને વંચિત ન કરો, પરંતુ કદમાં ઘટાડો કરો. પ્રોટીન અને કાર્બોહાઈડ્રેટથી ભરપૂર ખોરાક લેવો.

૪. ચોથી સૂચના : જ્યાં સુધી એકદમ જરૂરી ન હોય ત્યાં સુધી વાહનનો ઉપયોગ કરશો નહીં. જો તમે કરિયાણા લેવા, કોઈને મળવા અથવા કામકાજ કરવા માટે ક્યાંક જઈ રહ્યા છો, તો તમારા પગ પર ચાલવાનો પ્રયાસ કરો. લીફ્ટ અને એસ્કેલેટરને બદલે સીડીઓનો ઉપયોગ કરો.

૫. ટીપ-૫ : ગુસ્સો છોડો, ચિંતા કરવાનું બંધ કરો. વસ્તુઓને અવગણવાનો પ્રયાસ કરો. મુશ્કેલકારક પરિસ્થિતિઓમાં તમારી જાતને નિમજ્જન કરશો નહીં. તેઓ બધા સ્વાસ્થ્યને બગાડે છે અને આત્માની કીર્તિ છીનવી લે છે. સકારાત્મક લોકો સાથે વાત કરો અને તેમને સાંભળો.

૬. છઠ્ઠું સૂચન : પ્રથમ પૈસા પ્રત્યેનો લગાવ છોડી દો. તમારી આસપાસના લોકો સાથે જોડાઓ, હસો અને વાત કરો. પૈસા અસ્તિત્વ માટે છે, પૈસા માટે જીવન નથી.

૭. નોંધ-૭ : તમારા વિશે અથવા તમે જે હાંસલ કરી શકતા નથી અથવા તમે જેનો આશરો લઈ શકતા નથી તેના વિશે ચિંતા કરશો નહીં. તેને અવગણો અને ભૂલી જાઓ.

૮. આઠમી સૂચના : પૈસા, પદ, પ્રતિષ્ઠા, શક્તિ, સુંદરતા, જાતિ અને પ્રભાવ – આ બધા અહંકારને વેગ આપે છે. નમ્રતા લોકોને પ્રેમની નજીક લાવે છે.

૯. નવમી ટીપ : જો તમારા વાળ સફેદ છે, તો તેનો અર્થ જીવનનો અંત નથી. આ એક સારા જીવનની શરૂઆત છે. આશાવાદી બનો, સ્મૃતિમાં જીવો, મુસાફરી કરો, આનંદ કરો, યાદો બનાવો.

૧૦. ૧૦મી ટીપ : તમારા નાના બાળકોને પ્રેમ, સહાનુભૂતિ અને સ્નેહથી મળો. કટાક્ષ કંઈ બોલશો નહીં. તમારા ચહેરા પર સ્મિત મૂકો. ભૂતકાળમાં તમે ગમે તેટલા મોટા પદ પર રહ્યા હોવ, વર્તમાનમાં તેને ભૂલી જાઓ અને રેન્કમાં જોડાઓ.

***(વોટ્સએપ સમાચારના આધારે)***

*ભરોસો કરો પણ સાવધાની સાથે કેમકે ક્યારેક ક્યારેક આપણા પોતાના દાંત આપણી જીભને નુકસાન પહોંચાડે છે.*

# બૃહદ્ કચ્છ

● સંપાદન : ચૌલા કુરુવા ●

## ફિલ્મોત્સવ : મુંબઇ એશિયન ફિલ્મોત્સવમાં પ્રથમ વાર પાંચ ગુજરાતી ફિલ્મો દર્શાવાશે

### કચ્છમાં બનેલી 'ધાડ'થી ગુજરાતી શ્રેણીનો આરંભ થશે

મુંબઈ ખાતે ૧૨ થી ૧૮ ડિસેમ્બર સુધી યોજાનારા ૧૯મા એશિયન ફિલ્મ ફેસ્ટીવલમાં 'ધાડ' અને 'હેલ્લારો' ઉપરાંત 'રેવા', 'આ છે મારું ઘર' અને '૨૧મું ટિફીન' સહિતની પાંચ ગુજરાતી ફિલ્મો દર્શાવાશે. કોઈપણ આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવમાં ગુજરાતી ફિલ્મોનો એક અલગ વિભાગ તરીકે સમાવેશ કરવામાં આવ્યો હોય એવી આ પ્રથમ ઐતિહાસિક ઘટના છે. કચ્છમાં ફિલ્માવાયેલા 'ધાડ' ચલચિત્ર સાથે ફિલ્મોત્સવનો આરંભ કરાશે.

ગુજરાતી વિભાગના સંયોજક સુભાષ છેડાએ આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે ભારત ઉપરાંત ઈરાન, બાંગ્લાદેશ અને શ્રીલંકા જેવા દેશોની ૩૦ જેટલી આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રશંસા પામેલી ફિલ્મો આ ઉત્સવમાં દર્શાવવામાં આવશે.

*(તા. ૦૯-૧૨-૨૦૨૨)*

## રસપ્રદ બાબત : અબુધાબીમાં ટેગ કરી પાકિસ્તાનમાં છોડાયેલું હોબારા બસ્ટાર્ડ પક્ષી બન્નીમાં નોંધાયું

### ગુજરાતીમાં આ પક્ષી ટીલોર અથવા મેકિનના ઘોરાડ નામે ઓળખાય છે

કચ્છમાં પ્રથમ વખત ટેગ કરાયેલ હોબારા બસ્ટાર્ડ નામનું પક્ષી નોંધાયું છે, જે ગુજરાતીમાં ટીલોર અથવા મેકિનના ઘોરાડના નામથી ઓળખાય છે. સામાન્યતઃ આ પક્ષી શિયાળામાં બન્ની અને પાકિસ્તાનના વિસ્તારમાં જોવા મળતું હોય છે. પણ રસપ્રદ બાબત એ છે કે રીંગ ટેગ કરેલ હોબારા પહેલી વખત કચ્છમાં ઉત્તરાદી બન્નીમાં પક્ષી નિરીક્ષક ભરત કાપડીએ નોંધ્યું છે અને ફોટો ક્લિક કર્યો હતો.

વેલેન્ટીન મોટેઉ દ્વારા આ પક્ષીને અબુધાબીમાં ઘોરાડ પ્રજનન કેન્દ્રમાં ટેગ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ પાકિસ્તાનમાં છોડવામાં આવ્યું હતું. આ પક્ષી ઉત્તરાદિ બન્ની વિસ્તારમાં નોંધાયું છે. હોબારા બસ્ટાર્ડ સામાન્યતઃ મેકક્વીન બસ્ટાર્ડથી પણ ઓળખાય છે, જે દર વર્ષે મધ્ય એશિયાથી દક્ષિણી પાકિસ્તાનના રણ અને ઈરાનમાં મોટી સંખ્યામાં અને કચ્છના નાના અને મોટા રણમાં જૂજ સંખ્યામાં પ્રવાસ ખેડે છે. કચ્છના પક્ષીજગત માટે આ નોંધ રસપ્રદ બનશે. આ અગાઉ હોબારા બસ્ટાર્ડ પક્ષીઓ ભારત-પાક સીમા ઓળંગતા હોવાના સ્વાભાવિક દાખલા ચર્ચાયેલા છે. ત્યારે રીંગ ટેગ કરેલા પક્ષીએ આ બાબતનો વૈજ્ઞાનિક પુરાવો આપ્યો છે.

### પાક. સીમાની પાર કેટી બંદર અને સિંધમાં વસ્તી

દુર્લભ દેવ મનાતી ઘોરાડની પ્રજાતિનું આ પક્ષી કચ્છ જિલ્લામાં મુખ્યત્વે સરહદી વિસ્તારથી લઇ બન્ની, અબડાસા સહિત પાટડી અને બજાણાના કચ્છના નાના રણમાં ભાગ્યે જ જોવા મળે છે. જે પાકિસ્તાનમાં પણ ઇન્ડો-પાક બોર્ડરની પેલે પાર કેટી બંદર અને સિંધ વિસ્તાર સહિત રણ વિસ્તારમાં મોટી સંખ્યામાં વસ્તી ધરાવે છે.

*(તા. ૧૦-૧૨-૨૦૨૨)*

## જી-૨૦ના પ્રતિનિધિઓ કચ્છની કલાસંસ્કૃતિ પર ઓળઘોળ થઈ જાય તેવું આયોજન ઘડાઈ રહ્યું છે

ધોરડોના પ્રખ્યાત સફેદ રણ ખાતે ફેબ્રુઆરી મહિનામાં જી-૨૦ની મહત્ત્વની આંતરરાષ્ટ્રીય સમીટ યોજાવા જઈ રહી છે. જેને લઈને તાજેતરમાં કેન્દ્રીય સચિવોની ટીમ દ્વારા સ્થળની જાત મુલાકાત લઈ વિવિધ પાસા ચકાસવામાં આવ્યા હતા. ત્યારે હવે તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

ફેબ્રુઆરી મહિનામાં ૮થી ૧૦ ફેબ્રુઆરી સુધી યોજાનારી સમીટમાં પ્રવાસન વિષય પર ભારત સહિત ૨૦ દેશના પ્રતિનિધિઓ પ્રવાસન વિષય પર ગોષ્ઠી કરવાના છે. સૂત્રોએ કાર્યક્રમની સંભવિત વિગતો આપતા જણાવ્યું કે, વિવિધ દેશના પ્રતિનિધિઓ પોતાના ચાર્ટર્ડ પ્લેન લઈને ભુજ એરપોર્ટ પર આવી પહોંચશે. તમામ સભ્યો એરપોર્ટ પર આવવાના હોવાથી સૌપ્રથમ ભુજ હવાઈ મથકની કાયાપલટ કરવામાં આવશે. એરપોર્ટને શણગારી તેના પર જી-૨૦ના લોગો લગાડી આવનાર મહેમાનોનું પારંપરિક ભારતીય ઢબે સ્વાગત કરવામાં આવશે.

કચ્છી ભાતીગળ સંસ્કૃતિ સાથે કચ્છની કલા દર્શાવીને તેઓને

આવકાર અપાશે. અહીંથી તેઓ બાય રોડ ધોરડો ટેન્ટ સિટી પહોંચશે. જ્યાં પણ તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે અને તેમના રહેઠાણ માટે ટેન્ટ સિટીમાં વિશેષ ફેરફારો કરવામાં આવશે. સમીટ દરમ્યાન રણમાં ફૂલ મુનનો નજારો જોવા મળશે. જેથી ચંદ્રની ચાંદનીથી ચમકી ઉઠતા સફેદ રણની સુંદરતાનો અનુભવ કરાવવા જી-૨૦ના પ્રતિનિધિઓ માટે ખાસ મૂન લાઈટ ડીનરનું પણ આયોજન કરવામાં આવશે તેવું આયોજન છે.

સફેદ રણ ખાતે પ્રવાસનની સમીટ પૂર્ણ થયા બાદ ૨૦ દેશના પ્રતિનિધિઓ ધોળાવીરા પણ નિહાળશે. ધોળાવીરામાં પાંચ હજાર વર્ષ જૂની હડપ્પન સંસ્કૃતિના અવશેષો આ પ્રતિનિધિઓ નિહાળશે.

*(તા. ૧૨-૧૨-૨૦૨૨)*

## કરાંચી બન્યું કચ્છમય
## ભાષાથી લઇને કચ્છી સંસ્કૃતિ અને કલાના દર્શન થયા

**કચ્છી મુસ્લિમ કુંભાર સમાજનો પારિવારિક ઉત્સવ યોજાયો સમગ્ર સિંધમાંથી કચ્છી કુંભાર સહિતના મૂળ કચ્છના લોકો જોડાયા**

કચ્છ અને સિંધ વચ્ચે સદીઓથી સાંસ્કૃતિક આદાન-પ્રદાન રહ્યું છે. બંને પ્રદેશની સંસ્કૃતિમાં પણ મહદ્ અંશે સમાનતા છે. પરંતુ દેશના ભાગલા બાદ આ સાંસ્કૃતિક આદાન પ્રદાન સમય પ્રમાણે બંધ થતું ગયું છે. જો કે સિંધ અને ખાસ કરીને કરાંચીમાં આજની તારીખે હજારોની સંખ્યામાં મૂળ કચ્છના લોકો રહે છે. આ કચ્છી લોકો પોતાની સંસ્કૃતિ જાળવી રાખવાની સાથે પોતાના ઉત્સવો પણ ઉજવે છે. તાજેતરમાં કરાંચી ખાતે કચ્છી મુસ્લિમ કુંભાર સમાજનો પારિવારિક ઉત્સવ યોજાયો હતો.

સિંધ અને કરાંચીમાં મુસ્લિમ કુંભાર, સોઢા દરબાર, સુમરા, કોલી, મહેશ્વરી-મેઘવાળ સમાજના લોકો વસી રહ્યા છે. પાકિસ્તાનમાં સિંધમાં રહેતી આ જ્ઞાતિ સીધો કચ્છ સાથે નાતો ધરાવે છે. તેમની જ્ઞાતિ સમાજની આગળ કચ્છી લખાવે છે. કરાંચીના લ્યારી કુંભારવાડા ખાતે તાજેતરમાં કચ્છી કુંભાર જમાત દ્વારા ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં કચ્છી સમાજના લોકોની સાથે સિંધ વિધાનસભાના સભ્ય પણ હાજર રહ્યા હતા. કચ્છી કુંભાર જમાતના આગેવાનો ઉસ્માન ગની અને ઇરફાન મારેવાલા સલીમ કુંભારે તમામનું સ્વાગત કર્યું હતું. આ ઉત્સવમાં વિવિધ પ્રકારના સ્ટોલ, બાળકોની રમતો અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં કચ્છી સંસ્કૃતિ દેખાઈ હતી. જાણે કરાંચી મિની કચ્છ બની ગયું હતું. કચ્છી ભાષાના કલરવથી મેદાન ગુંજી ઉઠ્યું હતું.

મૂળ વાગડના વતની અને હાલ સિંધ વિધાનસભામાં ફરજ બજાવતા સલીમભાઈ કુંભારે વિગતો આપતા જણાવ્યું હતું કે પાકિસ્તાનમાં વસતા કચ્છી મુસ્લિમ કુંભાર સમાજનો આ ઉત્સવ દર વર્ષે ઉજવાય છે.

પહેલા કચ્છ અને સિંધ વચ્ચે લગ્નના સંબંધો હતા. પાકિસ્તાનથી ભારત આવવા માટે સરળ વિઝા મળી જતા ત્યારે કચ્છ અને સિંધમાં લગ્નોના સંબંધો હતા. હાલ ભારત આવવા માટે વિઝા ન મળતા હોવાથી અને સમઝોતા ટ્રેન બંધ હોવાથી હવે લગ્નોના વહેવાર બંધ થઈ ગયા છે. સિંધના લોકો ઇચ્છી રહ્યા છે કે સંબંધો સુધરે તો અમે કચ્છમાં વસતા સગા સંબંધીઓને મળી શકીએ.

*(તા. ૧૯-૧૨-૨૦૨૨)*

## કચ્છના કારીગરને 'ગૂગલ'ની સલામ

**હવે દુનિયાના કોઈપણ ખૂણેથી કળાનો કસબી જોડાઈ શકશે. આગ્રામાં 'ગૂગલ મીટ'માં કારીગરો સાથે સંવાદ કર્યો. વિશ્વસ્તરે ગૂગલ સર્ચ એન્જિન એટલે માહિતી સ્ત્રોત. ગમે તે વિષય પર પ્રશ્ન પૂછો 'ગૂગલ ગુરૂ' જવાબ આપે**

ગૂગલ સર્ચ એન્જિનની વૈશ્વિક ટીમે જોયું કે જ્યાં ટાંચા સાધનો છે તેવા ભારત દેશમાં કલા, કારીગરીનું સ્તર અત્યંત ઊંચું છે. વળી ભારતીય કારીગરો પ્રાકૃતિક સંસાધનોનો જ શ્રેષ્ઠતમ ઉપયોગ કરે છે તે આ 'જુગાડ' કેમ કરી શકે છે? બસ, આ પ્રશ્ન સાથે ગૂગલે ભારતમાં તપાસ શરૂ કરી અને દેશભરનાં કસબીઓ - કલાકારોના નામ ઉભરી આવ્યા. સેંકડોની સંખ્યામાં નામ આવ્યા. જેમાંથી ચારની પસંદગી થઈ. બે કચ્છી કલાકારો ઉપરાંત દિલ્હી અને કાનપુરના એક એક કલાકાર.

પોતાની ક્ષમતા પર અપાર વિશ્વાસ રાખીને 'હાજર ઇ હથિયાર' સાબિત કરનારા કચ્છના પાબીબેન રબારી અને બન્નીના સિણીયારો ગામના મડવર્ક કસબી માજીખાન મુતવા તથા કાનપુર અને દિલ્હીના એક-એક – એમ કુલ ચાર કસબીઓને આઈ.ટી.સી. મુગલ હોટલ આગ્રા ઉત્તર પ્રદેશ બોલાવવામાં આવ્યા અને ગૂગલના ઉચ્ચ અધિકારીઓએ ભારતમાં કાર્યરત ગૂગલ ટીમ સાથે સંવાદ કર્યો.

કોઈપણ ઇચ્છુક, જિજ્ઞાસુ સંશોધક કે ગ્રાહક ભારતમાં હોય તો 'ગૂગલ' પર તે પોતાની ઇચ્છીત કળા, કારીગર, સ્થળ, કિંમત, રૂટ જાણીને પહોંચી શકે તેવી સેવા ગૂગલ સર્ચમાં આવી રહી છે. સર્ચ એન્જિનમાં કારીગરોની પ્રોફાઈલ મૂકાશે. નામ, કામ, કળાથી સર્ચ કરી શકાશે. કારીગર ક્લિનિકના સી.ઈ.ઓ. નિલેશ પ્રિયદર્શી કચ્છની કળાને ગૂગલ સુધી પહોંચાડવામાં નિમિત્ત બન્યા હતા.

*(તા. ૨૩-૧૨-૨૦૨૨)*

# માતૃભૂમિ કચ્છના સમાચાર

● સંપાદન : ચૌલા કુરુવા ●

## સેલ્ફી પોઇન્ટ : ભુજમાં આકાર લેશે વધુ એક આકર્ષણનું કેન્દ્ર

ભુજ શહેરની સુંદરતા વધારવા માટે વધુ એક પ્રોજેક્ટ 'સેલ્ફી પોઇન્ટ'નું કામ શરૂ થઈ ગયું છે. મંગલમ ચાર રસ્તાથી ઉમેદનગર પ્રવેશના રસ્તા સુધી ભુજ સુધરાઈ દ્વારા અમૃતમ યોજનાની ગ્રાન્ટમાંથી અંદાજે ૮૦ લાખના ખર્ચે હમીરસરના આવના પાણીનું વહન કરતા નાલાની બહાર એક સરસ આયોજન થયું છે. ચૂંટણી જાહેર થઈ તે અગાઉ જ જે કામ મંજૂર થઈ ગયું હતું, તેને મતદાન પૂર્ણ થતા જ શરૂ કરવામાં આવ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ અહીં ગજેબો, હીંચકા અને પ્લાન્ટેશન દ્વારા ભુજવાસીઓ હોય કે પ્રવાસીઓ, સેલ્ફી લેવાનું મન થાય તેવું આકર્ષક પોઇન્ટ તૈયાર થશે.

છતરડી તરફથી જૂની અને નવી ઉમેદનગર જવા માટે રસ્તા પર વર્ષો અગાઉ બનેલો પુલ હવે જર્જરીત બન્યો છે, ત્યારે સુધરાઈએ સેલ્ફી પોઇન્ટ પ્રોજેક્ટ સાથે આ પૂલને પણ નવો બનાવવાનું નક્કી કર્યું છે.

## આરોગ્ય સેવા : ઔદ્યોગિક જુથને માંડવી-મુંદ્રાની આરોગ્ય સેવાઓ સુધારવામાં રસ

અદાણી કંપની બંદરીય વિસ્તારોના આરોગ્ય મુદ્દે ચિંતિત છે. અદાણી કંપનીએ માંડવી અને મુંદ્રા એમ બંને બંદરીય તાલુકાઓની આરોગ્ય સેવાઓને આધુનિક બનાવવાનો નિર્ણય લીધો છે.

*(તા. ૯-૧૨-૨૦૨૨)*

## બી.એસ.એફ. ગુજરાત ફ્રન્ટીયરના આઇ.જી. તરીકે રવિ ગાંધી

કચ્છના પૂર્વ પોલીસવડા અને ત્યારબાદ તબક્કાવાર રાજ્ય પોલીસમાં ઉચ્ચ હોદ્દાઓ ઉપર ફરજ બજાવીને બોર્ડર સિક્યોરીટી ફોર્સમાં ગુજરાત ફ્રન્ટીયરના મહાનિરીક્ષક બનેલા જ્ઞાનેન્દ્રસિંહ મલીકનું અન્ય સ્થળે પોસ્ટીંગ કરાયા બાદ ખાલી પડેલી આ આઈ.જી.ની જગ્યાએ બી.એસ.એફ.ના જ અધિકારી રવિ ગાંધીને ફ્રન્ટીયરના આઇ.જી. બનાવાયા છે. નોંધનીય છે કે ગુજરાતમાં સૌથી વધુ સંવેદનશીલ સરહદ કચ્છના રણ, ક્રીક અને ભૂમિ વિસ્તાર કચ્છમાં છે અને ત્યાં જુદી જુદી બટાલિયન્સ તહેનાત છે.

રવિ ગાંધીએ બી.એસ.એફ.માં ગુજરાત ફ્રન્ટીયરના આઈ.જી. તરીકે પદભાર સંભાળ્યો એ પહેલાં તેઓ દિલ્હીની બી.એસ.એફ.ની મુખ્ય ઓફિસમાં વહીવટી વિભાગના મહાનિરીક્ષક તરીકે કાર્યરત હતા. તેમણે ઉત્તર બંગાળ ફ્રન્ટીયરની સફળતાપૂર્વક કમાન સંભાળી હતી અને બાંગ્લાદેશની પૂર્વ સરહદની સુરક્ષા ચુસ્ત બનાવી હતી. સીમાદળના તાલીમી સ્થાનોની જવાબદારી પણ સંભાળી હતી.

તેઓ ૧૯૮૯ની બેચના અધિકારી છે અને ૩૬ વર્ષથી બી.એસ.એફ.માં ફરજ પરસ્ત છે. ૧૯૯૬-૯૭માં બોસ્નિયામાં સંયુક્ત રાષ્ટ્ર મિશનમાં પણ કાર્ય કર્યું હતું. તેમની સીમા દળની સેવા માટે રાષ્ટ્રપતિ પોલીસ પદક, વિશિષ્ટ સેવા રાષ્ટ્રપતિ પોલીસ પદક અને સીમા દળના મહાનિરીક્ષક દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા છે.

*(તા. ૯-૧૨-૨૦૨૨)*

## પ્રવાસીઓનો ધસારો : કચ્છના રણોત્સવ જોવા લોકો ઉમટી પડ્યા. નવેમ્બર માસમાં ૩૨૦૦૦ સહેલાણીઓએ મુલાકાત લીધી

કચ્છના ભુજ તાલુકાના ધોરડો નજીકના સફેદ રણ ખાતે પ્રવાસન વિભાગ દ્વારા ચાલી રહેલા રણોત્સવને ગત તા. ૧ નવેમ્બરના રોજ ખુલ્લો મૂકાયા બાદ છેલ્લા એક માસ દરમ્યાન ૩૨,૦૦૦ જેટલા સહેલાણીઓએ મુલાકાત લીધી હતી. તેમાં ૧૫૦ જેટલા ફોરેનરોનો પણ સમાવેશ થાય છે.

**કચ્છના પ્રવાસન વિભાગના વિકાસની સાક્ષી પૂરે છે.**

વર્ષ ૨૦૦૧ના ભૂકંપ બાદ વિકસેલા કચ્છ પ્રવાસનમાં પ્રતિ વર્ષ વધારો નોંધાઈ રહ્યો છે. તેમાં મુખ્યત્વે રણોત્સવના કારણે કચ્છ તરફ આવતા પ્રવાસીઓનો ધસારો વિશેષ જોવા મળી રહ્યો છે. ગત વર્ષે કોવિડને લઇ રણોત્સવમાં પ્રવાસીઓની સંખ્યા ઘટી હતી. ખાસ કરીને વિદેશી લોકોની હાજરી નહિંવત રહી હતી. જ્યારે આ વર્ષે, એક જ માસમાં રણોત્સવ માણવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા છે.

*(તા. ૯-૧૨-૨૦૨૨)*

*શબ્દનો પણ સ્વાદ હોય છે. એને બોલતા પહેલા ચાખી લેવા જોઈએ. જો એ આપણને ન ભાવે, તો બીજાને એ ક્યારે પણ ન પીરસાય.*

## નવી શિક્ષણ નીતિ લાગુ કરવા કચ્છ યુનિવર્સિટીનો અભ્યાસક્રમ બદલાશે

શૈક્ષણિક સત્ર ૨૦૨૩-૨૪થી સમગ્ર દેશમાં નવી શૈક્ષણિક નીતિ લાગુ કરવાની વિચારણા છે. જો આ નીતિ ગુજરાતમાં ચાલુ વર્ષથી અમલી બની જાય તો કચ્છ યુનિવર્સિટીનો અભ્યાસક્રમ બદલાશે. જેને લઇને યુનિવર્સિટી દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે અને આ માટે પ્રોફેસરો સાથે તેમજ કમિટી સાથે મીટિંગ પણ યોજવામાં આવી હતી. અભ્યાસક્રમ તો બદલાઈ જશે પરંતુ આ નીતિ લાગુ થશે તો કચ્છની કોલેજોમાં પ્રોફેસરોની ઘટ તેમજ માળખાકીય સુવિધાના અભાવ સહિતના પડકારોનો પણ સામનો કરવો પડશે.

નવી શૈક્ષણિક નીતિની જો વાત કરીએ તો કોલેજોને ગ્રેડ સ્વાયત્તતા આપવા માટે એક મિકેનિઝમ સ્થાપિત કરવામાં આવશે અને થોડા સમય પછી એવું માનવામાં આવે છે કે દરેક કોલેજ સ્વ-સંચાલિત ડિગ્રી પ્રદાતા અથવા યુનિવર્સિટીના મધ્યસ્થી તરીકે વિકસિત થશે. તેમજ હાલ વિદ્યાર્થી કોઈપણ એક ફેકલ્ટીમાં અભ્યાસ કરી શકે છે પણ નવી શિક્ષણ નીતિથી એક સાથે બે ફેકલ્ટીમાં પોતાના મનપસંદ વિષયો સાથે વિદ્યાર્થી અભ્યાસ કરી શકશે. જેમ કે બી.કોમ.નો વિદ્યાર્થી બી.એ.ની ડિગ્રી પણ સાથે મેળવી શકશે. વિદ્યાર્થીઓની કારકિર્દી માટે આ નીતિમાં અનેકવિધ સુધારા કરાયા છે, જે ઘણા ઉપયોગી સાબિત થશે.

યુનિવર્સિટીના સૂત્રોએ જણાવ્યું કે, નવી શિક્ષણ નીતિ આવતા રાજ્યભરમાં કોમન કોર્સની દિશામાં ગતિવિધિ થઈ રહી છે. જેથી રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં ૬૦% કોર્સ કોમન રહેશે અને ૪૦% કોર્સ સ્થાનિક રહેશે.

*(તા. ૯-૧૨-૨૦૨૨)*

## સ્વયંભૂ કામથી અળગા : શહેરમાં નવા વેન્ડિંગ ઝોન મુદ્દે લારી ગલ્લાવાળાઓએ કામધંધા બંધ રાખ્યા

ભુજ શહેરી વિકાસ ફેરીયા સંગઠન અને નેશનલ હોકર ફેડરેશન ગુજરાતે શેરી ફેરીયા અધિનિયમના અમલીકરણમાં સ્થાનિક પ્રશાસનની આપખુદશાહીભર્યા વલણનું કારણ આપીને લારી, ગલ્લા, કેબિન બંધનું એલાન કર્યું હતું. જેથી શનિવારે જાહેર માર્ગો ઉપર સજ્જડ બંધની અસર જોવા મળી હતી.

એસ.ટી. બસ સ્ટેન્ડ સામે એકઠા થઇને સભા ભરી હતી. જેમાં મહિનાઓથી તૈયાર થયેલા વેન્ડિંગ ઝોનમાં પ્રાથમિક સગવડો આપવામાં આવતી ન હોવા અંગે, સફાઇ વેરો, લારી, ગલ્લા, કેબિન માટે નિશ્ચિત કરવામાં આવેલી રકમ માત્ર સ્થાનિક ફેરીયાઓ પાસેથી વસુલ કરવામાં આવે છે. જ્યારે વિશાળ જગ્યા રોકીને બેઠેલા કેટલાક ચોક્કસ વેન્ડરોને એમાંથી મુક્તિ આપવામાં આવે છે જેવા વિવિધ મુદ્દે સ્થાનિક પ્રશાસન દરકાર કરતું નથી. જેથી ભુજ શહેર શેરી ફેરીયા સંગઠન અને નેશનલ હોકર ફેડરેશન - ગુજરાત દ્વારા તમામ શાકભાજી, ખાણીપીણી, ઠંડા પીણા, ચા-નાસ્તા, ફળફળાદિ વગેરે લારી ગલ્લાવાળાઓને બંધ રાખવા એલાન અપાયું છે.

ભુજના વાણિયાવાડ ચોક, નવી શાક માર્કેટથી લઇને ડોસાભાઈ લાલચંદ પ્રતિમા ચોક આગળ થઇને વાણિયાવાડ સ્કુલ સુધી ૪૦થી ૫૦ શાકભાજીની લારીઓ ગોઠવાયેલી છે. જેના કારણે અહીં કાયમ ટ્રાફિક જામ હોય છે. દ્વિચક્રી વાહનો, રીક્ષા, માલ સામાનના છકડા વગેરેની અવરજવર વખતે કાયમ ભીડ રહેતી હોય છે. હાઈકોર્ટના ફુટપાથ પર લારીઓ માટે વેપાર નહીં કરવાના આદેશ બાદ શનિવારે લારીગલ્લાવાળાઓએ હડતાળ પાડતા અહીંની બધી ગાડીઓએ કામકાજ બંધ રાખ્યું હતું. નવી શાક માર્કેટ સામે ભીંડી બજારમાં દરેક લારીવાળાઓએ કામકાજ ચાલુ રાખી હડતાળમાં નહોતા જોડાયા. એટલે શનિવારે આ વિસ્તારમાં ગીરદી અને ખાલી રસ્તા બંને જોવા મળ્યા હતા.

*(તા. ૧૧-૧૨-૨૦૨૨)*

## સાઈકલ ચલાવી સ્વસ્થ રહેવાનો મંત્ર આપવાની ટેવ ધારાસભ્ય બન્યા બાદ પણ યથાવત રાખી

માંડવીના નવનિયુક્ત ધારાસભ્યનો દર રવિવારે સાઈકલથી ૧૬ કિ.મી. અંતર કાપવાનો નિયમ છે. ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં જીત હાંસલ કર્યા બાદ ૧૮૨ ધારાસભ્યો હજુયે ચૂંટણીનો થાક ઉતારી રહ્યા છે અથવા સન્માન કાર્યક્રમોમાં વ્યસ્ત છે ત્યારે માંડવીના ધારાસભ્ય બનેલા અનિરૂદ્ધ દવેએ તેમની જૂની ટેવ યથાવત રાખી છે અને શહેરી - ગ્રામીણ વિસ્તારમાં સાઈકલ ચલાવી, સ્વસ્થ રહેવાનો મંત્ર આપી રહ્યા છે. તેઓ દર રવિવારે સાઈકલથી ૧૬ કિ.મી.નું અંતર કાપીને સ્વસ્થ રહેવા માટે લોકોને પ્રેરે છે. વિધાનસભાના પરિણામ આવ્યાના ૧૦ દિવસ બાદ ૧૮ ડિસેમ્બર, રવિવારે નિત્યક્રમ મુજબ સાઈકલ ક્લબના મિત્રો સાથે સવારે ૬ વાગે નીકળીને જી.આઈ.ડી.સી., ભારાપર, નવા વાસ થઇને ૧૬ કિ.મી.નો સાઈકલ પ્રવાસ કરીને લોકોને સ્વસ્થ રહેવાનો સંદેશ આપ્યો હતો.

૧૧૦ કિ.ગ્રા. વજન ધરાવતા અનિરુદ્ધભાઈ છેલ્લા ૫ વર્ષથી

સાઈકલ ક્લબ સાથે જોડાયેલા છે અને દર રવિવારે ૧૬ કિ.મી.નું અંતર કાપવાનો નિત્યક્રમ છે. માંડવી સાઈકલ ક્લબની સ્થાપના ૨૦૧૮માં કરાઈ હતી. તેના સ્થાપક વિજય ટોપરાણી, મુનિન્દ્ર વૈદ્ય સહિત અત્યારે આ ક્લબમાં ૧૦૦ લોકો જોડાયેલા છે. ધારાસભ્ય દવેએ કોરોનાના કપરા કાળમાં સાઈકલ યાત્રા કરીને માંડવી, મુંદ્રામાં સાઈકલ ચલાવી, સ્વસ્થ રહેવાનો સંદેશો વહેતો કર્યો હતો. જેમાં ૩૦ સાઈકલવીરો જોડાયા હતા. તેમના કહેવા મુજબ સાઈકલ ચલાવવાથી રક્ત પરિભ્રમણ પ્રક્રિયામાં સુધારો થાય છે.

આઈ.પી.એલ. સાઈકલ ક્લબની હરીફાઈમાં માંડવી ક્લબ ૭૨ માંથી ચોથાક્રમે રહી હતી. ગુજરાતની ૭૨ સાઈકલ ક્લબની આઈ.પી.એલ. સાઈકલ ક્લબ હરીફાઈમાં માંડવી ક્લબે ફાઈનલમાં ચોથું સ્થાન મેળવ્યું હતું. ક્લબના કેપ્ટન તરીકેનો ઍવોર્ડ વિજય ટોપરાણીને મળ્યો હતો અને ક્લબના ઑનર અનિરૂદ્ધ દવે રહ્યા હતા.

*(તા. ૧૮-૧૨-૨૦૨૨)*

## ભુજમાં સ્ક્રીનિંગ યોજાયા
## કચ્છના વિવિધ પાસાઓને જીવંત કરતી ૧૩ શોર્ટ ફિલ્મનું પ્રાગમહેલ ખાતે થયું સ્ક્રીનિંગ

### ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા હેન્ડ્સ ઓન ડોક્યુમેન્ટરી વર્કશોપ હોડકોમાં અને ભુજમાં સ્ક્રીનિંગ યોજાયા

કચ્છનું આકર્ષણ માત્ર પ્રવાસીઓમાં જ વધ્યું છે એવું નથી પણ આ રણ પ્રદેશમાં રહેલા વિવિધ પાસાઓ જેવા કે હસ્તકલા, સંસ્કૃતિ, ઐતિહાસિક વારસો, વેરાન પ્રદેશનું જીવન, દરિયાઈ ખારાશમાં વન્યજીવન જેવા વિષયો ફિલ્મ મેકરને પણ આકર્ષે છે. આવા જ કોઈ કારણથી પોંડિચેરીની ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટના સહભાગીઓ કચ્છમાં દોઢ મહિનાથી રોકાયા હતા અને પંદર મિનિટની શોર્ટ ફિલ્મ બનાવી હતી. જેનું સ્ક્રીનિંગ શનિવારે સાંજે પ્રાગ મહેલમાં યોજાયું હતું.

ઓરોવિલ ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા ૧૪થી ૧૮ ડિસેમ્બર સુધી હેન્ડ્સ ઓન ડોક્યુમેન્ટરી વર્કશોપ હોડકો, બન્ની ખાતે યોજાઈ ગયો. આ ફિલ્મ તાલીમ કેમ્પમાં ૨૦ સહભાગીઓ દ્વારા બનાવેલી ૧૩ શોર્ટ ફિલ્મ ૧૭ ડિસેમ્બરે સાંજે પ્રાગમહેલના પ્રાંગણમાં, ખાસ નિમંત્રિતો વચ્ચે દર્શાવવામાં આવી હતી. કચ્છના સાંસ્કૃતિક વારસાનું જતન થાય અને દેશ વિદેશમાં પ્રચાર - પ્રસાર થાય તેવી નેમ કચ્છ મહારાણી પ્રીતિદેવીએ વ્યક્ત કરી હતી.

બન્ની, રણ, પચ્છમ, ધોળાવીરા, ભુજ, માંડવી અને કચ્છના કુદરતી માહોલ અને જનજીવનની રોજિંદી ઘટમાળમાં ઉતારાયેલી અને વર્તમાનને ભવ્ય ભૂતકાળ સાથે જોડતી આ ટૂંકી ડોક્યુમેન્ટરી ફિલ્મોમાં પર્યાવરણ, સંગીત, રોજિંદુ જનજીવન, લોકવાર્તા, કચ્છી ગાયકી અને ભવ્ય ભૂતકાળના વર્તમાન જોડાણ સાથેની રજૂઆતો કરવામાં આવી. રીચા હાશિગ અને રીવુ લાહા દ્વારા સંચાલિત ઓરોવિલ ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટનો ભારતમાં આ બીજો ડોક્યુમેન્ટરી તાલીમનો કાર્યક્રમ છે.

કચ્છના કેતન ગૌસ્વામી અને મુંબઇના સ્નેહા પોદ્દાર કચ્છ કેમ્પના સંયોજક રહ્યા હતા. ૨૦ તાલીમાર્થીમાંથી પોલેન્ડ, ફ્રાન્સ, ઇસ્તંબુલ અને કેનેડાના ચાર અને બાકીના ભારતના બેંગ્લોર, હૈદ્રાબાદ, મુંબઈ, દિલ્હી, અમદાવાદ, જયપુર, ચંદીગઢ, જબલપુર અને ભુજના બે સહિતના તાલીમાર્થીઓ જોડાયા હતા. ૧ મિનિટથી ૨૦ મિનિટ સુધીની ફિલ્મો રજૂ કરવામાં આવી.

*(તા. ૧૯-૧૨-૨૦૨૨)*

## જી-૨૦ સમીટ એરપોર્ટને ફળી
## ૨૦ દેશના પ્રતિનિધિઓ હવાઈમથકે જ કચ્છ શું છે તેની પ્રતિકૃતિઓ નિહાળશે

### ટર્મિનલ બિલ્ડિંગમાં બ્યુટીફિકેશન અને પ્રાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવશે

આગામી ફેબ્રુઆરી મહિનામાં ધોરડો ખાતે જી-૨૦ની આંતરરાષ્ટ્રીય સમીટ યોજાવા જઈ રહી છે. પ્રવાસનની આ સમીટમાં ૨૦ દેશના પ્રતિનિધિઓ હાજરી આપવા માટે અહીં આવવાના છે ત્યારે ભુજ એરપોર્ટની કાયાપલટ કરવા માટેની ગતિવિધિ આરંભી દેવામાં આવી છે. જેમાં ખાસ કરીને આંતર માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવશે. એરપોર્ટ ડાયરેક્ટર નવીન સાગરે જણાવ્યું કે, જી-૨૦ સમીટ અંતર્ગત ટર્મિનલ બિલ્ડિંગમાં બ્યુટીફિકેશન અને પ્રાંગણમાં હોર્ટીકલ્ચર ડેવલોપમેન્ટ કરવામાં આવશે. હયાત નર્સરીના વિકાસ સાથે ખુલ્લી જગ્યામાં વૃક્ષારોપણ કરી હરીયાળી વધારવામાં આવશે અને વિદેશી ડેલીગેટ્સ કચ્છની કલા સંસ્કૃતિ અને પ્રવાસન સ્થળો જોઈ શકે તે માટે પ્રતિકૃતિ સાથે સુશોભન પણ કરવામાં આવનાર છે. હાલમાં એરપોર્ટની સ્ક્રીન પર જી-૨૦ સમીટના પોસ્ટર લગાવી દેવાયા છે. ઉલ્લેખનીય છે કે, પ્રવાસન સીજનના કારણે એરપોર્ટમાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થતા ફ્લાઇટ પણ રેગ્યુલર કરી દેવામાં આવી છે. *(તા. ૨૨-૧૨-૨૦૨૨)*

*ખરાબ સમયે કંધા પર રાખવામાં આવેલો હાથ, કામિયાબી સમયની તાળીઓ કરતાં વધારે મૂલ્યવાન છે.*

## વાગડમાં પ્લાસ્ટીકના ટાંકા બનાવી સુરખાબની તરસ છીપાવતું વન તંત્ર

કચ્છના રણ ઉપરાંત પ્રાથળ, ખડીર, ફતેહગઢ, મોવાણાની ખાડીમાં સુરખાબે પડાવ નાખ્યો છે. પરંતુ પાણીના અભાવે તેના બચ્ચા મૃત્યુ ન પામે તે માટે સ્થાનિકે પ્લાસ્ટીકના ટાંકા બનાવીને તેમાં દૈનિક ૨૦ ફેરા કરી ટેન્કર મારફતે પાણી ઠલવાય છે. મહેમાનગતિ માટે આવતા વિદેશી પક્ષીઓની માવજત કે તેની રખેવાળી કરવા માટે વનતંત્ર દ્વારા પ્રયાસો કરાઈ રહ્યા છે.

ખાસ કરીને નાના બચ્ચાને પાણીની ખાસ જરૂર પડે છે. તેના માટે વન વિભાગ દ્વારા સાનુકૂળ પ્રયાસો હાથ ધરાયા છે. ખાસ કરીને લેટ બ્રીડિંગ બચ્ચા હજુ સુધી ઉડતા શીખ્યા નથી. તેથી જે સ્થળે તેમનો પડાવ છે ત્યાં પાણીની માત્રા ઘટી ના જાય અને કોઈ હાલાકી ન પડે તે માટે આ પ્રકારની અલાયદી વ્યવસ્થા કરાઈ છે.

*(તા. ૨૪-૧૨-૨૦૨૨)*

## સકળ જૈન સંઘના આગેવાનોએ પાલીતાણા મુદ્દે સ્વયં શિસ્ત સાથે સમગ્ર કચ્છમાં રેલી કાઢી વિરોધ દર્શાવ્યો

શત્રુંજય ગિરિરાજ સમસ્ત જૈનો માટે સૌથી મહત્ત્વનું તીર્થ છે તેમજ સૌથી વધુ આસ્થાનું કેન્દ્ર છે. આ ગિરિરાજને લઈને છેલ્લા ઘણા સમયથી ઘણી બધી સમસ્યા જૈનો તથા સ્થાનિક આસ્થાળુ વર્ગને થતી રહે છે તેવી રજુઆત સાથે શુક્રવારે સવારે સમગ્ર કચ્છના સમસ્ત જૈન સંઘ, દરેક જૈન સમાજ, દરેક જૈન મંડળો તેમજ જૈન યુવક મંડળોના હોદ્દેદારોએ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

સાત સંઘ દ્વારા અપીલના પગલે જૈન વેપારીઓએ તેમના ધંધા અડધો દિવસ બંધ રાખ્યા હતા. જૈન સમાજની રજુઆત મુજબ શત્રુંજય ગિરિરાજ જૈનોનું સૌથી પવિત્ર તીર્થ સ્થાન હોઈ ગિરિરાજ ઉપર તળેટીથી શિખર સુધી ગિરિરાજ કે ગિરિરાજની પવિત્રતાને જોખમ થાય તેમજ જૈનોનું મનદુઃખ થાય તેવી જૈન ધર્મના સિદ્ધાંતો અને પરંપરાઓ વિરૂધ્ધની કોઈપણ પ્રવૃત્તિ ના થઈ શકે.

શત્રુંજય ગિરિરાજ ઉપર આવેલા ગઢ અને અન્ય ધર્મ સ્થાનો આ ઉપરોક્ત ચુકાદા મુજબ જૈનોની સંપૂર્ણ માલિકીના નિયત થયેલા છે. *(તા. ૨૪-૧૨-૨૦૨૨)*

## આર.બી.આઈ. ગવર્નરની કચ્છ મુલાકાત

કચ્છની મુલાકાતે આવેલા આર.બી.આઈ. ગવર્નર શક્તિકાંત દાસે આજે ભુજના સ્મૃતિવન ભૂકંપ સ્મારક અને સંગ્રહાલયની મુલાકાત લીધી હતી. તેમની મુલાકાત દરમ્યાન તેમણે ૨૦૦૧ના ભૂકંપના પીડિતોના નામની પ્લેટ પર ફૂલ અર્પણ કરીને તેમને શ્રદ્ધાંજલી આપી હતી. તેમણે સ્મારક પર વિશ્વના સૌથી મોટા મિયાવાકી ફોરેસ્ટમાં એક વૃક્ષ પણ રોપ્યું હતું અને જણાવ્યું હતું કે, ‘સ્મૃતિવન ભૂકંપ સ્મારક અને સંગ્રહાલયની મુલાકાત લેવાનું અને ૨૦૦૧ના ભૂકંપની દુઃખદ ઘટનામાં જીવ ગુમાવનારાઓને શ્રદ્ધાંજલી આપવા માટે હું સન્માનિત છું. ૨૦૦૧ના ભૂકંપનો સાર અહીં ખૂબ જ સારી રીતે અંકિત કરવામાં આવ્યો છે. તે એક નમ્ર અનુભવ છે. તે આપણને શીખવે છે કે કુદરત આપણા જીવનમાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે. તે આપણને કુદરતનો આદર કરવાનું શીખવે છે.

*(તા. ૨૬-૧૨-૨૦૨૨)*

## પતંગ ઉડાડવાનો અમદાવાદનો ઇતિહાસ

★ **૧૪૭૫ :** અમદાવાદના સ્થાપક બાદશાહ અહમદશાહના શાસન દરમિયાન શાહ આલમ સાહેબે ઈ.સ. ૧૪૭૫ નાનપણમાં પતંગ ઉડાડતા ત્યારે એમના પિતા કુત્બે આલમ એમને વાંચવા લખવામાં ધ્યાન આપવાનું કહેતા હતા તેવો ઉલ્લેખ સૈયદ મહંમદ મકબૂલ આલમે લખેલ ‘જમઆતે શાહિયા’ નામના ગ્રંથમાં છે.

★ **૧૬૬૯ :** મુઘલકાળમાં ઔરંગઝેબના સમયમાં શાંતિવિજયના શિષ્ય માનવિજયગણિ ઈ.સ. ૧૬૬૯-૧૬૮૩માં રચેલા વૃષભદેવના સ્તવનમાં કહે છે કે ‘ગવાન તમે અમારાથી આગળ થશો તે કેમ ચાલે?’ જેમ આકાશમાં પતંગ ઘણે દૂર ઉડતો હોય પણ દોરીના જોરથી હાથમાં જ રહી શકે છે ને નીચે પણ લાવી શકાય છે.

★ **૧૭૫૦ :** ઈ.સ. ૧૭૫૦માં શામળ ભટ્ટે રચેલા ચંદ્ર ચંદ્રાવલિની વાર્તામાં પતંગ માટે ‘પડાઈ’ શબ્દ પ્રયોજ્યો છે અને લખ્યું છે કે ‘પ્રીતિ વતી છે પવનથી પદ્યની નામ પડાઈ સૂત્ર સંગ લઈ સંચરે પૂર પંડિત પરખાઈ.’

★ ભારતમાં એકમાત્ર પતંગ મ્યુઝિયમ અમદાવાદમાં આવેલું છે જેમાં દેશ વિદેશના ઉત્તમ કલાત્મક પતંગોનો સંગ્રહ છે.

★ આપણા દેશમાં પતંગની રમત ક્રિડાનો પ્રચાર મુસ્લિમોએ કર્યો છે. આજે પણ પતંગનો કસબ અને ધંધો નવાબી લખનૌ - અજમેરના મુસ્લિમ કારીગરોના હાથમાં છે.

★ પૂર્વ અગ્નિ એશિયા, ચીન, જાપાન, કોરિયા જેવા દેશોમાં પણ પતંગનું વિશેષ મહત્ત્વ છે.

★ પતંગની પરંપરા ઈ.સ. પૂર્વે ૨૦૦૦થી ચીનમાં થઈ અને વિશ્વ અને ભારતમાં ૧૨મી સદીમાં પ્રસરી હતી. જ્યારે ગુજરાતમાં અંદાજે ૯મી કે ૧૦મી સદીમાં શરૂઆત થઈ હોવાનું મનાય છે.

*જે માણસ પોતાનો સ્વભાવ પરિસ્થિતિને અનુકૂળ બનાવી શકે છે, એ માણસ આ જિંદગીના મંચ પરનો બેસ્ટ કલાકાર છે.*

# વિજ્ઞાન જગત / માહિતી જગત

**• સંકલન : રસીકલાલ ખીમજી મહેતા •**

*કચ્છશ્રુતિના જાન્યુઆરી-૨૦૨૩ના અંકથી એક નવી કોલમ "વિજ્ઞાન જગત / માહિતી જગત" શરૂ કરવામાં આવે છે. આશા છે કે તે વાચક વર્ગના જ્ઞાનમાં વધારો કરી શકશે અને તેની વિગતોથી વાચક વર્ગ જ્ઞાત થઈ શકશે.*

*– તંત્રી મંડળ*

## ધડાકા સાથે મોટો અવાજ સંભળાતા આંખ કેમ મિંચાઈ જાય છે?

આપણી આસપાસ ક્યારેક મોટો ફટાકડો ફૂટે કે કોઈ વજનદાર ચીજ પછડાય ત્યારે એનો અવાજ સાંભળતા જ આપણી આંખ મિંચાઈ જાય છે. એટલે કે આપણી પાંપણ ઝપકી જાય છે. આમ કેમ થતું હશે ખબર છે? આનું કારણ એ છે કે કાનના પડદા પર આવો કોઈ પણ અવાજ ઝીલાય ત્યારે એ સતત ધ્રુજે છે. આ ધ્રુજારી કાનના અંદરના હાડકામાં થઈ જ્ઞાનતંતુઓ સુધી પહોંચે છે. વળી, જ્ઞાનતંતુઓ દ્વારા મગજ સુધી પહોંચે છે. એનો અર્થ કે આ ધ્રુજારી મગજ સુધી પહોંચે ત્યારે મગજ આ ધ્રુજારીને ઓળખી પાડે છે. મગજમાં આખા શરીરની વ્યવસ્થાનું કામ ચાલતું હોય ત્યાં અચાનક જ એ ભયંકર ધ્રુજારીનો આંચકો આવતા જ્ઞાનતંતુઓના ફ્યુઝ ઉડી જાય છે. તેથી જો અચાનક જ્ઞાનતંતુઓ પર વધારે પડતી તાણ આવે ત્યારે જ્ઞાનતંતુઓ પોતાના છેડા છૂટા કરી લે છે. જ્ઞાનતંતુના છેડા છૂટા પડી જતાં શરીરના સ્નાયુઓ ઉપરથી કાબૂ જતો રહે છે. આ કારણોસર બધા સ્નાયુ ઢીલા પડી જાય છે. અચાનક ધડાકાનો અવાજ કાન પર સંભળાય ત્યારે મગજ સુધી ભયંકર ધ્રુજારી પહોંચે છે. એટલા માટે આંખની પાંપણ તરત જ મિંચાઈ જાય છે.

## પીવાનું પાણી ક્લોરીનથી કેવી રીતે શુદ્ધ થાય છે?

ક્લોરીન વાયુ શ્વાસમાં લેવાય તો ઝેરી અસર કરે છે. પરંતુ પીવાનું પાણી શુદ્ધ કરવા ક્લોરીન વપરાય છે. ક્લોરીન થોડો ઘણો ઝેરી હોવાથી પાણીમાંના જીવાણુઓનો નાશ કરવા માટે વપરાય છે. જો કે પાણીમાં ભળવાથી ક્લોરીન જુદી જુદી અસર કરે છે. ક્લોરીન તેના બે મોલેક્યુલમાંથી બનેલો છે. તેના બે મોલેક્યુલમાંથી એક પાણીમાં ક્લોરાઈડમાં ફેરવાય છે, તો બીજો તેનો એસિડ બનાવે છે. આ એસિડ ઓક્સિડાઈઝીંગ એજન્ટ છે. એટલે બેક્ટેરીયાના કોષની દીવાલનો નાશ કરે છે અને બેક્ટેરીયાને નિષ્ક્રિય બનાવે છે. બેક્ટેરીયાનો નાશ કરવો મુશ્કેલ કામ છે. તે નજરે દેખાતા નથી. વળી, ગાળીને પણ દૂર થઈ શકતા નથી. પાણી ગરમ કરવાથી પણ બધા બેક્ટેરીયાનો નાશ શક્ય નથી. મોટા જથ્થામાં પાણી ઉકાળીને પીવું તે વહેવારીક નથી. બેક્ટેરીયાનો નાશ કરવા માટે ક્લોરીન રાસાયણિક પ્રક્રિયા ઝડપી, સરળ અને ઓછી ખર્ચાળ છે. એટલે પાણી શુદ્ધ કરવા માટે ક્લોરીનની ટેબ્લેટ વપરાય છે.

## અવકાશ કેટલી ઊંચાઈએ શરૂ થાય?

સેટેલાઈટ, મિસાઈલ કે રોકેટને અવકાશમાં છોડ્યા એમ કહેવાય છે. પરંતુ આકાશ કેટલી ઊંચાઈએથી શરૂ થાય તે જાણો છો? આમ તો આકાશમાં ક્યાંય સરહદ હોતી નથી. પરંતુ હવા અને વાદળોનું વાતાવરણ પૃથ્વીની ચારે તરફ હોય છે. આકાશ અને અવકાશના તફાવતની સરળતા માટે વિજ્ઞાનીઓએ પૃથ્વીની આસપાસ રહેતા વાતાવરણના ચાર થર નક્કી કર્યા છે. પૃથ્વીની સપાટીથી ૧૫ કિ.મી. ઊંચાઈ સુધી હવા, વાદળો, પર્વતોની ટોચો, મેઘધનુષ્ય અને હવાના પ્રવાહો હોય છે. હવા, વાદળો અને વરસાદનું તોફાન આ થરમાં જ થાય છે. અંગ્રેજીમાં આ થરને ટ્રોપોસ્ફિયર કહે છે. વાતાવરણનો આ થર હવામાનને અસર કરે છે.

ત્યારબાદ લગભગ ૬૫ કિ.મી. ઊંચાઈ સુધી શાંત અને પાતળી હવાનો થર હોય છે. આ હવામાં ઓક્સિજન અણુઓ પણ છૂટાછવાયા હોય છે. આ થરને ટ્રોપોસ્ફિયર કહે છે. ઓઝોન વાયુ પણ આ સ્તરમાં બને છે. ટ્રોપોસ્ફિયર પછી ૪૦૦ કિ.મી.ની ઊંચાઈ સુધી આયનોસ્ફિયરનું પડ હોય છે. સંશોધન કરવા માટેના સેટેલાઈટ સંદેશ વ્યવહાર સેટેલાઈટને આ સ્તરમાં ઘુમતા મૂકાય છે. ૪૦૦ કિ.મી. પછીની ઊંચાઈએ હવા ખૂબ જ ઓછી હોય છે. આ ભાગને આપણે અવકાશ કહીએ તો ખોટું નથી. હવાનું

ઘર્ષણ આ સ્તરમાં હોતું નથી. એટલે સેટેલાઈટ તેની ભ્રમણકક્ષામાં આરામથી ઘૂમી શકે છે. પૃથ્વીના ગુરુત્વાકર્ષણને કારણે આ સ્તરો પૃથ્વીની સાથે ધરી પર ફરે છે. કોઈ હેલિકોપ્ટરને અવકાશમાં થોડી ઊંચાઈએ સ્થિર કરો તોય તે પૃથ્વી સાથે ફરતું રહે છે.

## આપણા ખોરાકની શક્તિ : કેલરી

આપણે જે ખોરાક લઈએ છીએ તેમાંથી આપણને શક્તિ મળે છે. આ શક્તિનું માપ કેલરીના પ્રમાણમાપથી કાઢવામાં આવે છે. કેલરી એટલે માત્ર ખોરાકમાંથી જ મળતી શક્તિ નહીં પરંતુ દરેક શક્તિનું માપ કેલરીમાં કાઢી શકાય. એક ગ્રામ પાણીના ઉષ્ણતામાનમાં ૧ ડિગ્રી સેલ્સિયસનો વધારો કરવા શક્તિ વપરાય તેને ૧ કેલરી કહેવાય છે. તમે ખાદ્ય પદાર્થોના પેકેટ ઉપર તે વસ્તુ ખાવાથી આપણને કેટલી કેલરી શક્તિ મળે તે દર્શાવેલું જોયું હશે. વિજ્ઞાનીઓએ ખોરાકના જુદા જુદા ઘટકોમાંથી કેટલી કેલરી મળે છે તે શોધી કાઢ્યું છે. તે મુજબ ૧ ગ્રામ કાર્બોહાઈડ્રેટ – ૪ કેલરી, ૧ ગ્રામ પ્રોટીન – ૪ કેલરી અને ૧ ગ્રામ ચરબીમાંથી ૯ કેલરી શક્તિ મળે છે. તંદુરસ્ત રહેવા માટે આપણે દરરોજ કેટલી શક્તિનો ઉપયોગ કરીએ છીએ તે મુજબ જ ખોરાક લેવો જોઈએ તેમ ડોક્ટરો ભલામણ કરતા હોય છે.

## એશિયા ખંડ વિશે આટલું જાણો

★ એશિયા, એ પૃથ્વી પરનો સૌથી મોટો, સૌથી વધુ વસતી ધરાવતો ખંડ છે. તે પૃથ્વીના જમીન વિસ્તારનો ૩૦ ટકા ભાગ ધરાવે છે.

★ વિશ્વના મોટાભાગના ધર્મ (હિંદુ, ઈસ્લામ, ખ્રિસ્તી, યહુદી, બૌદ્ધ, જરથોસ્ત)નું મૂળ એશિયામાં છે.

★ જંગલી વાઘ માત્ર એશિયામાં જ જોવા મળે છે, આફ્રિકામાં પણ નહીં.

★ એશિયા ખંડમાં ૪૮ દેશો છે. જેમાં સૌથી નાનો દેશ માલદીવ્સ છે.

★ વિશ્વના સૌથી વધુ વસતી ધરાવતા મોટા ૧૦ શહેરોમાંથી ૭ શહેરો એશિયામાં છે.

★ વિશ્વનું સૌથી ઊંચું શિખર માઉન્ટ એવરેસ્ટ અને સૌથી નીચું સ્થળ ડેડસી એશિયામાં છે.

★ વિશ્વનું સૌથી મોટું મંદિર અંગકોરવાટ એશિયામાં છે.

★ વિશ્વમાં પ્રથમ ખેતી અને વેપારની શરૂઆત એશિયામાં થયેલી છે.

## વિશ્વના સૌથી ઊંચા પાંચ ધોધ

★ **એન્જલ ફોલ્સ :** વેનેઝુએલામાં આવેલો આ ધોધ વિશ્વનો સૌથી ઊંચો ધોધ છે. બોલીવર રાજ્યમાં અયાન્તેપૂઈ પર્વત પરથી ૩૨૧૨ ફૂટની ઊંચાઈએથી પડતો આ ધોધ નાના મોટા ૪૭ ધોધનો સમૂહ છે. જેમાં સૌથી મોટો ૮૦૭ મીટર લંબાઈનો છે.

★ **ટુગેલા ફોલ્સ :** દક્ષિણ આફ્રિકાના નાતાલ ખાતે ટુગેલા નદી પરનો આ ધોધ ૩૧૧૦ ફૂટ ઊંચો છે. આ ધોધ પાંચ તબક્કામાં જમીન પર પછડાય છે.

★ **ઓલોપેના ફોલ્સ :** અમેરિકાના હવાઈમાં આવેલો આ ધોધ ૨૯૫૩ ફૂટની ઊંચાઈએથી પડે છે. આ ધોધ ઊંચા ખડક પરથી દરિયામાં પડે છે, તે તેની વિશેષતા છે. આ ધોધ જોવા માટે સમુદ્રમાં બોટ લઈને જવું પડે છે.

★ **યુમ્બીલા ફોલ્સ :** પેરૂના એમેઝોન પ્રાંતમાં આવેલો આ ધોધ ૨૯૩૮ ફૂટ ઊંચો છે અને ૪ તબક્કામાં જમીન પર પડે છે. આ ધોધ દરિયાની સપાટીથી ૮૯૫ મીટર ઊંચાઈએ આવેલો છે.

★ **વિનુકોસેન ફોલ્સ :** નોર્વેના સન્ડાલ નજીક વિનુ નદીનો આ ધોધ પર્વતમાળામાં ૨૮૨૦ ફૂટની ઊંચાઈએથી પડે છે. ૪ તબક્કામાં જમીન પર પછડાતો આ ધોધ યુરોપનો સૌથી ઊંચો ધોધ છે.

## અનંતા

*નિઃસ્વાર્થ લાગણી છે અનંતા*
*મિત્રતા આપણી છે અનંતા*

*સૂર મધુર ગોકુળમાં ગૂંજે*
*કૃષ્ણની વાંસળી છે અનંતા*

*યુગે યુગે ધરા પાવન કરતી,*
*આ ગંગા માવડી છે અનંતા.*

*કાવ્યોના મબલખ મોલ ઉપજે,*
*કવિમંચ કરે એવી વાવણી અનંતા.*

*કર્મ પ્રધાન છે જીવન તારો,*
*ગીતા કહે એ જ વાણી અનંતા.*

***દીપકપુરી ગોસ્વામી 'દર્દેદિલ' - ગાંધીધામ, કચ્છ***

*જિંદગીએ મને એક શિખવાડી દીધી – પોતે પોતાનાથી ખુશ રહેવું અને કોઈ પાસેથી કોઈ ઉમ્મીદ રાખવી નહીં.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## પ્રેમજીભાઈ ઠક્કરની ૪૭મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી સભા



"સંવેદનશૂન્યતા એ આજના યુગનો પ્રશ્ન છે અને એમાંથી છૂટવા માટે પ્રેમજીભાઈ જેવી ઉર્મિશીલતા અને સંવેદના કેળવવા જેવા તથા સ્વભાવમાં સમાવેશ કરવા જેવા છે. ૨૦૦૧ના ભૂકંપ સમયે લોકો ૧૯૫૭ના ભૂકંપ વખતે પ્રેમજીભાઈએ કરેલી કામગીરીનું સ્મરણ કરતા હતા. જ્યાં જ્યાં માણસો દર્દગ્રસ્ત હશે ત્યાં ત્યાં તેમનું ચારિત્ર દીવાદાંડી થઇ પથદર્શન કરી સંજીવનીનું કામ કરશે. તેમનો સાહિત્ય પ્રેમ અને ભાષાપ્રીતિ એમને સદાબહાર રાખતા હતા. પ્રેમજીભાઈ યુવાનોના પ્રેરણા મૂર્તિ રહ્યા છે." ઉપર્યુક્ત શબ્દો કચ્છના લોકનેતા તથા ગુજરાતના પૂર્વ મહેસૂલ તથા કાયદામંત્રી શ્રી પ્રેમજીભાઈ ભવાનજી ઠક્કરની ૪૭મી પુણ્યતિથિ પ્રસંગે યોજવામાં આવેલ કાર્યક્રમમાં અતિથિ વિશેષ શ્રી રમણીકભાઈ સોમેશ્વરએ ઉચ્ચાર્યા હતા.

અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં નામાંકિત સાહિત્યકાર શ્રી જયંતીભાઈ જોશી 'શબાબ' એ જણાવ્યું હતું કે, "મરણધર્મા સંસારમાં એવા વિરલ લોકો હોય છે, જેમની ખોટ કદીયે પૂરી નથી શકાતી. એવા લોકોમાં પ્રેમજીભાઈનું સ્થાન અગ્રીમ હરોળમાં છે. તેમનું જીવનચરિત્ર એવી પાતાળી આવનો કૂવો છે જેના પર સેંકડો કોશ બેસાડી દિવસ-રાત ઉલેચીએ તો પણ એમાંનું અમૃત ખૂટતું નથી. પ્રેમજીભાઈની પ્રતિભાને સમયનો કાટ નથી લાગતો. એ દિવસે દિવસે વધુ ઉજળી થતી રહે છે. સચદે પરિવાર લગભગ અડધી સદીથી પ્રેમજીભાઈની પુણ્યસ્મૃતિનો અભિષેક કરી રહ્યા છે, જે પોતામાં સુભગ-મંગલ-વિરલ ઘટના છે."

કાર્યક્રમના પ્રારંભમાં શ્રી પ્રેમજીભાઈ ભવાનજીભાઈ ઠક્કર મેમો. ચેરીટેબલ તાજેતરમાં ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ઉમા સ્નેહ રશ્મિ પારિતોષિકથી સન્માનિત થઇ, કચ્છને ગૌરવ અપાવવા બદલ શ્રી રમણીકભાઈ સોમેશ્વરનું શ્રી જયંતીભાઈ જોશી તથા શ્રી શંકરભાઈ સચદેએ શાલથી બહુમાન કર્યું હતું.

બી.ઈ. કોમ્પ્યુટર એન્જિનિયરીંગના ચોથા વર્ષમાં અભ્યાસ કરતા શ્રી દીપ ચેતનભાઈ જોશી - ભુજને ટ્રસ્ટ તરફથી, જ્યારે બી.ઈ. એન્જિનિયરીંગના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા શ્રી પરીન પંકજભાઈ ગોસ્વામી - ભુજ તથા શ્રી જય કીર્તિકુમાર વેગડ - ભુજને શ્રી શંકરભાઈ સચદે પરિવાર તરફથી સ્કોલરશિપ્સ શ્રી સોમેશ્વરના વરદ્ હસ્તે આપવામાં આવી હતી.

આ પ્રસંગે શ્રી મહેશભાઈ ઠક્કર, શ્રી શિવજીભાઈ આહીર, ડૉ. કાંતિભાઈ ગોર, શ્રી જોરૂભા જાડેજા, શ્રી સચીનભાઈ ગોર, શ્રી એમ. એસ. જથ્થમ, શ્રી મનુભા જાડેજા, શ્રી લાલજી મેવાડા, શ્રી હિતેશભાઈ ઠક્કર, શ્રી ઝવેરીભાઈ સોનેજી, શ્રી અરવિંદભાઈ નાથાણી, શ્રી ડી.પી. ઠક્કર, શ્રી અનવર નોડે, શ્રી એ.કે. શેખ, ડૉ. મહેન્દ્ર ઠક્કર, ડૉ. મિહિર વોરા, શ્રી જગદીશ મહેતા, શ્રી વિજય સચદે, શ્રીમતી કમળાબેન ઠક્કર તથા શ્રી ભુજ બાર એસોસિએશનના હોદ્દેદારો તથા સભ્યો શ્રી સચીન ગોર, શ્રી સંતોષસિંહ રાઠોડ, શ્રી ચિરાગ ઠક્કર, શ્રી સંજય કેનીયા, શ્રી બાબુલાલ ગોરડિયા, શ્રી વલ્લભભાઈ ગણાત્રા, શ્રી અશોક માંડલીયા, શ્રી અમીર અલી લોઢીયા, શ્રી દિનેશભાઈ ઠક્કર, શ્રી યશ સોલંકી વગેરે અગ્રણીઓએ શ્રી પ્રેમજીભાઈની પ્રતિમા તથા તૈલચિત્રને ફૂલહાર અર્પણ કરી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલી આપી હતી.

## મૂળ કચ્છના વતની અને ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ શાહની ગુજરાત ઇલેક્ટ્રીસિટી કમિશનની સપ્લાયકોડ રીવ્યુ પેનલમાં સતત ૧૨માં વર્ષે થયેલ નિમણુંક

ગુજરાત ઈલેક્ટ્રીસિટી રેગ્યુલેટરી કમિશન દ્વારા સપ્લાય કોડ રીવ્યુ પેનલની કલમ ૧-૧ના નિયમ મુજબ તા. ૦૧-૦૧-૨૦૨૩થી બે વર્ષ માટે સપ્લાય કોડ પેનલના સભ્યોની વરણી કરવામાં આવી છે. જેમાં સંસ્થાના ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ

શાહની વરણી કરવામાં આવેલ છે. શ્રી મહેન્દ્રભાઈ છેલ્લા ૧૨ વર્ષથી આ સપ્લાય કોડ રીવ્યુ પેનલના ઔદ્યોગિક વીજ ગ્રાહકના પ્રતિનિધિ તરીકે નિમણુંક પામીને જોડાયેલા રહ્યા છે. તેમનો અનુભવ અને કાર્યશીલતા અને ખાસ કરીને ઔદ્યોગિક વીજ ગ્રાહકોના હિતના રક્ષણ માટે જાગૃત રહીને રજુઆત કરતા રહ્યા છે. તેમનો બહોળો અનુભવ અને ઈલેક્ટ્રીસિટી એક્ટનો અભ્યાસ કરીને સતત કાર્યશીલ હોવાથી તેમને ફરી બે વર્ષ માટે નિમણૂંક આપવામાં આવી છે. શ્રી મહેન્દ્રભાઈ છેલ્લા ૪૦ વર્ષથી ઉદ્યોગોના વિવિધ પ્રશ્નો માટેની, તેમાંય ખાસ કરીને પોલીસી તેમજ એમ.એસ.એમ.ઈ.ના ઉદ્યોગકારોના પ્રશ્નો માટે સતત કાર્ય કરતા રહ્યા છે અને આ સંસ્થા સાથે પણ તેઓ છેલ્લા ૪૦ વર્ષથી વિવિધ હોદ્દા ઉપર કામગીરી કરી હાલમાં સંસ્થાનું ચેરમેનપદ સંભાળે છે. આ સિવાય તેઓ ભાવનગર કચ્છ સમાજના સ્થાપક પ્રમુખ છે અને સર તખ્તસિંહજી મહાજન વિશ્રાંતિ ગૃહના માનદ્ મંત્રી તરીકેની કામગીરી સંભાળી રહ્યા છે. ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા આજીવન સભ્યો મહેન્દ્રભાઈના માધ્યમથી ઈલેક્ટ્રીસિટી માટેની આ અગત્યની કમિટીમાં સંસ્થાને પ્રતિનિધિત્વ – સ્થાન મળવાથી હર્ષ અને આનંદની લાગણી અનુભવી રહ્યા છે.

## બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ સંચાલિત ભવનનું "નવનીત ગુજરાતી સમાજ ભવન" નામકરણ નવનીત ફાઉન્ડેશન તરફથી માતબર દાન મળ્યું

ગુજરાતી સમાજ સંચાલિત 'ગુજરાત ભવન' હવેથી 'નવનીત ગુજરાત સમાજ ભવન' તરીકે ઓળખાશે. કચ્છના જાણીતા નવનીત પરિવાર સ્થાપિત નવનીત ફાઉન્ડેશન તરફથી માતબર રકમનું દાન મળતાં સમાજ દ્વારા ભવનનું નામકરણ કરવામાં આવ્યું છે. બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજના સ્થાપક પ્રમુખ હેમરાજભાઈ શાહે દાન માટે વિનંતી કરી હતી. તા. ૨૭-૧૨-૨૦૨૨ના સમાજના ટ્રસ્ટીઓ અને કારોબારી સભ્યોની બેઠક ઓશિવારા લીંક રોડ પર આવેલા ગુજરાતી સમાજ ભવન ખાતે યોજાઈ હતી. જેમાં નવનીત પરિવારના સદસ્ય અનિલભાઈ ડુંગરશી ગાલા ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે વિનંતીનો સ્વીકાર કર્યો હતો. જેને ઉપસ્થિત સર્વેએ તાળીઓના ગડગડાટથી વધાવી લઈને આનંદ વ્યક્ત કર્યો હતો. કચ્છ રાયણના નવનીત પરિવારના નવનીત ફાઉન્ડેશન તરફથી આરોગ્ય, શિક્ષણ, એનિમલ અને જ્ઞાતિ ઉત્કર્ષના ક્ષેત્રે પાંચ દાયકાથી જ્ઞાનની ગંગા વહાવી છે. આરોગ્ય સેવા ક્ષેત્રે નવનીત હાઈટેક હોસ્પિટલ - દહીંસર, નવનીત ડાયાલિસીસ સેન્ટર - બોરીવલી, નવનીત જનરલ હોસ્પિટલ - મીરા રોડ, નવનીત હોસ્પિટલ - નાલાસોપારા, હીરા-મોંઘી હોસ્પિટલ - મુલુંડ, નવનીત રીસર્ચ હોસ્પિટલ એન્ડ ડાયાલિસીસ સેન્ટર - માંડવી, કચ્છ, નવનીત ઓપરેશન થિયેટર - કચ્છ, નવનીત જૈન હેલ્થ સેન્ટર - દાદરનો સમાવેશ થાય છે.

જ્ઞાતિ ઉત્કર્ષ માટે ડોંબીવલી અને રાયણ - કચ્છમાં નવનીત નગર એનિમલ વેલફેરમાં નવનીત ઓડિટોરીયમ અને હેલ્થકેર ફેસિલિટી ફોર એનિમલ (કચ્છ પ્રાગપુર), તો શિક્ષણ ક્ષેત્રે બે લાખ બાળકો અને યુવાનોને મદદ કરી છે. ૫૦ હજાર બાળકોને એજ્યુકેશન કીટ્સ આપી છે. શિક્ષકોને અપગ્રેડેશન માટે ટ્રેનિંગ અને વર્કશોપ કર્યા છે જેનો ૧૫ હજારથી વધુ શિક્ષકોને લાભ મળ્યો છે.

કચ્છમાં માંડવી નજીક નવનીત સિવિલ એન્જિનિયરીંગ કોલેજ, વીરાયતન વિદ્યાપીઠ સ્કુલ અને કોલેજ કેમ્પસ માટે અનુદાન આપ્યું છે. બીદડા સર્વોદય ટ્રસ્ટ અને ભોજાય સર્વોદય ટ્રસ્ટને દાન આપ્યું છે. એ જ રીતે અમદાવાદમાં પણ હેલ્થ સેન્ટર ચાલે છે. નવનીત પરિવાર તરફથી ૧૯૮૪થી રાયણમાં દરરોજ ૪૦૦ પરિવારોને વિનામૂલ્યે છાશ વિતરણ કરવામાં આવે છે. શનિવાર, તા. ૭ જાન્યુઆરીના સમાજ તરફથી યોજાયેલ ગિરનાર ઍવોર્ડ કાર્યક્રમમાં નવનીત પરિવારનું સન્માન કરાશે એમ પણ વધુમાં જણાવ્યું છે.

## કવિ મંચ સાહિત્ય પરિવાર દ્વારા રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે આત્મનાદ કાવ્ય સ્પર્ધા યોજાઈ

ગાંધીધામની સંસ્થા કવિમંચ સાહિત્ય પરિવાર દ્વારા સ્વામી વિવેકાનંદ જન્મજયંતી અને રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે સ્વામી વિવેકાનંદજીના સિદ્ધાંતોને અનુલક્ષીને કાવ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતભરના કવિઓ દ્વારા રચનાઓ કવિમિત્રો દ્વારા આવી હતી. જેમાં પ્રથમ ક્રમાંક પુષ્પક ગોસ્વામી, દ્વિતીય ક્રમાંક ક્રિષ્ના ગોરખા, તૃતીય ક્રમે ડૉ. નારદીબહેન પારેખ અને પાયલ મેઘાણી રહ્યા હતા. જ્યારે આશ્વાસન કૃતિઓમાં પાંચ કવિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં હાર્દિકાબહેન ગઢવી, બીજલ જગડ, કૌશલ્યાબા સોલંકી, પ્રકાશ કલસરીયા, સોનલબેન જેઠવા રહ્યા હતા.

કાવ્ય સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા કચ્છના જાણીતા

*બસ દિલ જીતવાનું ધ્યેય રાખો. દુનિયા જીતીને તો સિકંદર પણ ખાલી હાથે જ ગયો હતો.*

નર્મદ ચંદ્રક વિજેતા સાહિત્યકાર શ્રી ગૌતમભાઈ જોશીએ નિભાવી હતી. આયોજનને સફળ બનાવવા આયોજકોમાં દીપક પૂરી (દર્દે દિલ) તેમજ પૂજા ગઢવી (મંથના)એ જહેમત ઉઠાવી હતી.

## સૌરાષ્ટ્ર કચ્છ લીટરેચર ફેસ્ટીવલ-૨૦૨૩ની ભવ્ય શરૂઆત

ગુજરાતી લીટરેચર ફેસ્ટીવલને મોટો પ્રતિસાદ મળ્યા બાદ ફરી એક વખત રાબતા ગુજરાતી સાહિત્ય ગ્રુપ - બીજલબેન જગડ (સંસ્થાપક / અધ્યક્ષ) હાલ મુંબઈ, મૂળ સૌરાષ્ટ્રના વતની અને કવિમંચ સાહિત્ય પરિવાર - અધ્યક્ષ - દીપકપૂરી ગોસ્વામી (દર્દેદિલ), પૂજાબેન ગઢવી (મંથના) કચ્છ દ્વારા સૌરાષ્ટ્ર કચ્છ લીટરેચર ફેસ્ટીવલ ૨૦૨૩ (પદ્ય સ્પર્ધા) વિષય : પ્રીતનાં વચનો આયોજન કરવામાં આવી રહ્યું છે. સાહિત્યકાર મિત્રો મુંબઈ, સૌરાષ્ટ્ર, કચ્છ, અમેરીકા.

વોટ્સએપ અને ઇ-મેઇલ દ્વારા રચનાઓ પાઠવી ભાગ લઈ રહ્યા છે. સૌરાષ્ટ્ર - કચ્છ લીટરેચર ફેસ્ટીવલનાં સંચાલક પેનલ પ્રોત્સાહનરૂપે વિજેતાઓને મેડલ આપી બિરદાવવાના છે. તેઓ જણાવે છે કે આગામી સમયમાં રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતી સાહિત્ય, ગુજરાતી ભાષાને કેન્દ્રમાં રાખી આયોજન કરતા રહેશું. વધુ માહિતી માટે : ૮૫૯૧૬ ૫૦૦૧૨, ૯૫૩૭૦ ૧૬૧૯૮, ૯૮૨૪૮ ૬૭૭૮૮ પર સંપર્ક કરવો. ■

## વરિષ્ઠ નાગરિકો માટે નિયમો...

૧. મહેરબાની કરીને જ્યારે તમે વૉશરૂમની અંદર હો... ત્યારે વૉશરૂમના દરવાજા અંદરથી બંધ ન કરો. સ્ટુલ અથવા ખુરશી પર બેસો અને સ્નાન / શાવર લો. શાવર નીચે પણ ઊભા ન રહો અને નહાશો નહીં.
૨. કમોડ પર બેસતી વખતે / ઉઠતી વખતે તમારા WC (વેસ્ટર્ન કમોડ)ની નજીકની દિવાલ સાથે હેન્ડ હોલ્ડ જોડાયેલ રાખો.
૩. ખુરશી અથવા પલંગ પર બેસીને તમારા ટ્રાઉઝર / પાયજામા પહેરો. તેને ઊભા રહીને પહેરવાનો પ્રયાસ કરશો નહીં... કમોડ પર બેસીને પહેરો.
૪. જ્યારે તમે પથારીમાંથી ઉઠો છો... ત્યારે બેસવાની મુદ્રામાં જાવ અને ૩૦ સેકન્ડ રહો. અને પછી કોલ એટેન્ડ કરવા માટે ચાલતા પહેલા ૩૦ સેકન્ડ સુધી બેડ પાસે ઉભા રહો. ... ખાસ કરીને રાત્રે... જાગી ગયા તો(?)
૫. બાથરૂમ કે વોશ રૂમની કે ઘરની ભીના ટાઇલ્સ કે પથ્થર પર ચાલશો નહીં.
૬. પંખા, ફોટા અને સૂકવવાના કપડા વગેરેની મરામત / સાફ કરવા માટે સ્ટુલ / ખુરશી / બેન્ચ પર ચડવાનું ટાળો.
૭. કોઈપણ વાહન એકલા ચલાવવાનું ટાળો. કોઈને તમારી સાથે આવવા દો.
૮. કૃપા કરીને શીડ્યુલ / ડોક્ટરની સલાહ મુજબ દવા લો. (ભૂલ્યા વગર દવા નિયમિત લો.)
૯. ઇચ્છાઓ સાથે સમાધાન કરશો નહીં. કોઈપણ, જે વસ્તુ તમને ખુશ રાખે છે.
૧૦. જ્યારે તમે બેંક, માર્કેટ, શોપિંગ મોલ વગેરે જાવ ત્યારે કૃપા કરીને તમારા જીવનસાથી કે બાળકોની સાથે જાવ.
૧૧. જ્યારે તમે ઘરે એકલા હો ત્યારે મહેરબાની કરીને અજાણ્યા લોકો આવે તેમનું મનોરંજન કરશો નહીં અને હંમેશાં સાવધાન રહો.
૧૨. હંમેશાં મુખ્ય દરવાજાની બે ચાવીઓ રાખો. એક તમારી સાથે અને બીજી તમારી પત્નીને આપી રાખો.
૧૩. ઇમરજન્સી માટે કોલ કરવા માટે બેડરૂમમાં કોલ-બેલ હોય તો સારું.
૧૪. નમ્ર અને નરમ બનો. તમે જેની સાથે રહો છો તે વ્યક્તિની સાથે બોલો.
૧૫. ભૂતકાળ અથવા ભવિષ્ય વિશે વિચારશો નહીં. તમારા માટે વર્તમાન વાસ્તવિક અને ખૂબ મૂલ્યવાન છે.
૧૬. આ ઉંમરે મનની શાંતિ, સારું સ્વાસ્થ્ય, સુખ અને સ્વસ્થ સંબંધો જાળવવા ખૂબ જ જરૂરી છે.

*મહત્ત્વપૂર્ણ વિચારો અને કાળજી લો...*

*મહેરબાની કરીને શાંતિથી જીવો...*

***(વોટ્સએપ સમાચારના આધારે)***

### ગુજરાત

*આ*
*ગાંધીનું ગુજરાત છે*
*પણ*
*હવે*
*ગુજરાત*
*ગાંધીનું નથી રહ્યું.*

***રજનીકાંત ઓઝા - ભુજ, કચ્છ***

*હોંશિયાર માણસથી ભૂલો થાય તેવું ક્યારેક બને છે, પરંતુ ભૂલોથી માણસ હોંશિયાર થાય તેવું જરૂર બને છે.*

## નવનીત એજ્યુકેશન્સ લિમિટેડના ડાયરેક્ટર

# શ્રી શાંતિલાલભાઈ ગાલાની વસમી વિદાયના સમયે તેમને શ્રદ્ધાંજલી



**શ્રી શાંતિલાલભાઈ ગાલા**

**(ઉંમર : વર્ષ ૮૦)**

નવનીત પરિવારની પ્રથમ પેઢીના અંતિમ મોભી શ્રી શાંતિલાલભાઈ ગાલાનું અમદાવાદ ખાતે સોમવાર, તા. ૧૯-૧૨-૨૦૨૨ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેઓશ્રી નવનીત પરિવારની પેઢીના ૬ ભાઈઓમાં સૌથી નાના ભાઈ હતા. વડીલ બંધુઓની અગાઉ વિવિધ સમયે વિદાય બાદ સૌથી નાના ભાઈની વિદાય ખૂબ જ આઘાતજનક રહેવા પામેલ હતી.

તેઓશ્રી કચ્છમાં મૂળ માંડવી તાલુકાના મોટી રાયણ ગામના વતની હતા. તેમના પિતાશ્રી શ્રી રામજી તેજશી ગાલા વર્ષો અગાઉ અર્થોપાર્જન અર્થે મુંબઈ જઈ કરીયાણાનો વ્યાપાર કરતા હતા. તેમના અવસાન બાદ તેમના સુપુત્રોશ્રીઓએ ધનલાલ બ્રધર્સના નામથી પુસ્તક વિક્રેતા તરીકે વર્ષ ૧૯૪૫માં મુંબઈમાં વ્યવસાયની શરૂઆત કરેલ હતી. ત્યારબાદ તેઓશ્રીએ વર્ષ ૧૯૫૯માં નવનીત પબ્લિકેશન્સના નામે પ્રકાશન ક્ષેત્રે ઝંપલાવ્યું હતું.

ધંધાનો વિકાસ થતા શ્રી લાલજીભાઈ તથા શ્રી શાંતિલાલભાઈ પ્રથમ અમદાવાદ આવી પ્રેસની શરૂઆત કરેલ હતી. ત્યારબાદ શ્રી છોટુભાઈ પણ અમદાવાદ સ્થિર થયેલ હતા. ત્રણે ભાઈઓએ સાથે રહીને અમદાવાદમાં પ્રિન્ટીં તથા પ્રકાશન વિભાગને વિશાળ માત્રામાં વધારેલ હતું.

૧૮ ડિસેમ્બર, ૧૯૮૪ના નવનીત પબ્લિક લિમિટેડ કંપની બની. છેલ્લા ૧૫ વર્ષથી તેઓ નવનીત એજ્યુકેશન્સ લિમિટેડના નામથી પણ ઓળખાય છે. હાલે તેઓશ્રીના ૪૦૦૦થી પણ વધુ પ્રકાશનો થઈ ચૂકેલ છે. ૩૨૦૦થી વધુ કર્મચારીઓ સ્ટાફમાં છે. તેઓશ્રી મુંબઈ, અમદાવાદ સિવાય સેલવાસમાં સ્ટેશનરી ઉત્પાદન કરે છે અને ત્યાંથી ૨૫ જેટલા દેશોમાં તેની નિકાસ કરે છે. તેઓનું હાલનું ટર્નઓવર રૂા. ૧૫૦૦ કરોડથી પણ વધુનું છે.

એક કચ્છી પરિવારની વ્યાપાર ક્ષેત્રની આ સિદ્ધિ અવર્ણનીય છે.

તેઓશ્રીની સખાવતો વિશાળ માત્રામાં છે. કચ્છમાં મોટી રાયણ, માંડવી, બીદડા, ભુજ તેમજ અમદાવાદ, મુંબઈ વગેરે ભારતભરના અનેક ગામડાં અને શહેરોમાં નવનીતના નામે અસંખ્યાત માત્રામાં માતબર ડોનેશન્સ આપેલ છે. પાનાના પાનાઓ ભરાય તેટલી વિશાળ સંખ્યામાં તેઓશ્રીના પરિવારે આપેલ ડોનેશન્સની નોંધ લઈ શકાય તેવી છે. તેમને આંગણે ગયેલ સેવાભાવી કાર્યકર ખાલી હાથે પાછો ફરેલ હોય તેવું ભાગ્યે જ બનેલ હશે. જીવદયાના ક્ષેત્રે પણ તેમના ડોનેશન્સ અસંખ્યની સંખ્યામાં છે. અનેક પાંજરાપોળોમાં પણ નિયમિતપણે તેમના તરફથી ડોનેશન્સની રકમ સારા એવા પ્રમાણમાં મોકલી આપવામાં આવેલ છે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યકર તેમને ત્યાંથી હરહંમેશ ડોનેશન્સ મેળવતા રહ્યા છે. તેમને ત્યાં ગયેલ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યકર ડોનેશન્સના વચન લીધા વગર એક પણ વખત પરત ફરેલ હોય તેવો દાખલો નથી. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ'માં છેલ્લા કેટલાયે સમયથી નિયમિતપણે તેમની જાહેરાતો પ્રસારિત થતી રહે છે.

હાલે અમદાવાદ ખાતે તેઓશ્રીની બીજી પેઢીના શ્રી રાજુભાઈ ગાલા, શ્રી કલ્પેશભાઈ ગાલા તથા શ્રી સંદીપભાઈ ગાલા તેમનો વ્યવસાય સંભાળી રહેલ છે. તેઓશ્રીએ અમદાવાદના મુખ્યત્વે બોપલ વિસ્તારમાં કન્સ્ટ્રક્શન ક્ષેત્રે પણ ''ગાલા ઈન્ફ્રા''ના નામે અવર્ણનીય પ્રગતિ સાધેલ છે.

આ એક ઉમદા પરિવારના શ્રી શાંતિલાલભાઈ ગાલાએ જ્યારે વિદાય લીધેલ છે ત્યારે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તેમને નત મસ્તકે વંદન કરે છે.

**અશોક મહેતા**

**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

**તથા સમગ્ર ટ્રસ્ટી ગણ અને કારોબારી સમિતિના સભ્યો**

# શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન

શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન દ્વારા સી.જી. રોડ પર જલારામ બોયસ હોસ્ટેલનું લોકાર્પણ ડૉ. નીમાબેન આચાર્યના વરદ્ હસ્તે પૂ. જાનકીદાસજી બાપુ, પૂ. ત્રિકાલદાસજી બાપુ તથા પૂજ્ય ચંદુમાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. આ પ્રસંગે મુખ્ય સહયોગી પરિવાર માતુશ્રી રૂક્ષ્મણીબેન કાંતિલાલ વસ્તારામભાઈ પૂજારા પરિવાર તથા સહયોગી પરિવારો શ્રી રામજીભાઈ શંકરલાલ કોટક પરિવાર, શ્રી જગદીશભાઈ શિવરામભાઈ મજીઠિયા પરિવાર, શ્રી ગીરીશભાઈ છોટાલાલ રૈયા પરિવાર, શ્રી રઘુરામભાઈ વશરામભાઈ રાચ્છ પરિવાર, શ્રી ફૂલચંદભાઈ કુંવરજીભાઈ આચાર્ય પરિવાર, શ્રી નીતિનભાઈ ઠક્કર પરિવાર - માધાપર, શ્રી હિમાંશુભાઈ ભાઈલાલભાઈ ઠક્કર પરિવાર અને અન્ય દાતાશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

લગભગ ૪૫ વિદ્યાર્થીઓ અત્યંત આધુનિક સુવિધાઓ સાથે સાત્ત્વિક ભોજન અને નાસ્તો મેળવી અને અભ્યાસ કરી શકે તે માટે સૌ દાતાશ્રીઓના સાથ સહકારથી આ કાર્ય સંપન્ન કરવામાં આવ્યું. અત્રે સંતોએ પણ ખૂબ પ્રેરણાદાયી ઉદ્બોધનો કર્યા હતા. સૌ દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સાથે સાથે દીકરીઓ માટે હજુ પણ અમદાવાદમાં ખૂબ મોટી જરૂરિયાત હોવાથી બંગલો અથવા પ્લોટ લઈ સત્વરે આગળ વધવા માટે દાતાશ્રીઓએ સમાજની ટીમને પ્રોત્સાહન આપ્યું હતું. શ્રી અનિલભાઈ પૂજારા, શ્રી વી. આર. ગોપાણી તથા શ્રી ગીરીશભાઈ છોટાલાલ રૈયાએ માતબર રકમનું અનુદાન નવા પ્રોજેક્ટ માટે જાહેર કર્યું હતું. મુખ્ય સહયોગી શ્રી અનિલભાઈ પૂજારાએ જણાવ્યું હતું કે મા પ્રત્યેની લાગણીની સામે આ રકમ ખૂબ નહિંવત છે. તેમણે ઉપસ્થિત સૌ લોકોને પણ મા ની મહત્તા અને મમતા સમજાવી હતી. અન્ય દાતાશ્રીઓએ પણ અનુદાનની જાહેરાત કરી હતી અને કાર્યકર્તાઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો. સમગ્ર ટીમે પણ આગામી છ માસની અંદર કન્યા છાત્રાલય માટે યોગ્ય વ્યવસ્થા કરવા માટે પોતાની કટીબધ્ધતા વ્યક્ત કરી હતી.

શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહિલા મંડળ દ્વારા આનંદના ગરબાનું પણ સુંદર આયોજન મહિલા મંડળના પ્રમુખ સુશ્રી દક્ષાબેન હાલાણી અને સમગ્ર ટીમ દ્વારા પૂજ્ય ભાવનાબેન ગોકલાણીની ઉપસ્થિતિમાં તેમના દ્વારા કરવામાં આવેલ.

પ્રમુખ શ્રી જગદીશભાઈ મજીઠિયા અને સમગ્ર ટીમે ખૂબ મહેનત કરીને કાર્યક્રમને ચાર ચાંદ લગાડી દીધા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના ઉપપ્રમુખ શ્રી હિમાંશુભાઈ ઠક્કરે કર્યું હતું.









*હાલ પૂછવાથી કોઈ સારું નથી થઈ જતું પણ એક આશા મળે છે કે દુનિયાની ભીડમાં પણ કોઈ આપણું છે.*

## જાહેર જનતાના ઉપયોગ માટે મોર્ગ્યુ ફ્રીઝરનું ડોનેશન અપાયું

શનિવાર, તા. ૭-૧-૨૦૨૩ના રોજ સ્વ. માતુશ્રી અ.સૌ. લીલાવંતીબેન (લક્ષ્મીબેન) પ્રધાનભાઈ ખીચડા (ભાનુશાલી)ના મોક્ષાર્થે શ્રી પ્રધાનભાઈ ગોવિંદજીભાઈ ખીચડા પરિવાર (કચ્છ ગામ તેરા હાલે અમદાવાદ) તરફથી સમસ્ત સમાજને ઉપયોગી થાય તે હેતુથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને તેમના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે એક મોર્ગ્યુ ફ્રીઝર (શબ પેટી)નું દાન આપવામાં આવેલ છે.

આ સમયે દાતા પરિવાર તરફથી શ્રી મનીષભાઈ ભાનુશાલી, શ્રીમતી મનીષાબેન મનીષભાઈ ભાનુશાલી, શ્રી રાજુભાઈ ભાનુશાલી, શ્રી જગદીશભાઈ ભાનુશાલી, શ્રી ભરતભાઈ ભાનુશાલી વગેરે ઉપસ્થિત રહેલ હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ, ઉપપ્રમુખ શ્રી હિરેન કે. શાહ, માનદ્ મંત્રી શ્રી રજનીકાંતભાઈ પારેખ, પૂર્વ પ્રમુખ ડૉ. ચંદ્રકાંત દેઢિયા, પૂર્વ પ્રમુખ શ્રી અશોક મહેતા તથા ટ્રસ્ટીશ્રી અને પાલડી ખાતેની મેડિકલ સમિતિના કન્વીનર શ્રી અશ્વિનભાઈ સાવલા ઉપસ્થિત રહેલ હતા.

જે રીતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી તબીબી સાધનો ભાડે આપવાની યોજના ચાલુ છે તેમાં આ શબ પેટીનો વધારો થયેલ છે. આ સાધનો ખૂબ જ નજીવા દરે જરૂરિયાતવાળા પરિવારને ભાડે આપવાનું સેવાકાર્ય નિયમિતપણે ચાલે છે.

આ સમયે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા શ્રી કચ્છી ભાનુશાલી સમાજ - અમદાવાદ અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ચાલતી સેવાકીય પ્રવૃત્તિઓ વિશે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી.

શ્રી પ્રધાનભાઈ ભાનુશાલી પરિવાર તરફથી આચરવામાં આવેલ આ સરાહનીય કૃત્ય બદલ તેઓશ્રીનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવેલ હતો.

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### શુભ લગ્ન

- **સોમવાર, તા. ૧૨-૧૨-૨૦૨૨**
  શ્રીમતી દિપ્તિબેન તથા શ્રી જીતકુમાર શાહ (ગાલા)ના સુપુત્ર **ચિ. દિશાંત**ના *શુભ લગ્ન* શ્રીમતી સીમ્પલબેન તથા શ્રી કિરણભાઈ શાહની સુપુત્રી **ચિ. મનાલી** સાથે અગ્રસેન ફાઉન્ડેશન હોલ, સેલા, અમદાવાદ ખાતે યોજાયેલ હતા.
- **ગુરૂવાર, તા. ૫-૧-૨૦૨૩**
  શ્રીમતી શીતલબેન તથા શ્રી કૌશિકભાઈ મજીઠિયાની સુપુત્રી **ચિ. માલવિકા**ના *શુભ લગ્ન* શ્રીમતી સેજલબેન તથા શ્રી દીપકભાઈ ગોરડિયાના સુપુત્ર **ચિ. અનુજ** સાથે બાગબાન આમકુંડ, રાંચરડા, અમદાવાદ ખાતે યોજાયેલ હતા.

*નવદંપતિઓને આશિર્વાદ સાથે શુભેચ્છા.*

### અવસાન નોંધ

- **શુક્રવાર, તા. ૯-૧૨-૨૦૨૨**
  **માતુશ્રી લીલાવંતીબેન (લક્ષ્મીબેન) પ્રધાનભાઈ ગોવિંદજીભાઈ ખીચડા (ભાનુશાલી)** (ઉં.વ. ૮૨) (તેરા – અમદાવાદ)નું આજરોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **સોમવાર, તા. ૧૯-૧૨-૨૦૨૨**
  **માતુશ્રી શાંતાબેન ખીમજીભાઈ મહેતા** (ઉં.વ. ૯૦) (બેલા – અમદાવાદ)નું આજરોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **સોમવાર, તા. ૧૯-૧૨-૨૦૨૨**
  **શાંતિભાઈ રામજીભાઈ ગાલા** (ઉં.વ. ૮૦) (મોટી રાયણ – અમદાવાદ)નું આજરોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **શુક્રવાર, તા. ૨૩-૧૨-૨૦૨૨**
  **શિરીષભાઈ નાનાલાલભાઈ કોરડિયા** (ઉં.વ. ૬૨) (ફતેહગઢ – અમદાવાદ)નું આજરોજ દુઃખદ અવસાન થયેલ છે.

*સદ્ગતશ્રીઓના આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.*

*જિંદગીમાં જે વસ્તુ જરૂરિયાત કરતાં વધારે હોય તે ઝેર કહેવાય. પછી ભલે તે તાકાત હોય, ધન હોય, વિદ્યા હોય, ભૂખ હોય, લાલચ હોય, અભિમાન હોય, પ્રેમ હોય, પ્રશંસા હોય, નફરત હોય કે પછી અમૃત હોય.*

**– ચાણક્ય**

*મનુષ્ય એટલો ડરપોક છે કે તે સ્વપ્નમાં પણ ડરી જાય છે અને એટલો બહાદુર છે કે તે જાગતો હોય ત્યારે ભગવાનથી પણ નથી ડરતો.*


sharpex
forest & garden solutions
TURN YOUR
GREEN DREAMS
INTO REALITY FOR YOUR FACTORY,
BUNGALOW & FARMHOUSE
INDIA'S LARGEST SELLING
ZERO MAINTENANCE
ELECTRIC LAWN MOWERS
Pot Trolley
Eco Chair
Flower Pot Stands
Bird Bracket
Deko Chips
info@sharpex.com | www.sharpexindia.com | Toll Free: 1800 313 3303
Follow Sharpex Gardening Community On
Our Online Partners: amazon.in Flipkart


PRECISION
IN BEARING CAGES
PERFECTION
IN AUTOMOTIVE COMPONENTS
HARSHA
ENGINEERS
www.harshaengineers.com
PRODUCTS & PROCESS EXCELLENCE THROUGH TPM
CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION
BRASS CAGES
• CYLINDRICAL ROLLER CAGES
• SPHERICAL ROLLER CAGES
• DEEP GROOVE CAGES
• ANGULAR CONTACT CAGES
• THRUST ROLLER CAGES
• TAPER ROLLER CAGES
STEEL CAGES
• DEEP GROOVE CAGES
• TAPER ROLLER CAGES
• SPHERICAL ROLLER CAGES
• CYLINDRICAL ROLLER CAGES
• ANGULAR CONTACT CAGES
• THRUST ROLLER CAGES
POLYAMIDE CAGES
• DEEP GROOVE CAGES
• ANGULAR CONTACT CAGES
• TAPER ROLLER CAGES
• CYLINDRICAL ROLLER CAGES
STAMPED COMPONENTS
• AUTOMOTIVE INDUSTRY
• BEARING & SEALING
• ELECTRICAL & APPLIANCE INDUSTRY
• SPECIAL APPLICATION
BRONZE BUSH & CASTINGS
• PRECISE BRONZE BUSHES
• CENTRIFUGAL AND SAND CASTINGS
INDIA
Harsha Engineers International Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar,
Ahmedabad-382213, Gujarat.
Phone. +91 2717 618200
E-mail: marketing@harshaengineers.com
CHINA
Harsha Precision Bearing Components (China) Co., Ltd.
No. 10 Fuhua Road, Bixi District Changshu City,
Jiangsu Province, China.
Phone: +86-(0)512-52265381
E-mail: mktg@harshaengineers.cn.com
ROMANIA
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romnania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com

Shashikant Pindoria
+91 94276 09013
+91 97141 09013

JAY AMBE HIMCHAR PVT. LTD.
Dehgam-Modasa Road, SAMPA, Ta. Dehgam, Dist. Gandhinagar.

Madhusudan
COOL STORES PVT. LTD.
Nr. Ranasan Char Rasta,
Ramosh, Ta. : Dhasura, Dist. Arvalli.

VINOD
Cool Stores Pvt. Ltd.
Ahmedabad - Himatnagar Highway,
N.H. No.-8, Limbadia, Dist. Gandhinagar.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના
એક સભ્ય એવા
એક શુભેચ્છક તરફથી

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના
ભૂતપૂર્વ હોદ્દેદાર એવા
એક શુભેચ્છક તરફથી



INDOTEX
PAINTS
• DURABLE • DECORATIVE • PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

શુભેચ્છા સહ....
હસમુખ ખીમજી મહેતા

khadi
VEDA
Essence of Nature
HAIR CARE | MEDICATED | BODY CARE
WELLNESS | BEAUTY & FACE CARE



હસમુખભાઈ એન. પટેલ
મો. ૯૮૭૯૬ ૦૮૦૫૧
કાંતિભાઈ એન. પટેલ
મો. ૯૮૭૯૬ ૦૮૦૫૩
વિનોદભાઈ એન. પટેલ
મો. ૯૮૭૯૬ ૦૮૦૫૪
॥ શાશ્વત બિલ્ડર્સ ॥
૫૦૧, શાશ્વત આર્કેડ, ભુલાભાઈ પાર્ક ચાર રસ્તા, અમદાવાદ.

फ्रूटी भी, ज्युसी भी और मिल्की भी
सब' मस्त है!



MICHI'S
Candies & Toffees
Manufacturer & Marketer of Confectionery Products
JRJ FOODS PVT. LTD.
#314 / 315, G.I.D.C., Phase 1, Chhatral, Taluka Kalol, Dist. Gandhinagar - 382 729. Gujarat INDIA
Phone : +91-2764-234400 / 11 / 12 • Cell : +91 99090 23957/58 • Fax : +91-2764-234200
E-mail : salessupport@jrjfoods.com • Website : www.jrjfoods.com facebook.com/MichisTreats

Registered under Postal Registration No. GAMC-1028/2021-2023 Valid Upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division permitted to post at Ahmedabad PSO on 15th of Every Month. ■ RNI No. of RNP is 46515/87 ■ Published on 10th of Every Month

**ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.**
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ-૬.
Tel. : 26400969 (M) 70432 16674

**બેંકની વિવિધ સગવડો**

- FDR વ્યાજ upto 7.75% @ with monthly Interest
- Flexi બચત ખાતા અને ચાલુ ખાતામાં વ્યાજ Max 5% @*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book charges : Nil*
- ATM CARD ■ LOCKERS ■ Free SMS Alert
- રૂા. ૬ કરોડ સુધીની તત્કાલ લોન ■ ગ્રૂપ લીમીટ રૂા. ૧૫ કરોડ
- Online RTGS પેમેન્ટ / Inward રીસીપ્ટની લેટેસ્ટ ફેસેલીટી
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

*Condition apply

■ ચાલુ વર્ષમાં Fastest Growing Bank - Business Growth 50% @ p.a.

**Patel Tours & Travels®**
CENTRALISE NO. : (079) 2681 8788, 88661 55888

AHMEDABAD / ANJAR / BARODA
BHUJ / GANDHIDHAM / MUNDRA
JAMNAGAR / JUNAGADH / MUMBAI
PUNE / RAJKOT / SURAT

BUS AVAILABLE HIRE :
A.C. NON A.C. 3X2 & VOLVO 2X2 BUS
(A.C., NON A.C. SLEEPER)

PARCEL SERVICE AVAILABLE ALL ROUTE
PAY & TO PAY E-mail : patelinn@yahoo.com
Online Booking: www.pttbus.in

Parbatbhai Patel
M. : 98240 62711

**Shivam Packaging**
**Shiv Packing Industries**
સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ ● પી.વી.સી., પી.પી. રોલ અને રીમ, પી.પી. સુતળી, વુડન રોલ ● વાંસની પટ્ટી, H.M., L.D., P.P. Bags, કાફ્ટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ બોક્સ

Opp. Dwarkadhish Estate, Outside Chandola Old Tol Naka, Near Bombay Hotel, Narol Road, Ahmedabad-382 405.
Ph. : (O) 25394011, 25394311

**Mahalaxmi INFRACONTRACT PVT. LTD.**
Mining for Better Tomorrow

• Corporate Office •
B-21, Corporate House,
Opp. Pakvan-2, S. G. Highway,
Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
E-mail : mahalaxmi@miplgroups.com
Website : www.miplgroups.com

आत्मनिर्भर
Everything that is in other's control is painful. All that is in self control is happiness.

**AMBICA TIMBER MART**
logs. lumber. select veneers.
Opp. The Grand Bhagwati,
S.G. Road, Bodakdev, Ahmedabad-54.
Tel. : 079-26855764, 26852438
E-mail : ambica9002@yahoo.co.in

અમદાવાદની સ્થાપનાથી તેના હેરિટેજ સ્ટેટસ સહિત અને વર્ષ 2022 સુધીના વિકાસની અપડેટેડ વિગતો.

**અમદાવાદ ગૌરવગાથા**
અગણિત ફોટોગ્રાફ સહિત
રસપ્રદ અને રોમાંચક માહિતી
ડૉ. માણેક પટેલ 'સેતુ'
કિંમત રૂ. 1600

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-1, ફોન : 09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, અમદાવાદ-15
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ : gurjarprakashan@gmail.com

**ફ્યુઝન કિડની કેર પ્રા. લી.**
FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions

**ડો.હિમાંશુ શાહ** [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઇન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

**JAY ENTERPRISE**
Products : Salt Speckles, Rock Salt (Sendha Namak), Rock Salt Sujji, Black Salt (Sanchar) & All Types of Edible & Industrial Salt

C/3, Bharat Small Industrial Estate, B/h. Gujarat Offset,
Nr. Railway Over Bridge Road, Vatva, Ahmedabad-382 445.
E-mail : jay.enterprise@hotmail.com ■ Mobile : 99989 90899

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram, Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/- (15 Years)